વર્ષ : ૬૩ ■ અંક : ૧૫ ■ તા.૦૧-૦૮-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



- સેમિકોન ઇન્ડિયા - ૨૦૨૩ સંપન્ન
- સૌની યોજનાના પેકેજ - ૮ અને ૯ જનસમર્પિત
- રાજકોટ શહેરને મળ્યા રૂ. ૨૩૪ કરોડના વિકાસ પ્રકલ્પો
- અતિવૃષ્ટીગ્રસ્ત સૌરાષ્ટ્રના જિલ્લાઓને ઝડપથી બેઠા કરવાની પ્રતિબધ્ધતા



## ગુજરાતના પ્રથમ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનો પ્રારંભ

# વિશ્વના નકશામાં રાજકોટને મળી નવી ઓળખ







## સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે ગુજરાતનું આગેકદમ









# શબ્દશઃ



- ગુજરાત પૉલિસીડ્રીવન સ્ટેટ છે.
- પારદર્શક, સફળ અને ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી પૉલિસીઝના પરિણામે ગુજરાત અનેક ગ્લોબલ કંપની માટે બિઝનેસ સેન્ટર બન્યું છે.
- વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સેમિકન્ડકટર મૅન્યુફેક્ચરિંગમાં ગુજરાત દેશનું હબ બનશે.
- ગુજરાત સેમિકન્ડકટર પૉલિસી લાવનાર દેશનું પ્રથમ રાજ્ય છે.
- ભારતને સેમિકન્ડકટર ક્ષેત્રમાં ગ્લોબલ પ્લેયર બનાવવાનું વડાપ્રધાનશ્રીનું વિઝન છે.
- ગુજરાતે સેમિકન્ડકટર પૉલિસી અંતર્ગત અનેક આકર્ષક લાભ અને ઇન્સેન્ટિવ્સની વ્યવસ્થા કરી છે.
- ગુજરાતમાં આજે વૈશ્વિક કક્ષાનું લૉજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે.
- ધોલેરા એક સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન તરીકે વિકસિત થઈ રહ્યું છે.
- ધોલેરામાં સ્ટેટ ઑફ ધિ આર્ટ ઇન્ડસ્ટ્રિયલ યુટિલિટીઝ ઉપલબ્ધ છે.
- ધોલેરામાં ઉપલબ્ધ આ ઇન્ડસ્ટ્રિયલ સુવિધાઓ, સેમિકન્ડકટર જેવા વૈશ્વિક માંગ ધરાવતા ક્ષેત્ર માટે શ્રેષ્ઠ વ્યૂહાત્મક સ્થળ છે.

(મુખ્યમંત્રીશ્રીએ બીજી સેમિકોન ઇન્ડિયા સમિટના પ્રારંભ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)


**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ■ Issue : 15 ■ Date : 01 - 08 - 2023

**તંત્રી** : ધીરજ પારેખ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# આકર્ષણ


6 સંવાદ : મન કી બાત

24 વિકાસયાત્રા

31 ગૌરવ

34 નિર્ણય

38 G-20 વિશેષ


44 પ્રવાસન

45 સિદ્ધિ

આણંદનો ઋતુરાજ ભૂમિદળમાં બન્યો 'જજ એડવોકેટ જનરલ ઑફિસર'

46 સમાચાર વિશેષ

50 ક્વિઝ

વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો **તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**ના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી


10 ઉડાન

ગુજરાતના પ્રથમ ગ્રીન ફિલ્ડ ઍરપોર્ટનો પ્રારંભ : વિશ્વના નકશામાં રાજકોટને મળી નવી ઓળખ







16 અગ્રેસર ગુજરાત

સેમિકોન ઇન્ડિયા-૨૦૨૩ : સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત વિશ્વનું 'પાવર કન્ડક્ટર' સાબિત થશે

22 બચાવ - રાહત

સૌરાષ્ટ્રના વરસાદી અસરગ્રસ્ત જિલ્લાઓમાં હવાઈ નિરીક્ષણ







32 પરિસંવાદ

ત્રણ માસમાં ૧૦ લાખ ખેડૂતને પ્રાકૃતિક કૃષિની તાલીમ



# ગુજરાતની વિકાસ ઉડાનને મળ્યું નવું આકાશ....

વર્ષા રાણીની ગુજરાત પર મહેરને પગલે ગુજરાતની ધરતી નવપલ્લવિત થઈ ગઈ છે. ધરતીમાતાએ લીલુડી સાડી પહેરી હોય તેવાં મનોરમ્ય દૃશ્યો આંખને શાતા આપે છે. વરસાદથી ફેલાયેલી હરિયાળીએ ગુજરાતનાં ખેત-ખલિયાનને નંદનવનમાં ફેરવી દીધાં છે. સમયસર વરસાદથી ખેડૂતોના મુખ પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

કુદરતની આ મહેરની સાથોસાથ ગુજરાતમાં વિકાસ સોળેકળાએ ખીલી ઉઠ્યો છે. કેન્દ્ર સરકારના સહયોગથી વિકાસના સ્વપ્નને સાકાર કરતાં એક પછી એક નવા પડાવ ગુજરાત પાર કરી રહ્યું છે. રાજકોટને આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ ઍરપોર્ટની ભેટ આપીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસની ઉડાનને એક નવું આકાશ આપ્યું છે. રાજકોટ ઔદ્યોગિક રીતે ગુજરાતના વિકાસમાં મોટો ફાળો આપી રહ્યું છે, ત્યારે આ ઍરપોર્ટથી રાજકોટ વિશ્વ સાથે જોડાતાં રાજકોટની શાન વધુ જાજરમાન થશે. આ ઍરપોર્ટથી સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારના ઔદ્યોગિક-પ્રવાસનને નવો વેગ મળશે. રોજગારીના અનેક નવા અવસરો ઊભા થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજનાના લિન્ક-૩નાં કાર્યોનો શુભારંભ કરાવતા સૌરાષ્ટ્રની ધરતીની તૃષા છિપાશે. આ યોજનાથી અત્યાર સુધીમાં ૧૨૦૩ કિ.મી. પાઇપલાઇન નાંખવા સાથે ૯૫ જળાશયોનું જોડાણ થવાથી અંદાજે ૬.૫૦ લાખ એકર વિસ્તારને સિંચાઈ અને લગભગ ૮૦ લાખ નાગરિકોને પીવાનું પાણી ઉપલબ્ધ થયું છે. રાજકોટમાં નવો ફ્લાયઓવર બનવાથી રાજકોટવાસીઓને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળી છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિરીક્ષણ કરીને તંત્રવાહકોને જરૂરી સૂચનાઓ આપી હતી. આ વિસ્તારોમાં સત્વરે જનજીવનને થાળે પાડવા બચાવ-રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

લોક-સુવિધાઓમાં વધારા સાથે રાજ્ય દેશના વિકાસમાં ફાળો આપવા સાથે વિશ્વ સાથે કદમ મિલાવી આગળ વધે તે માટે વિશ્વસમસ્તની નજર આજે ગુજરાત ઉપર છે. સેમિકન્ડક્ટરના હબ બનવા આગેકૂચ કરતાં ગુજરાતમાં તાજેતરમાં વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં સેમિકોન ઇન્ડિયાનું ગાંધીનગર ખાતે આયોજન થયું. વિશ્વ સમક્ષ ગુજરાતની ક્ષમતા અને ઉદ્યોગો માટેના સાનુકૂળ માળખાનું અભૂતપૂર્વ નિદર્શન થયું હતું.

આ સાથે, ઇનામ નાબૂદી કાયદા હેઠળની જમીનોના કબજાહક્ક વર્તમાન જંત્રીના ૨૦ ટકા કિંમત વસૂલીને નિયમબદ્ધ કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવાયો. ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારા વાઇબ્રન્ટ સમિટને ધ્યાને લઈને રાજ્ય સરકારે સઘન આયોજન હાથ ધર્યું છે. આ પખવાડિયામાં ગુજરાતમાં રૂ. ૩,૪૨૦ કરોડના ઔદ્યોગિક મૂડીરોકાણ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. બનાસકાંઠાના મુડેઠામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થપાતાં, આવનારા દિવસોમાં સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો સર્જાશે.

આ અંકમાં રાજ્યમાં તાજેતરમાં ફેલાયેલા કન્જક્ટિવાઇટિસના રોગનો સામનો કરવા આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાં ઉપરાંત, રાજ્યમાં થયેલા વિકાસની વાત, જનોપયોગી નિર્ણયો તેમજ વાચકો માટે ઉપયોગી એવા ખાસ લેખ તથા ક્વિઝનો સમાવેશ કરવામાં આવ્યો છે. મને વિશ્વાસ છે કે, ગુજરાત પાક્ષિકનું આ સંસ્કરણ સુજ્ઞ વાચકબંધુઓને મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવવા માટે ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ધીરજ પારેખ,** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



# મન કી બાત

## જુલાઇ - ૨૦૨૩

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.**

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

'મન કી બાત'માં આપ સહુનું સ્વાગત છે. જુલાઈનો મહિનો એટલે ચોમાસાનો મહિનો, વરસાદનો મહિનો. ગત કેટલાક દિવસ, કુદરતી આપત્તિઓના કારણે ચિંતા અને પરેશાનીપૂર્ણ રહ્યા છે. યમુના સહિત અનેક નદીમાં પૂરથી અનેક વિસ્તારમાં લોકોને તકલીફ પડી છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટનાઓ પણ થઈ છે. આ દરમિયાન, દેશના પશ્ચિમ હિસ્સામાં, કેટલાક સમય પહેલાં ગુજરાતના વિસ્તારોમાં, બિપરજોય વાવાઝોડું પણ આવ્યું. પરંતુ સાથીઓ, આ આપત્તિઓની વચ્ચે, આપણે બધા દેશવાસીઓએ ફરી દેખાડ્યું છે કે સામૂહિક પ્રયાસની શક્તિ શું હોય છે. સ્થાનિક લોકોએ, આપણા NDRFના જવાનોએ, સ્થાનિક પ્રશાસનના લોકોએ, દિવસ-રાત જાગીને આવી આપત્તિઓનો સામનો કર્યો છે. કોઈ પણ આપત્તિ સામે લડવામાં આપણાં સામર્થ્ય અને સંસાધનોની ભૂમિકા મોટી હોય છે. પરંતુ તેની સાથે જ, આપણી સંવેદનશીલતા અને એકબીજાનો હાથ પકડવાની ભાવના, એટલી જ મહત્ત્વપૂર્ણ હોય છે. સર્વજન હિતાયની આ જ ભાવના ભારતની ઓળખ પણ છે અને ભારતની શક્તિ પણ છે.

સાથીઓ, વરસાદનો આ સમય વૃક્ષારોપણ અને જળસંરક્ષણ માટે એટલો જ આવશ્યક હોય છે. સ્વતંત્રતાના અમૃત મહોત્સવ દરમિયાન બનેલાં ૬૦ હજારથી વધુ અમૃત સરોવરમાં પણ રોનક વધી ગઈ છે. હજુ ૫૦ હજારથી વધુ અમૃત સરોવરો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આપણા દેશવાસીઓ પૂરી જાગૃતિ અને જવાબદારી સાથે જળસંરક્ષણ માટે નવા-નવા પ્રયાસો કરી રહ્યા છે. તમને યાદ હશે, કેટલાક સમય પહેલાં, હું મધ્યપ્રદેશના શહડોલ ગયો હતો. ત્યાં મારી મુલાકાત પકરિયા ગામનાં આદિવાસી ભાઈઓ-બહેનો સાથે થઈ હતી. ત્યાં મારી તેમની સાથે પ્રકૃતિ અને પાણીને બચાવવા માટે પણ ચર્ચા થઈ હતી. હમણાં મને જાણવા મળ્યું છે કે, પકરિયા ગામનાં આદિવાસી ભાઈઓ-બહેનોએ તેના અંગે કામ શરૂ કરી દીધું છે. ત્યાં પ્રશાસનની મદદથી, લોકોએ લગભગ સો કૂવા વૉટર રિચાર્જ સિસ્ટિમમાં પરિવર્તિત કરી દીધા છે. વરસાદનું પાણી હવે આ કૂવામાં ચાલ્યું જાય છે અને કૂવામાંથી પાણી જમીનની અંદર ઊતરે છે. તેનાથી જેતે વિસ્તારમાં ભૂગર્ભ જળ સ્તર પણ ધીરેધીરે સુધરશે. હવે ગામના બધા લોકોએ પૂરા ક્ષેત્રના લગભગ ૮૦ કૂવાને રિચાર્જ માટે ઉપયોગમાં લાવવાનું લક્ષ્ય નિર્ધાર્યું છે. એવા

જ ઉત્સાહવર્ધક સમાચાર ઉત્તર પ્રદેશથી આવ્યા છે. કેટલાક દિવસ પહેલાં, ઉત્તર પ્રદેશમાં એક દિવસમાં, ૩૦ કરોડ વૃક્ષ વાવવાનો વિક્રમ સર્જવામાં આવ્યો છે. આ અભિયાનની શરૂઆત રાજ્ય સરકારે કરી, તેને પૂરું ત્યાંના લોકોએ કર્યું. આવો પ્રયાસ જનભાગીદારીની સાથોસાથ જન-જાગરણનું પણ મોટું ઉદાહરણ છે. હું ઇચ્છીશ કે આપણે સૌ પણ, વૃક્ષ વાવવા અને પાણી બચાવવાના આ પ્રયાસોનો હિસ્સો બનીએ.

મારા પ્રિય દેશવાસીઓ, અત્યારે શ્રાવણનો પવિત્ર મહિનો ચાલી રહ્યો છે. સદાશિવ મહાદેવની સાધના-આરાધનાની સાથે જ શ્રાવણ હરિયાળી અને ખુશીઓ સાથે જોડાયેલો હોય છે. આથી શ્રાવણનું આધ્યાત્મિક સાથે જ સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી પણ બહુ જ મહત્ત્વ છે. શ્રાવણના હીંચકા, શ્રાવણની મહેંદી, શ્રાવણના ઉત્સવ અર્થાત્ શ્રાવણનો અર્થ જ આનંદ અને ઉલ્લાસ થાય છે.

સાથીઓ, આપણી આ આસ્થા અને આ પરંપરાઓનો એક પક્ષ બીજો પણ છે. આપણાં આ પર્વ અને પરંપરાઓ આપણને ગતિશીલ બનાવે છે. શ્રાવણમાં શિવ-આરાધના માટે અનેક ભક્તો કાવડ યાત્રા પર નીકળે છે. શ્રાવણના કારણે આ દિવસોમાં ૧૨ જ્યોતિર્લિંગોમાં પણ બહુ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. તમને એ જાણીને પણ સારું લાગશે કે બનારસ પહોંચનારા લોકોની સંખ્યા પણ વિક્રમ તોડી રહી છે. હવે કાશીમાં દર વર્ષે ૧૦ કરોડથી પણ વધુ પર્યટકો પહોંચી રહ્યા છે. અયોધ્યા, મથુરા, ઉજ્જૈન જેવાં તીર્થો પર આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. તેનાથી લાખો ગરીબોને રોજગાર મળી રહ્યો છે, તેમનું જીવનયાપન થઈ રહ્યું છે. આ બધું, આપણા સાંસ્કૃતિક જન-જાગરણનું પરિણામ છે. તેના દર્શન માટે, હવે તો પૂરી દુનિયાના લોકો આપણાં તીર્થોમાં આવી રહ્યા છે. મને આવા જ બે અમેરિકી દોસ્તો વિશે જાણવા મળ્યું છે જે કેલિફૉર્નિયાથી અમરનાથ યાત્રા પર આવ્યા હતા. આ વિદેશી મહેમાનોએ અમરનાથ યાત્રા સાથે જોડાયેલા સ્વામી વિવેકાનંદના અનુભવો વિશે ક્યાંક સાંભળ્યું હતું. તેનાથી તેમને એટલી બધી પ્રેરણા મળી કે તેઓ પોતે પણ અમરનાથ યાત્રા કરવા આવી ગયા. તેઓ આને ભગવાન ભોળાનાથના આશીર્વાદ માને છે. આ જ ભારતની વિશેષતા છે કે બધાને અપનાવે છે, બધાને કંઈ ને કંઈ આપે છે. આવાં જ એક ફ્રેન્ચ મૂળનાં મહિલા છે – શારલોટ શોપા. ગત દિવસોમાં જ્યારે હું ફ્રાન્સ ગયો હતો ત્યારે તેમની સાથે મારી મુલાકાત થઈ હતી. તેઓ તેઓ પોતાના સ્વાસ્થ્ય અને ૧૦૦ વર્ષની આ આયુનું શ્રેય યોગને જ આપે છે. તેઓ દુનિયામાં ભારતના યોગ વિજ્ઞાન અને તેની શક્તિનો પ્રમુખ ચહેરો બની ગયાં છે. તેનાથી બધાએ શીખવું જોઈએ. આપણે ન માત્ર પોતાના વારસાને અંગીકાર કરીએ, પણ તેને જવાબદારી સાથે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીએ. મને આનંદ છે કે આવો જ એક પ્રયાસ ઉજ્જૈનમાં ચાલી રહ્યો છે. અહીં દેશભરના ચિત્રકારો, પુરાણો પર આધારિત આકર્ષક ચિત્રકથાઓ બનાવી રહ્યા છે. આ ચિત્રો, બૂંદી શૈલી, નાથદ્વારા શૈલી, પહાડી શૈલી અને અપભ્રંશ શૈલી જેવી અનેક વિશિષ્ટ શૈલીઓમાં બનશે. તેમને ઉજ્જૈનના ત્રિવેણી સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવશે, જેથી કેટલાક સમય પછી, જ્યારે તમે ઉજ્જૈન જશો તો મહાકાળ, મહાલોકની સાથોસાથ વધુ એક દિવ્ય સ્થાનનાં તમે દર્શન કરી શકશો.

***સાથીઓ, ઉજ્જૈનમાં વિવિધ ચિત્રકારો દ્વારા બની રહેલી ચિત્રકથાઓની વાત કરતાં મને એક બીજું અનોખું ચિત્ર યાદ આવી ગયું. આ ચિત્ર રાજકોટના એક ચિત્રકાર પ્રભાતસિંહ મોડભાઈ બરહાટજીએ બનાવ્યું હતું. આ ચિત્ર વીર છત્રપતિ શિવાજી મહારાજના જીવનના એક પ્રસંગ પર આધારિત હતું. ચિત્રકાર પ્રભાતભાઈએ દર્શાવ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજ રાજ્યાભિષેક પછી પોતાની કુળદેવી તુળજા માતાનાં દર્શન કરવા જઈ રહ્યા હતા તો તે સમયે કેવું વાતાવરણ હતું. પોતાની પરંપરાઓ, પોતાના વારસાને જીવંત રાખવા માટે આપણે આ વારસાને સંભાળવા પડે છે, તેને ભાવિ પેઢી સુધી પહોંચાડવા માટે જીવવો પડે છે, આ રીતે તેને આગામી પેઢીઓ સુધી પહોંચાડવો પડે છે. મને આનંદ છે કે આજે, આ દિશામાં, અનેક પ્રયાસ થઈ રહ્યા છે.***

મારા પ્રિય દેશવાસીઓ, અનેકવાર જ્યારે આપણે ઈકૉલૉજી, ફ્લૉરા, ફૉના, બાયૉ ડાયવર્સિટી જેવા શબ્દો સાંભળીએ છીએ તો કેટલાક લોકોને લાગે છે કે આ તો સ્પેશિયલાઇઝ્ડ સબ્જેક્ટ છે. જો આપણે ખરેખર પ્રકૃતિને પ્રેમ કરતા હોઈએ તો આપણે નાના-નાના પ્રયાસો કરી શકીએ. તમિલનાડુમાં વાડાવલ્લીના સુરેશ રાઘવજી અલગ-અલગ ફ્લૉરા અને ફૉનાનાં ચિત્રો બનાવીને તેની સાથે જોડાયેલી જાણકારીનું દસ્તાવેજીકરણ કરે છે. તેઓ અત્યાર સુધીમાં ડઝનેક એવાં પક્ષીઓ, પશુઓ, ઑર્કિડનાં ચિત્ર બનાવી ચૂક્યા છે, જે વિલુપ્ત થવાના આરે છે. કળા દ્વારા પ્રકૃતિની સેવા કરવાનું આ ઉદાહરણ ખરેખર અદ્ભુત છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજે હું તમને એક બીજી રસપ્રદ વાત પણ કહેવા માગું છું. કેટલાક દિવસો પહેલાં સૉશિયલ મીડિયા પર એક અદભુત ક્રેઝ જોવા મળ્યો. અમેરિકાએ આપણને સોથી વધુ દુર્લભ અને પ્રાચીન કળાકૃતિઓ પાછી આપી છે. તે સમાચાર બહાર આવ્યા પછી સોશિયલ મીડિયા પર આ કળાકૃતિઓ અંગે ખૂબ ચર્ચા થઈ. યુવાનોમાં પોતાના વારસા પ્રત્યે ગર્વનો ભાવ જોવા મળ્યો. ભારત પાછી ફરેલી આ કળાકૃતિઓ લગભગ અઢી હજાર વર્ષથી લઈ અઢીસો વર્ષ જેટલી પ્રાચીન છે. તમને એ જાણીને પણ આનંદ થશે કે આ દુર્લભ ચીજોનો સંબંધ દેશનાં અલગ-અલગ ક્ષેત્ર સાથે છે. આ ટેરાકૉટા, પથ્થર, ધાતુ અને લાકડાનો ઉપયોગ કરીને બનાવાઈ છે. તેમાંથી કેટલીક તો એવી છે જે તમને આશ્ચર્યમાં ડુબાડી દેશે. તમે તેમને જોશો તો જોતા જ રહી જશો. તેમાં ૧૧મી સદીનું એક સુંદર સેન્ડસ્ટૉન શિલ્પ પણ તમને જોવા મળશે. તે નૃત્ય કરતી એક અપ્સરાની કળાકૃતિ છે જેનો સંબંધ મધ્યપ્રદેશ સાથે છે. ચૌલ યુગની અનેક મૂર્તિઓ પણ તેમાં સમાવિષ્ટ છે. દેવી અને ભગવાન મુરુગનની પ્રતિમાઓ તો ૧૨મી સદીની છે અને તમિલનાડુની વૈભવશાળી સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. ભગવાન ગણેશની

લગભગ એક હજાર વર્ષ જૂની કાંસાની પ્રતિમા પણ ભારતને પાછી આપવામાં આવી છે. લલિતાસનમાં બેઠેલા ઉમા-મહેશ્વરની એક મૂર્તિ ૧૧મી સદીની કહેવાય છે. તેમાં તેઓ બંને નંદી પર આસીન છે. પથ્થરોથી બનેલી જૈન તીર્થંકરોની બે મૂર્તિઓ પણ ભારત પરત ફરી છે. ભગવાન સૂર્ય દેવની બે પ્રતિમાઓ પણ તમારું મન મોહી લેશે. તેમાંથી એક રેતીમાંથી બનેલી છે. તેમાંથી એક સેન્ડસ્ટૉનમાંથી બનેલી છે. પરત કરવામાં આવેલી આ ચીજોમાં લાકડાથી બનાવાયેલી એક પેનલ પણ છે, જે સમુદ્રમંથનની કથાને સામે લાવે છે. ૧૬મી-૧૭મી સદીની આ પેનલનો સંબંધ દક્ષિણ ભારત સાથે છે.

સાથીઓ, અહીં તો મેં બહુ ઓછાં નામ લીધાં છે, પરંતુ જો જોશો તો આ યાદી ઘણી મોટી છે. હું અમેરિકી સરકારનો આભાર વ્યક્ત કરવા માગીશ જેમણે આપણા આ બહુમૂલ્ય વારસાને પરત કર્યો છે. ૨૦૧૬ અને ૨૦૨૧માં પણ જ્યારે મેં અમેરિકા યાત્રા કરી હતી ત્યારે પણ અનેક કળાકૃતિ ભારતને પરત કરવામાં આવી હતી. મને વિશ્વાસ છે કે, આવા પ્રયાસોથી આપણા સાંસ્કૃતિક વારસાની ચોરી રોકવા માટે આ વાતને કારણે દેશભરમાં જાગૃતિ વધશે. તેનાથી આપણા સમૃદ્ધ વારસા સાથે દેશવાસીઓનો લગાવ પણ વધુ ગાઢ બનશે.

મારા પ્રિય દેશવાસીઓ, દેવભૂમિ ઉત્તરાખંડની કેટલીક માતાઓ અને બહેનોએ જે પત્રો મને લખ્યા છે તે ભાવુક કરી દેનારા છે. તેમણે પોતાના દીકરાને, પોતાના ભાઈને, ઘણા બધા આશીર્વાદ આપ્યા છે. તેમણે લખ્યું છે કે તેમણે ક્યારેય કલ્પના નહોતી કરી કે આપણા સાંસ્કૃતિક વારસામાં રહેલાં ભોજપત્ર, તેમની આજીવિકાનું સાધન બની શકે છે. તમે વિચારી રહ્યા હશો કે આખી ઘટના છે શું?

સાથીઓ, આ પત્ર લખ્યા છે ચમોલી જિલ્લાના નીતી-માણા ઘાટીની મહિલાઓએ. આ એ મહિલાઓ છે જેમણે ગત વર્ષે ઑક્ટોબરમાં મને ભોજપત્ર પર એક અનોખી કળાકૃતિ ભેટમાં આપી હતી. આ ઉપહાર મેળવીને હું ખૂબ જ પ્રભાવિત થઈ ગયો. છેવટે, આપણે ત્યાં પ્રાચીન કાળથી આપણાં શાસ્ત્રો અને ગ્રંથો, આ જ ભોજપત્રો પર લખાતાં રહ્યાં છે. મહાભારત પણ આ ભોજપત્ર પર લખાયું હતું. આજે, દેવભૂમિની આ મહિલાઓ, આ ભોજપત્રથી, ખૂબ જ સુંદર-સુંદર કળાકૃતિઓ અને સ્મૃતિચિહ્નો બનાવી રહી છે.માણા ગામની યાત્રા દરમિયાન મેં તેમના આ અનોખા પ્રયાસના વખાણ કર્યા હતા. મેં દેવભૂમિ આવતા પર્યટકોને અપીલ કરી હતી કે તેઓ યાત્રા દરમિયાન વધુમાં વધુ સ્થાનિક ઉત્પાદનો ખરીદે. તેની ત્યાં ખૂબ જ અસર થઈ છે. આજે, ભોજપત્રનાં ઉત્પાદનોને ત્યાં આવતા તીર્થયાત્રીઓ ઘણા પસંદ કરી રહ્યા છે અને તેને સારા ભાવ પર ખરીદી પણ રહ્યા છે. ભોજપત્રનો આ પ્રાચીન વારસો, ઉત્તરાખંડની મહિલાઓના જીવનમાં ખુશાલીઓના નવા-નવા રંગો ભરી રહ્યો છે. મને એ જાણીને પણ ખુશી થઈ કે ભોજપત્રથી નવાં-નવાં ઉત્પાદનો બનાવવા માટે રાજ્ય સરકાર મહિલાઓને તાલીમ પણ આપી રહી છે.

રાજ્ય સરકારે ભોજપત્રની દુર્લભ પ્રજાતિઓને સંરક્ષિત કરવા માટે પણ અભિયાન શરૂ કર્યું છે. જે ક્ષેત્રોને ક્યારેક દેશનો આખરી છેડો માનવામાં આવતાં હતાં, તેમને હવે, દેશનું પ્રથમ ગામ માનીને વિકાસ થઈ રહ્યો છે. આ પ્રયાસ પોતાની પરંપરા અને સંસ્કૃતિને સાચવવાની સાથે આર્થિક પ્રગતિનું માધ્યમ પણ બની રહ્યો છે.

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં મને મુસ્લિમ મહિલાઓએ લખ્યા છે, તેઓ એવી મહિલાઓ છે, જેમણે, હજની યાત્રા, કોઈ પુરુષ સહયોગી વગર અથવા મેહરમ વગર પૂરી કરી છે અને આ સંખ્યા સો-પચાસ નથી, પરંતુ ચાર હજારથી વધુ છે. આ એક મોટું પરિવર્તન છે. હું 'મન કી બાત'ના માધ્યમથી સાઉદી અરબ સરકારનો પણ હૃદયથી આભાર વ્યક્ત કરું છું. મેહરમ વગર 'હજ' પર જઈ રહેલી મહિલાઓ માટે ખાસ મહિલા સંયોજકોની નિમણૂક કરાઈ હતી. સાથીઓ, વીતેલાં કેટલાંક વર્ષોમાં હજ-નીતિમાં જે પરિવર્તન કરવામાં આવ્યું છે, તેની ભરપૂર પ્રશંસા થઈ રહી છે.

મારા પ્રિય દેશવાસીઓ, જમ્મુ-કાશ્મીરમાં મ્યુઝિકલ નાઈટ હોય, ઊંચાઈ પર બાઈક રેલીઓ હોય, ચંડીગઢમાં લૉકલ ક્લબો હોય અને પંજાબમાં અનેક બધાં સ્પૉર્ટ્સ ગ્રૂપો હોય, આ સાંભળીને એવું લાગશે કે મનોરંજનની વાત થઈ રહી છે, સાહસની વાત થઈ રહી છે. પરંતુ વાત કંઈક બીજી છે. આ આયોજન એક, સમાન ઉદ્દેશ સાથે સંકળાયેલું છે. અને આ સમાન ઉદ્દેશ છે - ડ્રગ્સ વિરુદ્ધ જાગૃતિનું અભિયાન. જમ્મુ-કાશ્મીરના યુવાનોને ડ્રગ્સથી બચાવવા માટે અનેક નવીન પ્રયાસો જોવા મળ્યા છે. અહીં મ્યુઝિકલ નાઈટ, બાઈક રેલીઓ જેવા કાર્યક્રમ થઈ રહ્યા છે. ચંડીગઢમાં આ સંદેશને ફેલાવવા માટે લૉકલ ક્લબોને જોડવામાં આવી છે. તેઓ તેને વાદા ક્લબ કહે છે. વાદા અર્થાત્ વિક્ટરી અગેઈન્સ્ટ ડ્રગ્સ ઍબ્યૂઝ. પંજાબમાં અનેક સ્પૉર્ટ્સ ગ્રૂપ પણ બનાવવામાં આવ્યાં છે જે ફિટનેસ પર ધ્યાન આપવા અને નશામુક્તિ માટે જાગૃતિનું અભિયાન ચલાવી રહ્યાં છે. નશા વિરુદ્ધ અભિયાનમાં યુવાનોની વધતી ભાગીદારી ખૂબ જ ઉત્સાહ વધારનારી છે. આ પ્રયાસો, ભારતમાં નશા વિરુદ્ધ અભિયાનને ખૂબ જ શક્તિ આપે છે. આપણે દેશની ભાવિ પેઢીને બચાવવી હોય તો તેમને ડ્રગ્સથી દૂર રાખવી જ પડશે. આ વિચાર સાથે ૧૫ ઑગસ્ટ, ૨૦૨૦ના રોજથી નશામુક્ત ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાન સાથે ૧૧ કરોડથી વધુ લોકોને જોડવામાં આવ્યા છે. બે સપ્તાહ પહેલાં ભારતે ડ્રગ્સ વિરુદ્ધ ઘણી મોટી કાર્યવાહી કરી. ડ્રગ્સની લગભગ દોઢ લાખ કિલોની ખેપને જપ્ત કર્યા પછી તેને નષ્ટ કરી દેવામાં આવી છે. ભારતે ૧૦ લાખ કિલો ડ્રગ્સને નષ્ટ કરવાનો અનોખો વિક્રમ પણ બનાવ્યો છે. આ ડ્રગ્સની કિંમત ૧૨,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હતી. હું, એ બધાની પ્રશંસા કરવા માગું છું, જે નશામુક્તિના આ ભલા અભિયાનમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. નશાની લત, ન કેવળ પરિવાર, પરંતુ પૂરા સમાજ માટે મોટી

પરેશાની બની જાય છે. આવા, આ ભય હંમેશ માટે સમાપ્ત થાય, તેના માટે, આવશ્યક છે કે આપણે બધા એક થઈને આ દિશામાં આગળ વધીએ.

મારા પ્રિય દેશવાસીઓ, જ્યારે વાત ડ્રગ્સની અને યુવા પેઢીની થઈ રહી હોય તો હું તમને મધ્ય પ્રદેશની એક પ્રેરણાદાયક મુસાફરી વિશે પણ જણાવવા માગું છું. આ પ્રેરણાદાયક મુસાફરી છે મિની બ્રાઝિલની. મધ્ય પ્રદેશના શહડોલના બિચારપુરને મિની બ્રાઝિલ કહેવાય છે. જ્યારે કેટલાંક અઠવાડિયાં પહેલાં હું શહડોલ ગયો ત્યાં મારી મુલાકાત ત્યાંના આવા અનેક ફૂટબૉલ ખેલાડીઓ સાથે થઇ હતી.

સાથીઓ, બિચારપુર ગામની મિની બ્રાઝિલ બનવાની યાત્રા બે-અઢી દાયકા પહેલાં શરૂ થઈ હતી. બિચારપુર ગામ ગેરકાયદે દારૂ માટે કુખ્યાત હતું. જેનું સૌથી મોટું નુકસાન અહીંના યુવાનોને થઈ રહ્યું હતું. એક પૂર્વ રાષ્ટ્રીય ખેલાડી અને કૉચ રઈસ એહમદે આ યુવાનોની પ્રતિભાને ઓળખી. તેમણે, પૂરી લગનથી, યુવાનોને ફૂટબૉલ શિખવાડવાનું શરૂ કર્યું. કેટલાંક વર્ષોની અંદર જ અહીં ફૂટબૉલ એટલી લોકપ્રિય થઈ ગઈ કે બિચારપુર ગામની ઓળખ જ ફૂટબૉલથી થવા લાગી. બિચારપુરથી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના ૪૦થી વધુ ખેલાડીઓ મળ્યા છે. શહડોલ અને તેની આસપાસના ઘણા મોટા વિસ્તારમાં ૧,૨૦૦થી વધુ ફૂટબૉલ ક્લબ બની ચૂકી છે. ત્યાંથી મોટી સંખ્યામાં એવા ખેલાડીઓ ઊભરી રહ્યા છે જે રાષ્ટ્રીય સ્તર પર રમી રહ્યા છે. તમે વિચારો કે એક આદિવાસી વિસ્તાર દેશની ફૂટબૉલ નર્સરી બની ગયો છે. આપણા દેશમાં પ્રતિભાઓની અછત નથી. આવશ્યકતા છે તેમને શોધવાની અને ઘડવાની.

મારા પ્રિય દેશવાસીઓ, સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે આપણે બધા પૂરા ઉત્સાહથી અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ. અમૃત મહોત્સવ દરમિયાન દેશમાં લગભગ બે લાખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન આપણા યુવાનોને દેશની મહાન વિભૂતિઓ વિશે ઘણું બધું જાણવાનું મળ્યું. જનભાગીદારી સાથે જોડાયેલા અનેક રસપ્રદ કાર્યક્રમો જોવા મળ્યા. દિવ્યાંગ લેખકો માટે 'રાઇટર્સ મીટ'માં વિક્રમજનક સંખ્યામાં લોકોની સહભાગિતા જોવા મળી. તો, આંધ્રપ્રદેશના તિરુપતિમાં રાષ્ટ્રીય સંસ્કૃત સંમેલનનું આયોજન થયું. આપણે બધા જાણીએ છીએ કે આપણા ઈતિહાસમાં કિલ્લાઓનું, ફૉર્ટનું, કેટલું મહત્ત્વ રહ્યું છે. તેને દર્શાવનારા એક અભિયાન, 'કિલ્લે ઔર કહાનિયાં' એટલે કે કિલ્લાઓ સાથે જોડાયેલી વાર્તાઓ પણ લોકોને ઘણી પસંદ પડી.

મારા પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત'માં આજે બસ આટલું જ. હવે કેટલાક દિવસોમાં આપણે ૧૫ ઑગસ્ટ સ્વતંત્રતાના આ મહાન પર્વનો હિસ્સો બનીશું. દેશની સ્વતંત્રતા માટે મરમીટનારને હંમેશાં યાદ રાખવાના છે. આપણે, તેમનાં સપનાંઓને સાકાર કરવા માટે દિવસ-રાત મહેનત કરવાની છે અને 'મન કી બાત' દેશવાસીઓની આ મહેનતને, તેમના સામૂહિક પ્રયાસોને સામે લાવવાનું જ એક માધ્યમ છે. હવે પછી, કેટલાક નવા વિષયો સાથે, તમારી સાથે મુલાકાત થશે.

ખૂબ ખૂબ ધન્યવાદ.

નમસ્કાર. ●



## સ્વતંત્રતા પર્વે 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન

આજે જ્યારે દેશમાં, ચારે તરફ અમૃત મહોત્સવની ગૂંજ છે, ૧૫ ઑગસ્ટ નજીક જ છે તો દેશમાં એક બીજા મોટા અભિયાનની શરૂઆત થવા જઈ રહી છે. શહીદ વીર-વીરાંગનાઓને સમ્માન આપવા માટે 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન શરૂ થશે. તે અંતર્ગત દેશકાજે બલિદાન આપનારાઓની સ્મૃતિમાં અનેક કાર્યક્રમ આયોજિત થશે. આ વિભૂતિઓની સ્મૃતિમાં, દેશની લાખો ગ્રામ પંચાયતોમાં, વિશેષ શિલાલેખ પણ સ્થાપિત કરવામાં આવશે. આ અભિયાન હેઠળ દેશભરમાં અમૃત કળશ યાત્રા પણ કાઢવામાં આવશે. દેશના ગામેગામથી, ખૂણેખૂણેથી, ૭,૫૦૦ કળશમાં માટી લઈને આ અમૃત કળશ યાત્રા દેશની રાજધાની દિલ્હી પહોંચશે. આ યાત્રા પોતાની સાથે દેશના અલગ-અલગ ભાગોમાંથી છોડ લઈને પણ આવશે. ૭,૫૦૦ કળશમાં આવેલી આ માટી અને છોડને મેળવીને પછી નૅશનલ વૉર મેમોરિયલ સમીપ 'અમૃત વાટિકા'નું નિર્માણ કરવામાં આવશે. આ 'અમૃત વાટિકા' 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું ખૂબ જ ભવ્ય પ્રતીક બનશે.

આ અભિયાન અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, 'મેં ગત વર્ષે લાલ કિલ્લાથી આગામી ૨૫ વર્ષના અમૃતકાળ માટે પંચ પ્રણની વાત કરી હતી. 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાનમાં ભાગ લઈને આપણે આ પંચ પ્રણોને પૂરા કરવાના સોગંદ પણ લઈશું. તમે બધા, દેશની પવિત્ર માટીને હાથમાં લઈને સોગંદ લેતા હો તેવી તમારી સેલ્ફીને yuva.gov.in પર અવશ્ય અપલૉડ કરજો. ગત વર્ષે સ્વતંત્રતા દિવસના અવસરે 'હર ઘર તિરંગા અભિયાન' માટે જે રીતે સમગ્ર દેશ એક સાથે આવ્યો હતો, તે જ રીતે, આપણે આ વખતે પણ ફરીથી, પ્રત્યેક ઘરે તિરંગો ફરકાવવાનો છે અને આ પરંપરાને સતત આગળ વધારવાની છે. દરેક દેશવાસીએ, આ પ્રયાસો સાથે, જરૂર જોડાવું જોઈએ. ●

# ગુજરાતના પ્રથમ ગ્રીન ફિલ્ડ ઍરપોર્ટનો પ્રારંભ

## વિશ્વના નકશામાં રાજકોટને મળી નવી ઓળખ



ગુજરાતે છેલ્લા બે દાયકામાં કરેલો વિકાસ દેશ-દુનિયાના નીતિ નિર્ધારકો માટે કેસ સ્ટડી છે. સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસયાત્રાના ફળ છેવાડાનાં માનવી સુધી પહોચ્યાં છે. એક સમયે પાણી માટે વલખાં મારતા સૌરાષ્ટ્રને સિંચાઈ અને પીવાનું પાણી પહોચાડવા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજનાની કલ્પના કરી તેનું ખાતમુહૂર્ત કર્યુ. તેમજ ગુજરાતનો સૌરાષ્ટ્ર પ્રદેશ દેશ-દુનિયા સાથે હવાઈ માર્ગથી જોડાઈ તે માટે ગુજરાતના પ્રથમ ગ્રીન ફિલ્ડ ઍરપોર્ટનું ખાતમુહૂર્ત કર્યુ હતું. જેનું ખાતમુહૂર્ત એનું ઉદ્ઘાટન કરવાની પરંપરાને આગળ વધારતાં તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ ખાતે ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ "રાજકોટ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ" સહિતના રૂપિયા ૨૦૩૩ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે ભવિષ્યમાં ગુજરાતમાં પણ ઍરોપ્લેનનું નિર્માણ થશે એવી આશા વ્યક્ત કરી, સુશાસનના મોડેલ થકી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

રાજકોટમાં હિરાસર પાસે નવનિર્મિત ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર ઉતરાણ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રેસકોર્સ ખાતે જનસભામાં પધાર્યા હતા. અહીંથી તેમણે વિવિધ વિકાસકાર્યોનું રિમોટથી લોકાર્પણ કર્યું હતું. આ તકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, હિરાસર ખાતે નિર્માણ પામેલું આ માત્ર આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ જ નથી પરંતુ સૌરાષ્ટ્ર-ગુજરાતને નવી ઊર્જા આપનારું, નવી ઉડાન આપનારું પાવરહાઉસ બની રહેશે.

રાજકોટની ઓળખ સૌરાષ્ટ્રના ગ્રોથ એન્જિન તરીકે થઈ રહી છે, તેમ જણાવતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સર્વાંગી વિકાસની સાથે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ બને તેવું રાજકોટવાસીઓનું સ્વપ્ન પૂર્ણ થયું છે. આ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના કારણે રાજકોટ હવે દેશ-દુનિયાનાં અન્ય શહેરો સાથે સીધી ફ્લાઇટથી જોડાઈ શકશે. જેના કારણે ઉદ્યોગોને લાભ થશે, ખેડૂતો પણ તેમનું કૃષિ ઉત્પાદન વિદેશ મોકલી શકશે. સર્વાંગી વિકાસની સાથે ગુજરાત આજે ઍરોપ્લેન બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

Ease of Living, Quality of Life કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે એમ જણાવતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લાં નવ



### રાજકોટ શહેરને રૂ. ૨૩૪ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ

(૧) કે.કે.વી.ચોક મલ્ટિલેવલ ફ્લાયઓવર - રૂ.૧૨૯.૫૩ કરોડ (રાજકોટ શહેરના કાલાવડ રોડ પર કે.કે.વી. ચોકમાં હયાત બ્રિજ ઉપર સૌરાષ્ટ્રનો પ્રથમ મલ્ટિલેવલ ફ્લાયઓવર બનાવાયો.)

(૨) ન્યારી-૧ ડેમથી રૈયાધારમાં નવા બનેલા ફિલ્ટર પ્લાન્ટ સુધી રો વોટર પહોંચાડવા માટે રૂ.૪૧.૭૧ કરોડના ખર્ચે, ૧૨૧૯ એમ.એમ. ડાયામીટરની પાઇપલાઈન નંખાઈ. (આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના મુખ્યત્વે વૉર્ડ નં.૧, ૮, ૯, ૧૦ તથા ૧૩ના વિસ્તારમાં પાણી પહોંચાડાશે. અંદાજે ૨,૪૦,૦૦૦ જેટલી વસ્તીને આ પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પડાશે.)

(૩) રાજકોટના વેસ્ટ ઝોનના વૉર્ડ નંબર-૧માં, અમૃત-૧ યોજના અંતર્ગત, રૈયાધાર ખાતે રૂ. ૨૯.૭૩ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ.

(૪) રાજકોટના વૉર્ડ નંબર-૧૮માં, અમૃત-૧ યોજના અંતર્ગત, કોઠારિયામાં ૧૫ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ.૨૪.૭૨ કરોડના ખર્ચે નિર્માણ. (આ પ્લાન્ટથી વોર્ડ નંબર ૧૮ અને ૧૨ના કોઠારિયા તથા વાવડી વિસ્તારના અંદાજિત બે લાખ જેટલા રહેવાસીઓની ડ્રેનેજને લગતી સમસ્યાઓનું નિવારણ થશે.)


(૫) વોર્ડ નંબર-૬માં ગોવિંદ બાગ પાસે રૂ.૮.૩૯ કરોડના ખર્ચે લાઈબ્રેરીનું નિર્માણ.

વર્ષમાં કેન્દ્ર સરકારે ગૂડ ગવર્નન્સ-સુશાસન દ્વારા સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં જીવનને સરળ બનાવવા માટે કામ કર્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લાં નવ વર્ષમાં લોક-સુખાકારી માટે લેવાયેલાં પગલાંઓની વિગતે વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાના લાભો છેવાડાના પરિવારોને મળ્યા છે. જેના પરિણામે દેશમાં ગરીબી ઝડપથી ઘટી છે. એક રિપોર્ટ મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં દેશમાં ૧૩.૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જેના કારણે એક નવા મધ્યમ વર્ગનું સર્જન થયું છે.

વડાપ્રધાનશ્રીએ દેશમાં કનેક્ટિવિટીમાં થયેલા નોંધપાત્ર વધારાનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું હતું કે, ૨૦૧૪માં દેશમાં માત્ર ચાર શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક હતું, આજે ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક પહોંચ્યું છે અને ૨૫ અલગ અલગ રૂટ ઉપર વંદે ભારત જેવી ટ્રેનો દોડી રહી છે. તેવી જ રીતે દેશમાં પહેલા ૭૦ ઍરપોર્ટ હતાં, આજે તેનાથી ડબલ ઍરપોર્ટ છે. એરલાઇન સેક્ટરમાં દેશ નવી ઊંચાઈએ પહોંચ્યો છે.

ડિજિટલ ઈન્ડિયા થકી સામાન્ય લોકોની હાલાકી ઘટાડવા માટે સરકારે લીધેલાં પગલાં અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, અગાઉ વીજળી-પાણીનાં બિલ, ઈન્કમટેક્સ રિટર્ન ભરવા, હૉસ્પિટલમાં, પેન્શન મેળવવા માટે લાઇનમાં ઊભા રહેવું પડતું હતું અને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. વર્તમાન સરકારે ડિજિટલ ઈન્ડિયાની પહેલથી આ સમસ્યાઓનું સમાધાન કર્યું છે. બેન્કિંગ સેવાઓ મોબાઇલમાં ઉપલબ્ધ બની છે. ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલિંગ સરળ અને ઝડપી બન્યું છે. અગાઉ આઈ.ટી. રિફંડ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. હવે ગણતરીના દિવસોમાં આવી જાય છે.

સરકારે મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ઘર મળે તેની પણ ચિંતા કરી છે. પીએમ આવાસ યોજનાના કારણે દેશના ૬ લાખથી વધુ પરિવાર અને ગુજરાતના ૬૦,૦૦૦થી વધુ પરિવારોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. રેરાનો કાયદો લાવી સરકારે ઘર ખરીદવાની પ્રક્રિયા સરળ અને સલામત



બનાવી છે, અને લાખો લોકોના પૈસા ફસાઈ જતાં, લૂંટાઈ જતા બચાવ્યા છે. પાડોશી દેશોમાં ૨૫થી ૩૦ ટકાના દરે મોંઘવારી વધી રહી છે. ભારતમાં મોંઘવારી દરને લઈ સરકારની સંવેદનશીલતા અને સંનિષ્ઠ પ્રયાસોના કારણે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ જેવાં કારણો છતાં મોંઘવારી કાબુમાં રાખવામાં સફળતા મળી છે.

અગાઉ રૂપિયા બે લાખ જેટલી નાની રકમ પર પણ ટેક્સ લાગતો હતો, જ્યારે આજે સાત લાખ સુધીની આવક ઉપર કોઈ પણ પ્રકારનો ટેક્સ લાગતો નથી. નાની બચત ઉપર વધુ વ્યાજ સહિતનાં પગલાંઓથી મધ્યમવર્ગની બચત વધે તેવા સરકારના પ્રયાસો રહ્યા છે.

દેશમાં આવેલી મોબાઇલ ડેટા ક્રાંતિનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આજે દરેક ભારતીય દર મહિને સરેરાશ ૨૦ જી.બી. ડેટાનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૧૪માં ૧ જી.બી. ડેટા માટે રૂપિયા ૩૦૦ આપવા પડતા હતા. જો એ જ દરો આજે હોત તો, આજે આશરે મહિને રૂપિયા ૬૦૦૦ જેટલું બિલ ચૂકવવું પડતું હોત. પરંતુ આજે ૨૦ જી.બી. ડેટા માટે મહિને રૂપિયા ૩૦૦-૪૦૦ જેટલું જ બિલ આવે છે. આમ દર મહિને મધ્યમ વર્ગના રૂપિયા ૫૦૦૦થી વધુ બચત થાય છે.

સિનિયર સિટિઝન્સ સહિતના લોકો માટે કેન્દ્ર સરકારે લીધેલાં પગલાંનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, બીમાર સિનિયર સિટિઝન માટે પરિવારે બજારમાં ઊંચી કિંમત આપીને દર મહિને દવા લેવી પડતી હતી. તેઓનો ખર્ચ બચાવવા કેન્દ્ર સરકારે જનઔષધિ કેન્દ્રો શરૂ કરાવીને સસ્તી કિંમતમાં દવા ઉપલબ્ધ કરાવી છે. જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની આશરે ૨૦ હજાર કરોડ રૂપિયાની રકમની બચત થઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે સંવેદનશીલ સરકાર એક પછી એક એવાં





પગલાં લઈ રહી છે, જેનાથી સામાન્ય લોકોના ખિસ્સા પર કોઈ બોજ ના પડે. ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ માટે પણ અમારી સરકાર પૂરી સંવેદનશીલતાથી કામ કરી રહી છે.

પાણીની અછતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, સૌની યોજના પહેલા શું સ્થિતિ હતી અને સૌની યોજના પછી શું બદલાવ આવ્યો છે તે સૌરાષ્ટ્રમાં જોઈ શકીએ છીએ. સૌરાષ્ટ્રનાં સેંકડો ગામ અને હજારો ચેકડેમ આજે પાણીના સ્રોત બની ચૂક્યા છે. હર ઘર જલ યોજના અંતર્ગત આજે ગુજરાતના કરોડો પરિવારોને નળથી જળ મળવા લાગ્યું છે સુશાસનનું આ એક એવું મોડેલ છે, જેમાં સમાજના દરેક વર્ગ અને પરિવારની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રખાય છે. આ જ વિકસિત ભારતના નિર્માણનો અમારો રસ્તો છે. આ જ માર્ગ પર ચાલીને આપણે આઝાદીના અમૃતકાળના સંકલ્પોને સિદ્ધ કરવાના છે.

વડાપ્રધાનશ્રીએ વક્તવ્યના પ્રારંભમાં ગુજરાતમાં હાલમાં આવેલા વાવાઝોડા-પૂર જેવી કુદરતી આપત્તિના અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજકોટ ખાતે અદ્યતન ગ્રીનફિલ્ડ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટના માધ્યમથી સૌરાષ્ટ્રના નાગરિકો, ધંધા-વ્યવસાયો વિશ્વ સાથે જોડાશે અને નિકાસની







તકો સરળ બનશે. રાજકોટ-સૌરાષ્ટ્ર પ્રદેશને લોકલથી ગ્લોબલ બનાવવામાં રાજકોટ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ મહત્ત્વની ભૂમિકા ભજવશે. મોરબી-થાનના સિરામિક ઉદ્યોગો, જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગ, ભાવનગર અલંગના શિપ રિસાઈકલિંગ ઉદ્યોગો કે રાજકોટના ઓટોમોબાઈલ પાર્ટ્સ અને મેટલ ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગો સૌ માટે આ ઍરપોર્ટ નિકાસ અને વેપાર-ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ તકો પૂરી પાડશે. વડાપ્રધાનશ્રીએ રાજકોટને નવીન ઍરપોર્ટના લોકાર્પણથી નભ, રાજકોટ શહેરના વિવિધ વિકાસ કાર્યોથી થલ તથા સૌની યોજના અન્વયે લિન્ક ૩ના ૮ અને ૯ એમ બે પેકેજના લોકાર્પણથી જલ એમ દરેક ક્ષેત્રે વિકાસના નવા-નવા પ્રકલ્પો, યોજનાઓ આપીને વિકાસ સાકાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના દરિયામાં વહી જતા નિરર્થક પાણીથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની સૂકી ધરતીને નવપલ્લવિત કરવા અને સિંચાઈ-પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ઈજનેરી કૌશલ્ય કામે લગાડ્યું. તેમણે એક મિલિયન એકર ફિટ નર્મદાનાં પાણી પહોંચાડવાના આયોજન સાથે "સૌની" યોજનાનો પ્રારંભ કરાવીને સૌરાષ્ટ્ર માટે દુકાળને ભૂતકાળમાં પરિવર્તિત કર્યો છે.



કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, હવાઈ સ્લીપર પહેરનારા નાગરિકોને UDAN (ઊડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ સસ્તા દરે હવાઈ યાત્રા ઉપલબ્ધ કરાવવા માટે દેશભરમાં નવાં ૧૪૮ ઍરપૉર્ટ્સ બનાવાયાં છે. વર્ષ ૨૦૧૪માં પ્રતિ સપ્તાહ ૫૬ ફ્લાઈટસ અને ૧૯ શહેરો સાથેની કનેક્ટિવિટીની સામે ૨૦૨૩માં પ્રતિ સપ્તાહ ૧૩૦ ફ્લાઈટસ અને ૫૦ શહેરો સાથેની કનેક્ટિવિટી ઉપલબ્ધ બનવા જઈ રહી છે. રાજકોટ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટની વિશેષતાઓ વર્ણવતાં કહ્યું હતું કે, ટૂંક સમયમાં રાજકોટ હવાઈ માર્ગે ઉદયપુર અને ઈન્દોર સાથે જોડાઈ જશે. તેમણે આ તકે જ્યાં કનેક્ટિવિટી ત્યાં વેપાર અને જ્યાં વેપાર ત્યાં રોજગાર. પરિવહન થકી પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. રાજ્યના ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું હતું કે, રાજકોટ ઈન્ટરનેશનલ ઍરપોર્ટના લોકાર્પણની ઘડી ઐતિહાસિક છે.

વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ શ્રી સી. આર. પાટીલના હસ્તે વિમાનની પ્રતિકૃતિ દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા તથા પૂર્વ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા દ્વારા પણ ઈમિટેશનથી શણગારેલા વિમાનો દ્વારા



વડાપ્રધાનશ્રીનું અભિવાદન કરાયું હતું.

આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા-બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર, સાંસદ સર્વશ્રી મોહનભાઈ કુંડારિયા, રમેશભાઈ ધડુક, રામભાઈ મોકરિયા, વિનોદભાઈ ચાવડા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય સર્વશ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ. દર્શિતાબહેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રીમતી ગીતાબા જાડેજા, શ્રી જયેશભાઈ રાદડિયા, ડો. મહેન્દ્રભાઈ પાડલિયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, શામજીભાઈ ચૌહાણ વગેરે પદાધિકારીઓ- અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સૌની યોજનાના પૅકેજ-૮ અને પૅકેજ-૯નું લોકાર્પણ

# ૯૫ ગામોને મળશે સિંચાઈ અને પીવાના પાણીની સવલત

SAUNI પ્રોજેક્ટ હેઠળ તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવેલ લિંક ૩ પૅકેજ ૮ અને ૯થી સૌરાષ્ટ્રનાં ૯૫ ગામોની ૫૨,૩૯૮ એકર જમીનને સિંચાઈ અને લગભગ ૯૮ હજાર લોકોને પીવા માટે હવે નર્મદા નદીનું પાણી મળી શકશે. ઉલ્લેખનીય છે કે SAUNI પ્રોજેક્ટ અંતર્ગત લિંક-૩ના પૅકેજ ૮ હેઠળ રૂ.૨૬૫ કરોડના ખર્ચે ભાદર-૧ અને વેરી બંધ સુધી ૩૨.૫૬ કિમી લંબાઈના ૨૫૦૦ મિમી વ્યાસવાળી એમ.એસ. પાઇપલાઇનની ફિડર એક્સટેન્શન લાઇન બિછાવવામાં આવી છે. તેનાથી ૫૭ ગામોના ૭૫,૦૦૦થી વધુ લોકોને પીવાના પાણી માટે અને ૪૨,૩૮૦ એકરથી વધુ જમીનને સિંચાઈ માટે નર્મદાનું પાણી મળવા લાગશે.







આ જ રીતે, લિંક ૩ના પેકેજ ૯ની વાત કરીએ તો રૂ.૧૨૯ કરોડના ખર્ચે આજી-૧ બંધ અને ફોફલ-૧ બંધ સુધી ૩૬.૫૦ કિમી લંબાઈની ૨૫૦૦ મિમી વ્યાસવાળી એમ.એસ. પાઇપલાઇનની ફિડર એક્સટેન્શન લાઇન બિછાવવામાં આવી છે. તેનાથી ૩૮ ગામોના ૨૩,૦૦૦થી વધુ લોકોને પીવાના પાણી માટે અને ૧૦,૦૧૮ એકરથી વધુ જમીનને સિંચાઈ માટે નર્મદાનું પાણી મળવા લાગશે.

સૌરાષ્ટ્રની જીવાદોરી SAUNI યોજનાના મહત્ત્વ વિશે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, “SAUNI યોજના એ વડાપ્રધાનશ્રીનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ પ્રોજેક્ટની પરિકલ્પના કરી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લાં ૭ વર્ષોમાં ૧૨૦૩ કિલોમીટર પાઈપલાઈન બિછાવવામાં આવી છે અને ૯૫ જળાશયો, ૧૪૬ ગામોનાં તળાવો અને ૯૨૭ ચેકડેમ્સમાં કુલ અંદાજિત ૭૧,૨૦૬ મિલિયન ક્યુબિક ફીટ પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેનાથી લગભગ ૬.૫૦ લાખ એકર વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓમાં સુધાર થયો છે અને લગભગ ૮૦ લાખની વસ્તીને પીવા માટે મા નર્મદાનાં પાણી મળવા લાગ્યાં છે.” ●

# ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટની વિશેષતા

રાજકોટ ઇન્ટરનેશનલ ઍરપોર્ટને પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. રાજકોટથી આશરે ૩૦ કિલોમીટર દૂર, નૅશનલ હાઇવે નં-૨૭ નજીક હિરાસર ગામ પાસે રૂ. ૧૪૦૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ ઍરપોર્ટનું નિર્માણ થયું છે.

સમગ્ર ઍરપોર્ટ સંકુલ ૧૦૨૫.૫૦ હેક્ટર (૨૫૩૪ એકર)માં ફેલાયેલું છે, જેમાં ૧૫૦૦ એકરમાં ઍરપોર્ટ ઑથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ઍરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઍરપોર્ટ ૩૦૪૦ મીટર (૩.૦૪ કિમી) લાંબો અને ૪૫ મીટર પહોળો રન-વે ધરાવે છે, જેના ઉપર એકસાથે ૧૪ વિમાનો પાર્ક થઈ શકશે. ૫૦,૮૦૦ ચોરસ મીટરમાં એપ્રન બેઇઝ બનાવવામાં આવ્યો છે. ૨૩ હજાર ચોરસ મીટરમાં પેસેન્જર ટર્મિનલ બનાવવામાં આવ્યું છે. આ ટર્મિનલ પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરી શકાશે.






આ નવા ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ પરથી ‘C’-ટાઇપ પ્લેન પણ ઓપરેટ કરી શકાશે, અને ભવિષ્યમાં ‘E’- ટાઇપ પ્લેન માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આનાથી રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકો એરબસ એ-૩૮૦, બોઈંગ ૭૪૭ અને બોઈંગ ૭૭૭ જેવાં મોટા કદનાં વિમાનોની સેવાઓ મેળવી શકશે.

ઍરપોર્ટ પર સોલાર પાવર સિસ્ટિમ, ગ્રીન બેલ્ટ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટિમ પણ લગાવવામાં આવી છે. આ ઍરપોર્ટ પર પૅરેલલ હાફ ટેક્સી-વે, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ઇન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો અને એમઆરઓ / હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

ગ્રીનફિલ્ડ ઍરપોર્ટને તાજેતરમાં ઇન્ટરનૅશનલ એરોનોટિકલ ઇન્ફોર્મેશન પબ્લિકેશન (A.I.P) ટેગ આપવામાં આવ્યું છે. આ ટેગ એરક્રાફ્ટના સંચાલન માટે ખૂબ મહત્ત્વનો ગણાય છે. આ ઍરપોર્ટ વિશિષ્ટ સુવિધાઓથી સજ્જ હશે, જેમાં ચાર પેસેન્જર બોર્ડિંગ બ્રિજ, ત્રણ કન્વેયર બેલ્ટ અને ૮ ચેક-ઇન કાઉન્ટર્સ નો સમાવેશ થાય છે. આ સાથે જ, આ ઍરપોર્ટ અદ્યતન ફાયર ફાઇટિંગ અને ફાયર એલાર્મ સિસ્ટિમથી સજ્જ હશે.

એર ટ્રાફિક કંટ્રોલર (A.T.C), ઇન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ અને ફાયર સ્ટેશન ઉપરાંત ૫૨૪ એકરમાં ફેલાયેલા સિટી સાઇડ એરિયામાં લેન્ડસ્કેપિંગ, કાર, ટેક્સી અને બસ પાર્કિંગની સુવિધાઓ બનાવવામાં આવી છે.

ઍરપોર્ટની ગેલેરી ગુજરાતના સમૃદ્ધ વારસા અને પરંપરાઓની ઝલક પૂરી પાડે છે. આ ગેલેરી રણજીત વિલાસ પેલેસ, દાંડિયા અને રાજ્યનાં લોકનૃત્યોની કલાથી શણગારવામાં આવી છે.

### ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ એટલે શું ?

ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ એટલે એવું ઍરપોર્ટ કે જે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ હોય. જ્યાં ઇન્ટરનૅશનલ ઍરપોર્ટનું પાયાથી બાંધકામ શરૂ થયું હોય, કોઇ હયાત ઍરપોર્ટ કે માળખામાં બદલાવ કે અપગ્રેડ કરીને બનાવાયું ન હોય. સામાન્ય રીતે શહેરની બહાર આવેલી ખેતીની કે વણવપરાયેલી જમીન પર શૂન્યમાંથી સર્જન કરીને પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવે તેને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ કહેવામાં આવે છે. આવા પ્રોજેક્ટ માટે એવી જમીન સંપાદિત કરવામાં આવે છે કે જેનું માળખું ન્યૂનતમ હોય છે, જેનો ફાયદો એ છે કે જમીન પર કોઈ જૂનું બાંધકામ કે રોડ ન હોવાથી નવા પ્રોજેક્ટની ડિઝાઇન માટે કોઇ મર્યાદા નડતી નથી, તરત જ નિર્માણકાર્ય શરૂ કરી શકાય છે અને ખાલી જમીનના ઉપયોગ થકી વિકાસ થાય છે. ઉપરાંત આવી જમીન પર મોટો પ્રોજેક્ટ કરવા માટે શહેરના બહારના અવિકસિત વિસ્તારમાં માળખાગત સુવિધાઓના નિર્માણ સાથે નવા ધંધા રોજગારની તકો ઊભી થાય છે.

### ભારતનાં ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ્સ

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ્સ પૉલિસી-૨૦૦૮ અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત સમગ્ર દેશમાં ગ્રીનફિલ્ડ ઍરપોર્ટના નિર્માણ સંબંધિત વિગતવાર માર્ગદર્શિકા, પ્રક્રિયાઓ અને તબક્કાઓ નિર્ધારિત કરવામાં આવ્યાં છે. GFA નીતિ હેઠળ, ભારત સરકારે ગુજરાતમાં ધોલેરા અને હિરાસર સહિત અન્ય રાજ્યોમાં કુલ ૨૧ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ સ્થાપવા માટે ‘સૈદ્ધાંતિક’ મંજૂરી આપી છે. આમાંના ૧૧ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ કાર્યરત પણ થઇ ગયાં છે. હિરાસર ઍરપોર્ટ દેશનું ૧૨મું ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ બન્યું છે. ●

# સેમિકોન ઇન્ડિયા-૨૦૨૩

## સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત વિશ્વનું 'પાવર કન્ડક્ટર' સાબિત થશે


જે સમય સાથે ચાલે છે તે જ આગળ વધી શકે છે, બાકીના ભૂતકાળ બને છે. આપણા દેશના સદ્ભાગ્ય છે કે, આપણા દેશનું નેતૃત્વ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. છેલ્લાં નવ વર્ષમાં ભારતનું નામ વિશ્વભરમાં અલગ રીતે ઊભરી આવ્યું છે. વિશ્વના દેશો ભારતસાથે કાર્ય કરવા ઉત્સુક બન્યા છે. કોરોના બાદ વિશ્વમાં સર્જાયેલી સ્થિતિમાંથી ભારતને આર્થિક રીતે મજબૂત કરવા 'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ કર્યો. આજે ભારત અનેક ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે. આજના ડિજિટલ અને ઈલેક્ટ્રિકલ યુગમાં સેમિકન્ડક્ટર આર્થિક શક્તિના સાધન તરીકે ઊભરી આવ્યું છે. ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧માં 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ની શરૂઆત કરી હતી. બે વર્ષના ટૂંકાગાળામાં ભારતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે વિશ્વના દેશોનું ધ્યાન ખેંચ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત પણ અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. ગુજરાત સેમિકન્ડક્ટર પૉલિસી ૨૦૨૨-૨૭ લાવનાર દેશનું પ્રથમ રાજ્ય છે.



તાજેતરમાં ગુજરાત સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવા આયામો સર કરવાનું સાક્ષી બન્યું હતું. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બીજી સેમિકોન ઇન્ડિયા-૨૦૨૩નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દૃઢ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટરના નિર્માણ ક્ષેત્રે ભારત ગ્લોબલ હબ બનવા સંપૂર્ણપણે તૈયાર છે. ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રનું પાવર કન્ડક્ટર સાબિત થશે. વર્તમાન સમય ચોથી વૈશ્વિક ઔદ્યોગિક ક્રાંતિનો સમય છે, જેનું નેતૃત્વ કરવા ભારત સજ્જ છે. ભારતના યુવાનો મહત્ત્વાકાંક્ષી છે, સાથોસાથ તેઓ પોતાની વૈશ્વિક જવાબદારી સમજીને મેક ફોર ઇન્ડિયાની સાથે મેક ફોર ધ વર્લ્ડના સૂત્રને અનુરૂપ વિકાસ કરી રહ્યા છે. ભારતમાં રોકાણ કરનારાઓને બમણા કે ત્રણ ગણા વળતરની ખાતરી આપતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ભારત સાથે પોતાનાં સપનાઓ અને અપેક્ષાઓ જોડીને ભરોસો મૂકનારાઓને આ દેશ ક્યારેય નિરાશ કરતો નથી.

આ પ્રસંગે સેમિકન્ડક્ટર ક્ષેત્રની વિશ્વની દિગ્ગજ કંપનીઓના વડાઓ તેમજ પ્રતિનિધિઓને આવકારતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજથી એક વર્ષ પહેલા યોજાયેલી પ્રથમ સેમિકોન ઇન્ડિયા સમિટમાં ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે રોકાણ શા માટે કરવું ? એ પ્રશ્ન પર વિશદ ચર્ચાઓ થઈ હતી, પરંતુ આજે એક વર્ષ પછી ભારતીય યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓના પરિણામસ્વરૂપ આ પ્રશ્ન બદલાઈ ગયો છે અને આજે 'ભારતમાં રોકાણ શા માટે ન કરવું ?' એ પ્રશ્ન પર ચિંતન કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દાની છણાવટ કરતાં વડાપ્રધાનશ્રીએ મૂરના નિયમ(Moore's Law)નું ઉદાહરણ આપીને કહ્યું કે, ભારતે પણ ડિજિટલ અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. તેમણે કહ્યું હતું કે, ૨૧મી સદી એ ભારત માટે અવસરોની સદી છે. વિશ્વની આ સૌથી મોટી લોકશાહી તરીકે અહીં સ્કિલ્ડ ફોર્સ છે. ડેમોક્રેસી, ડેમોગ્રાફી થકી મળતા ડિવિડન્ડથી







અહીં રોકાણ કરનારાનો બિઝનેસ બમણો-ત્રણ ગણો થશે.

ગ્લોબલ ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ભારતનું યોગદાન અનેક ગણું વધ્યું છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું ઇલેક્ટ્રોનિક ઉત્પાદન ૩૦ બિલિયન ડૉલરથી ઓછું હતું, જે આજે ૧૦૦ બિલિયન ડૉલરને પાર કરી ગયું છે. છેલ્લાં ૨ વર્ષમાં ઇલેક્ટ્રોનિક્સ અને મોબાઇલ ઉપકરણોની નિકાસ બમણી થઈ છે. વર્ષ ૨૦૧૪ પછી ભારતમાં થયેલા ટેક્નોલોજિકલ વિકાસ પર પ્રકાશ પાડતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, વર્ષ ૨૦૧૪ પહેલા ભારતમાં માત્ર બે મોબાઇલ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતાં જ્યારે આજે ૨૦૦થી પણ વધુ યુનિટ છે. વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમાં બ્રોડબેન્ડ યુઝર્સની સંખ્યા માત્ર ૬ કરોડ હતી, જે આજે ૮૦ કરોડથી પણ વધુ થઈ છે. જ્યારે ઇન્ટરનેટ કનેક્શનની સંખ્યા ૨૫ કરોડથી વધીને આજે ૮૫ કરોડ જેટલી થઈ છે. વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ આંકડાઓ માત્ર ભારતની પ્રગતિ જ નહીં, પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રે થઈ રહેલા વ્યાવસાયિક વિકાસનો માપદંડ છે.

વડાપ્રધાનશ્રીએ ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉપલબ્ધ નીતિઓ અંગે વિગતવાર માહિતી આપતાં કહ્યું હતું કે, આજે દેશમાં સૌથી ઓછો કોર્પોરેટ ટેક્સ ભારતમાં છે. ૨૦૧૪ પછી ઇઝ ઑફ ડૂઈંગ બિઝનેસને ધ્યાને લઈને ઔદ્યોગિક વિકાસ માટે નડતરરૂપ અનેક જૂના કાયદાઓ અને ગૂંચવણોને દૂર કરવામાં આવ્યા છે. સ્પેશિયલ ઇન્સેન્ટિવ્સ પણ આપ્યાં છે. એટલું જ નહીં, ૫૦ ટકા સુધીની નાણાકીય સહાય સાથે સરકાર સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટિમને બળ પૂરું પાડી રહી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે અનેક ઇન્ડસ્ટ્રિયલ રિફોર્મ્સની સાથે ભારત આજે વિશ્વની સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીનું પાવર કન્ડક્ટર બનવા માટે સજ્જ છે.

વર્તમાન વૈશ્વિક ઔદ્યોગિક વિકાસને ચોથી વૈશ્વિક ઔદ્યોગિક ક્રાંતિ ગણાવીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિઓ કોઈ ને કોઈ દેશની મહત્ત્વાકાંક્ષાનું પરિણામ છે. ત્યારે આજનો યુગ એ ભારતનો સમય છે. ભારતમાં ગરીબી આજે તીવ્ર ગતિએ ઘટી રહી છે અને એક નવો મધ્યમ વર્ગ - નિઓ મિડલ ક્લાસ ઊભરી રહ્યો છે. આજનો ભારતનો યુવાન મહત્ત્વાકાંક્ષી છે અને ટેક્નોલોજી એડોપ્શન માટે હંમેશાં તત્પર રહે છે. વિશ્વને આજે ચિપ સપ્લાય ચેઇનની જરૂર છે અને ભારતથી વધુ વિશ્વાસપાત્ર કોણ હોય શકે ? તેવું ગૌરવભેર જણાવતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે ભારત પર દુનિયાનો ભરોસો સતત વધી રહ્યો છે. જેની વૈશ્વિક જવાબદારી ભારત પણ સુપેરે સમજે છે અને માત્ર મેક ફોર ઇન્ડિયા નહીં, પરંતુ મેક ફોર ધ વર્લ્ડના ભાવ સાથે સેમિકન્ડક્ટર

ક્ષેત્રનું હબ બનવા અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નેતૃત્વ કરવા તૈયાર છે. આ માટે સાથી દેશોના સહયોગથી વિસ્તૃત રોડમેપ તૈયાર કરીને કામ થઈ રહ્યું છે.

તાજેતરમાં જ ભારતે નૅશનલ ક્વૉન્ટમ મિશનને મંજૂરી આપી છે. સેમિકન્ડક્ટર ઈકો-સિસ્ટિમ માટે બદલાવો કરવામાં આવી રહ્યા છે. આ માટે દેશભરમાંથી ૩૦૦ જેટલી કૉલેજોની ઓળખ કરવામાં આવી છે. જ્યાં સેમિકન્ડક્ટર વિષય પરના અભ્યાસક્રમોની શરૂઆત થશે. એક અંદાજ પ્રમાણે આગામી પાંચ વર્ષમાં એક લાખ ડિઝાઈન એન્જિનિયર તૈયાર થશે. ભારતની સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટિમથી સેમિકન્ડક્ટર ક્ષેત્રને નવું બળ મળશે. જેના થકી ભારત વિશ્વની સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીનું પાવર-કન્ડક્ટર બનશે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે કરાયેલા સફળ પુરુષાર્થના પરિણામે વિશ્વસ્તરની ઈકોસિસ્ટિમ સાથે ગુજરાત મોટાપાયે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કરનારું દેશનું પ્રથમ રાજ્ય બનશે. ગુજરાત





સેમિકન્ડક્ટર પૉલિસી ૨૦૨૨-૨૭ લાવનાર દેશનું પ્રથમ રાજ્ય છે. આ પૉલિસી અંતર્ગત સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં ગુજરાત દેશનું હબ બનશે. ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગ્લોબલ પ્લેયર બનાવવાનું વડાપ્રધાનશ્રીનું વિઝન છે. આ વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે સમર્પિત સેમિકડક્ટર પૉલિસી જાહેર કરી છે. ગુજરાતે સેમિકન્ડક્ટર પૉલિસી અંતર્ગત અનેક આકર્ષક લાભ અને ઈન્સેન્ટિવ્સની વ્યવસ્થા કરી છે, જે સેમિકન્ડક્ટર સેક્ટર માટે ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન બનાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત પૉલિસીડ્રીવન સ્ટેટ છે અને ગુજરાતની પારદર્શક, સફળ અને ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી પૉલિસીઝના પરિણામે આજે ગુજરાત અનેક ગ્લોબલ કંપની માટે બિઝનેસ સેન્ટર બન્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ જ આજે ગુજરાત દેશનું મેન્યુફેક્ચરિંગ અને ઓટો હબ બન્યું છે. ગુજરાતમાં આજે વૈશ્વિક કક્ષાનું લૉજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે.



વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે ધોલેરામાં ઈન્ડસ્ટ્રિયલ ઈકોસિસ્ટિમ અને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. આજે એ જ ધોલેરા એક સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન તરીકે વિકસિત થઈ રહ્યું છે. ધોલેરામાં સ્ટેટ ઑફ ધિ આર્ટ ઈન્ડસ્ટ્રિયલ યુટિલિટીઝ ઉપલબ્ધ છે, જે ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝને ગુજરાતમાં રોકાણ માટે આકર્ષિત કરે છે. ધોલેરામાં ઉપલબ્ધ આ ઈન્ડસ્ટ્રિયલ સુવિધાઓ, સેમિકન્ડક્ટર જેવા વૈશ્વિક માંગ ધરાવતા ક્ષેત્ર માટે શ્રેષ્ઠ વ્યૂહાત્મક સ્થળ છે.

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ તથા ઈન્ફોર્મેશન અને ટેકનૉલૉજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, દેશની વિકાસયાત્રાનો આજે સીમાચિહ્નરૂપ દિવસ છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દરેક ક્ષેત્રમાં સર્વોચ્ચ વિકાસ કરી રહ્યા છે અને આજે આપણે સૌ તેનું પરિણામ જોઈ રહ્યા છીએ. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ભારત દેશ સૌથી મોટા અર્થતંત્રમાં દસમા સ્થાનેથી પાંચમા ક્રમે આવી ગયો છે અને વિશ્વની ત્રણ સર્વોચ્ચ ઈકોનોમીમાં સ્થાન મેળવવાના લક્ષ્યાંક સાથે હાલ મક્કમતાથી ભારત આગળ વધી રહ્યું છે.

આ સમારોહમાં એડવાન્સ માઈક્રો ડિવાઈસીસ કંપનીના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને ચીફ ટેક્નૉલૉજી ઑફિસર શ્રી માર્ક પેપરમાસ્ટર, સેમિકન્ડક્ટર પ્રોડક્ટ્સ ગ્રૂપના પ્રેસિડેન્ટ શ્રી પ્રભુ રાજા, વેદાંતા ગ્રૂપના ચેરમેન શ્રી અનિલ અગ્રવાલ, માઈક્રોન ટેક્નૉલૉજીના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી સંજય મેહરોત્રા, ફોક્સકોનના ચેરમેન શ્રી યંગ લિયુ, સેમિકન્ડકટર ઈક્વિપમેન્ટ એન્ડ મટિરિયલ્સ ઈન્ટરનેશનલ (SEMI) ના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી અજીત મનોચા તેમજ કેડેન્સ કંપનીના પ્રેસિડેન્ટ શ્રી અનિરુદ્ધ દેવગણે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

આ કાર્યક્રમ દરમિયાન રાજ્ય મંત્રીમંડળના સભ્યશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ, સેમિકન્ડક્ટર ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સહિત યુવા ઉદ્યમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## સેમિકન્ડક્ટર ચિપ શું છે?

**જે પદાર્થમાંથી વીજળીનું વહન થાય તેવા પદાર્થોને સુવાહક અથવા કન્ડક્ટર કહેવામાં આવે છે. જેમ કે, લોખંડ, તાંબુ, એલ્યુમિનિયમ વગેરે. જે પદાર્થમાંથી વીજળી પસાર ન થઈ શકે તેવા પદાર્થને અવાહક એટલે કે ઈન્સ્યુલેટર કહેવામાં આવે છે. જેમ કે, રબર, લાકડું, પ્લાસ્ટિક વગેરે. ઈલેક્ટ્રીસિટીને જ્યાં પસાર કરવી હોય ત્યાં કન્ડક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ જ્યાં ઈલેક્ટ્રીસિટીને રોકી રાખવાની હોય ત્યાં ઈન્સ્યુલેટરનો ઉપયોગ કરવામાં આવે છે. કમ્પ્યૂટર, ફ્રિઝ, મોબાઈલ જેવાં સાધનોમાં ઈલેક્ટ્રીસિટી પસાર કરવાની સાથે તેને રોકવાની પણ જરૂર રહે છે. આ જરૂરિયાતને પૂરી કરવા માટે અર્ધવાહક પદાર્થ એટલે કે સેમિકન્ડક્ટર ઉપયોગી છે. આવા અર્ધવાહક પદાર્થોમાંથી જે ચિપ બને છે તે સેમિકન્ડક્ટર ચિપ છે. આ સેમિકન્ડક્ટર ચિપ મોબાઈલ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ સહિત આપણા રોજબરોજના ઉપયોગમાં ખૂબ જરૂરી બની છે.**






# દેશ- વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓના સંબોધનના મહત્ત્વના અંશો

***સેમિકન્ડક્ટર અને ચિપ્સ ઉત્પાદન સાથે સંકળાયેલા દેશ-વિદેશના ઉદ્યોગપતિઓએ ભારત તેમજ ગુજરાતની સેમિકન્ડક્ટર્સ ઉત્પાદનને અનુકૂળ નીતિઓની પ્રશંસા કરી હતી. સેમિકન્ડક્ટર્સ ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓના વડાઓએ કરેલા સંબોધનના મહત્ત્વના અંશો...***



"અમે દૃઢપણે માનીએ છીએ કે આ ભારતનો સમય છે. આજના ટૅક્નોલોજી સંબંધિત પડકારો અનેક છે અને તેના માટે એકબીજા સાથે ભાગીદારી અને નવીનીકરણ મહત્ત્વપૂર્ણ છે. આજે અહીં ૨૫ વૈશ્વિક સપ્લાયર્સ અને ૫ સ્થાનિક સપ્લાયર્સ ઉપસ્થિત છે."

**શ્રી પ્રભુ રાજા, પ્રેસિડેન્ટ, સેમિકન્ડક્ટર્સ પ્રોડક્ટ ગ્રૂપ (SPG)**



"ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવા માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનુ છું, સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કરું છું કે, તેમણે સેમિકન્ડક્ટરને અનુકૂળ ઈકોસિસ્ટિમને વિકસિત કરવામાં તેમનું સમર્થન આપ્યું છે. અમે માત્ર માઈક્રોન, ગુજરાત કે ભારત માટે જ નહીં પરંતુ વિશ્વ માટે ટૅક્નોલોજીનું ભવિષ્ય ઘડી રહ્યા છીએ.

**શ્રી સંજય મેહરોત્રા, પ્રેસિડેન્ટ અને સીઈઓ, માઈક્રોન ટૅકનોલોજી**



"લગભગ ૧૫ વર્ષથી ફોક્સકોન સપ્લાય ચેઈન સુવિધામાં મજબૂત ભાગીદાર છે. આ પ્રકારની સુવિધાઓનું નિર્માણ કરવા માટે વિવિધ પ્રકારની કુશળતા, વિશ્વાસ અને કામ કરવાના જુસ્સાની જરૂર પડે છે. હું આશા રાખું છું કે, તાઈવાનનો આ જુસ્સો ભારતમાં પણ પરિવર્તિત થશે અને અને તેનાથી ભારત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમનું હબ બનશે. તાઈવાન ભારતનું સૌથી ભરોસાપાત્ર ભાગીદાર છે અને રહેશે."

**શ્રી યંગ લિયુ, ચેરમેન, ફોક્સકોન**

"એશિયામાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત આગામી પાવર હાઉસ બનશે. આગામી ૬ થી ૭ વર્ષમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગ ૧ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી જશે. ભારતમાં સેમિકન્ડક્ટર અંગેની મજબૂત નીતિઓ બનાવવામાં આવી છે. ભારતમાં પ્રથમ વખત સ્થાનિક નીતિઓ સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે અનુકૂળ છે, તેનો સંપૂર્ણ શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દીર્ઘદૃષ્ટા મંત્રીઓ શ્રી અશ્વિની વૈષ્ણવ અને શ્રી રાજીવ ચંદ્રશેખરજીને જાય છે. સેમિના સી.ઈ.ઓ તરીકે હું કહીશ કે, સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં વિકસિત થવા માટે સેમિનો ભારતને પૂર્ણરૂપે સહયોગ રહેશે."



**શ્રી અજિત મનોચા, પ્રેસિડેન્ટ અને સીઈઓ,**
**સેમિકન્ડક્ટર ઇક્વિપમેન્ટ એન્ડ મટીરીયલ્સ ઇન્ટરનેશનલ (SEMI)**



ભારતની સિલિકોન વેલી બનવા માટે ગુજરાત યોગ્ય સ્થળ છે. ગુજરાત સરકારે એક સાનુકૂળ ઈકોસિસ્ટિમ બનાવી છે જેનાથી અમે ખુશ છીએ. સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ યુનિટ બનાવવા માટે વેદાંતા પ્રતિબદ્ધ છે.


**શ્રી અનિલ અગ્રવાલ, ચેરમેન, વેદાંતા ગ્રૂપ**

"AMD આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૪૦૦ મિલિયન યુ.એસ. ડૉલરનું રોકાણ કરશે. વર્ષ-૨૦૨૮ના અંત સુધીમાં અમે ભારતમાંથી વધુ ૩૦૦૦ જેટલા એન્જિનિયરોને સામેલ કરીને આ વિકાસયાત્રા આગળ વધારીશું. ભારતના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમના નિર્માણમાં અમે મજબૂત ભાગીદાર બનીશું."



**શ્રી માર્ક પેપરમાસ્ટર,**
**એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ**
**એડવાન્સ માઈક્રો ડિવાઇસીસ**

"ભારત સેમિકન્ડક્ટર્સમાં રોકાણ કરી રહ્યું છે તે સાંભળીને ખૂબ આનંદ થઈ રહ્યો છે. કારણ કે ભારત ભવિષ્યમાં સેમિકન્ડક્ટર્સ માટે મહત્ત્વનો ભાગ ભજવશે. તેમણે જણાવ્યું હતું કે, ચિપ્સ ડિઝાઈન કરવા માટે અહીં ઘણા વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને વૈશ્વિક કંપનીઓ છે. જ્યારે અમારી પાસે યુ.એસ. માં ઘણી બધી તકનીકો છે પરંતુ દરેક સ્માર્ટ વ્યક્તિના સાપેક્ષમાં ભારતમાં સેંકડો સ્માર્ટ લોકો છે. સેમિકન્ડક્ટર્સમાં રોકાણ ભારત માટે અપાર તકોનું સર્જન કરશે કારણ કે માત્ર વૈશ્વિક ઉત્પાદકો અથવા વિશાળ કંપનીઓ જ નહીં પરંતુ સ્થાનિક ઉત્પાદકો અને સ્વદેશી ઉત્પાદન કંપનીઓને પણ આ રોકાણથી પ્રોત્સાહન મળશે."



**શ્રી અનિરુદ્ધ દેવગણ,**
**પ્રેસિડેન્ટ, કેડેન્સ**

# ગાંધીનગરમાં સેમિકોન ઈન્ડિયા - ૨૦૨૩ પ્રદર્શન યોજાયું




સેમિકન્ડક્ટર આધુનિક ઉદ્યોગ જગતની પાયાની જરૂરિયાત છે. ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ્યુનિકેશન, ઓટોમોટિવ, હેલ્થકેર સહિતના વિવિધ ઉદ્યોગોમાં સેમિકન્ડક્ટરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. એટલે જ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ગુજરાતે દેશમાં સૌપ્રથમ સેમિકન્ડક્ટર પૉલિસી જાહેર કરી છે. આ સાથે, આ ક્ષેત્રને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આજે સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. દેશ-વિદેશની સેમિકન્ડક્ટર ચીપ કંપનીઓ દ્વારા ગુજરાતમાં સેમિકન્ડક્ટરના સેક્ટરમાં રોકાણથી રાજ્યમાં રોજગારીના નવા દ્વાર ખૂલી રહ્યાં છે.

આ સંદર્ભમાં તાજેતરમાં ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩ અંતર્ગત આયોજિત પ્રદર્શનનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઇ.ટી રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રદર્શનમાં સેમિકન્ડક્ટર ડિઝાઈન, મેન્યુફેક્ચરિંગ અને ટૅક્નોલોજી ડેવલપમેન્ટમાં ભારતની વૈશ્વિક પાવર હાઉસ બનવા તરફની સફરને પ્રદર્શિત કરવામાં આવશે. સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩માં SCL, ISRO અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર જેવી અન્ય સંસ્થાઓએ પણ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

મહાત્મા મંદિરના પ્રદર્શન હોલ ખાતે રાજ્યના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.●



## સેમિકન્ડકટર ક્ષેત્રની અગ્રણી કંપનીના પદાધિકારીઓની મુખ્યમંત્રીશ્રી સાથે બેઠક

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારતે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ દિશામાં મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ મેળવી છે અને ગુજરાતને તેની પ્રથમ શરૂઆતનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સેમિકન્ડક્ટર કંપની એડવાન્સડ માઈક્રો ડિવાઈસ AMDના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને CTO શ્રીયુત માર્ક પેપરમાસ્ટર અને સિમટેક હોલ્ડિંગ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રીયુત જેફરી ચુને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બેઠક યોજી હતી.





આ બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ચાલી રહેલા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્રોગ્રામને સફળ બનાવવા ગુજરાત સંપૂર્ણ સજ્જ છે તેની ભૂમિકા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી હતી.

આ સંદર્ભમાં તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું કે, પોતાની ડેડિકેટેડ સેમિકન્ડક્ટર પૉલિસી જાહેર કરનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત છે. આ પૉલિસી અંતર્ગત અપાતાં પ્રોત્સાહનો-ઈન્સેન્ટિવ્ઝની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

AMDના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી માર્ક પેપરમાસ્ટરે ગુજરાતની આ સેમિકન્ડક્ટર પૉલિસીની સરાહના કરતાં જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર હબ બનવાની સમગ્ર ઈકોસિસ્ટિમ ગુજરાતમાં વિકસી રહી છે તે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ગ્લોબલ પ્લેયર માટે રોકાણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ જ રીતે, સાઉથ કોરિયાની સિમટેક હોલ્ડિંગ્સના વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠક ફળદાયી રહી હતી. સિમટેક હોલ્ડિંગ્સ લિમિટેડે ભારત સરકારની સ્કીમ ફોર પ્રમોશન ઓફ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રોનિકલ કોમ્પોનન્ટ સેમિકન્ડક્ટર અન્વયે સપ્લાય ચેઇન માટે એપ્લાય કરેલું છે અને આ સંદર્ભમાં ગુજરાત સરકારની IT પૉલિસીના ઈન્સેન્ટિવ્ઝ તેમને મળવાપાત્ર છે તે અંગે પણ આ બેઠકમાં પરામર્શ થયો હતો. સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩ની સફળતાને પગલે ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી માટેની ગ્લોબલ ઓપોર્ચ્યુનિટીઝ ઊભી થશે એમ પણ શ્રીયુત જેફરીએ બેઠકમાં જણાવ્યું હતું. ●











# સૌરાષ્ટ્રના વરસાદી અસરગ્રસ્ત જિલ્લાઓમાં હવાઈ નિરીક્ષણ

સૌરાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદ બાદ ઊભી થયેલી પરિસ્થિતિ જાણવાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અસરગ્રસ્ત જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જ્યાં પાણી ભરાયાં હતાં તે વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને જૂનાગઢમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ, પોરબંદર, ગીર -સોમનાથ, ભાવનગર અને રાજકોટ જિલ્લાના કલેક્ટર સાથે વીડિયો કૉન્ફરન્સ યોજીને તેમના જિલ્લાઓની વરસાદી સ્થિતિનો તાગ પણ મેળવ્યો હતો.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ખેતી પાક અને ઘરવખરીને જ્યાં નુકસાન થયું છે ત્યાં તાત્કાલીક સર્વે કરીને સરકારના ધારાધોરણ મુજબ વહેલાસર સહાય આપવા માટે સૂચના આપી હતી. અતિ ભારે વરસાદની સ્થિતિમાં પશુપાલકોનું ઘાસ પલળી ગયું છે અથવા તો પાણીમાં વહી ગયું છે તેવી રજૂઆતોને ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક સૂકું ઘાસ અસરગ્રસ્ત જિલ્લાઓમાં પહોંચાડવા વન વિભાગ અને આ અંગે સંકલન કરતા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.


વરસાદી અસરગ્રસ્ત જિલ્લાઓમાં થયેલા પશુમૃત્યુ અંગે ચિંતા વ્યક્ત કરીને મુખ્યમંત્રીશ્રીએ માલધારીઓને નિયમાનુસાર સહાય ત્વરાએ મળે તેવો સંવેદનાપૂર્ણ અભિગમ દાખવી જરૂરી કાર્યવાહી કરવા પણ માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્રના જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, ગીર-સોમનાથ, ભાવનગર જિલ્લાનાં કલેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી કે રોગચાળો ન ફેલાય તે માટે વરસાદ અટકે કે, તુરંત જ સફાઈ કામગીરી અગ્રતાક્રમે હાથ ધરવી જરૂરી છે. તેમણે જરૂરિયાત મુજબ આરોગ્યની વધારાની ટીમ અન્ય જિલ્લાઓમાંથી બોલાવીને પણ આ કામગીરી થાય તેવા દિશાનિર્દેશો આપ્યા હતા. ખેતીવાડીના થયેલા નુકસાન અંગે મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, પાણી ઊતરી જાય એટલે ત્વરાએ સર્વે કામગીરી હાથ ધરાવી જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીનાં સૂચનો ધ્યાને લઈ તેમજ અધિકારીઓની સ્થળ પરની મુલાકાત બાદના અહેવાલો અને સૂચનો પણ







ધ્યાને લઈને ઘેડમાં દર વર્ષે ભરાતા પાણીના નિકાલ માટે કાયમી વ્યવસ્થાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો.

આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જિલ્લાના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર અને રાજકોટના કલેક્ટરશ્રીઓએ જિલ્લા તંત્ર દ્વારા થયેલી બચાવ-રાહતની કામગીરીની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપી હતી.

આ બેઠકમાં અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, પ્રભારી સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, રાહત કમિશનર શ્રી આલોકકુમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી રાજેશ તન્ના જોડાયા હતા. ●

## ગાંધીનગર SEOCમાં પૂરની સ્થિતિની સમીક્ષા

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરથી સમીક્ષા કરી હતી. જૂનાગઢમાં ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિને પગલે મુખ્યમંત્રીશ્રી અન્ય શહેરનો તેમનો પ્રવાસ ટૂંકાવી હવાઈ માર્ગે અમદાવાદ પહોંચ્યા હતા અને ત્યાંથી વરસતા વરસાદમાં સીધા જ ગાંધીનગર સ્ટેટ કન્ટ્રોલ રૂમ પહોંચ્યાં હતા. મુખ્યંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કૉન્ફરન્સ કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

જૂનાગઢ શહેરમાં જ્યાં વધુ પાણી ભરાયાં છે ત્યાંના લોકોને સલામત સ્થળે ખસેડવા માટેની વ્યવસ્થા અંગે તેમજ પાણીગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પૅકેટ્સ વગેરે પહોંચાડવાની વ્યવસ્થા અંગે મુખ્યમંત્રીશ્રીએ જાણકારી મેળવી હતી.



આ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, જિલ્લા પ્રભારી સચિવ શ્રી મનીષ ભારદ્વાજ તેમજ રાહત કમિશનર આલોક પાંડે જોડાયા હતા. જૂનાગઢ કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયા તેમજ કમિશનર શ્રી રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજાએ સ્થાનિક તંત્રએ કરેલી તત્કાલ અને સમયસરની કામગીરીની માહિતી આપી હતી. ●

## લાઠીની ગાગડિયો નદીની વહનક્ષમતા વધારાશે

# અમરેલીમાં 'યુએન વૉટર કૉન્ફરન્સ તળાવ'નું લોકાર્પણ



રાજ્યમાં જળસિંચન દ્વારા સર્વાંગી વિકાસ કરવાની નેમ સાથે નદી, તળાવ અને ચેકડેમને ઊંડા-પહોળા કરવાં તેમજ તેની સાફસફાઈ અને જાળવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે અમરેલીના લાઠી તાલુકામાં ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન ભાગીદારીમાં ૨૮ કિ.મી. લાંબી ગાગડિયો નદીને ઊંડી અને પહોળી કરવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં દુધાળા ગામે ગાગડિયો નદી પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'યુએન વૉટર કૉન્ફરન્સ તળાવ'નું લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે ઉદ્બોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ભાવિ પેઢી માટે પાણી બચાવવા માટે દરેક ગામમાં અમૃત સરોવરો બનાવવા અને સૂકી નદીઓને પુનર્જીવિત કરવી જરૂરી છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ગુરુકુળ સ્થિત પ્રાકૃતિક ખેતીના મોડલ વિશે જાણકારી આપી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનું અંતર





સમજાવી પ્રાકૃતિક ખેતીથી થયેલા ફાયદાઓ જણાવ્યા હતા અને ખેડૂતોને રાસાયણિક ખાતરમુક્ત ખેતી કરવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ જળસિંચન તેમજ પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં તમામ પ્રકારનો સહયોગ આપવા બદલ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન પણ કર્યુ હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જળસિંચનનું ભગીરથ કાર્ય કરવા બદલ ધોળકિયા પરિવાર અને શ્રી સવજીભાઈ ધોળકિયાને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, કુદરતી સ્રોત દ્વારા વધુ ને વધુ જનકલ્યાણ થઈ શકે તે માટે રાજ્ય સરકાર અને વિવિધ સંસ્થાઓના સહયોગથી જળસંચયનાં અને ગ્રીન એનર્જીને લગતાં કામો થયા છે. શ્રી સવજીભાઈ ધોળકિયાના નેતૃત્વમાં ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચય થકી રાષ્ટ્રસેવાના ઉમદા કાર્યને બિરદાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ વિસ્તારમાં ૬૦ જેટલાં ગામોમાં સહિયારા પ્રયાસોથી જળસંચય માટે અમૃત સરોવરોનું નિર્માણ થયું અને તેના લીધે રમણીય નજારો સર્જાયો છે. આ કાર્ય માટે સહયોગ આપનારાં તમામ ગામો અને તેના ગ્રામજનોને તેમણે અભિનંદન આપી ગાગડિયો નદીને ઊંડી ઉતારવા અને પહોળી કરવાના કાર્યને પ્રેરણાદાયી ગણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણના આહ્વાનના પગલે આજે રાજ્યના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણ થયું છે. ગુજરાત સરકારે પણ જ્યાં જ્યાં પાણીનો સંગ્રહ થઈ શકે તેમ છે ત્યાં જળસંચય માટેનાં કામ હાથ ધર્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ખેતી, ધંધા-રોજગાર અને અન્ય માળખાકીય સુવિધાના વિકાસમાં પાણી અનિવાર્ય છે, રાજ્યમાં જળસંચયનાં વધુ કાર્યો થાય તે જરૂરી છે.

ધોળકિયા ફાઉન્ડેશનના પ્રણેતા શ્રી સવજીભાઈ ધોળકિયાએ ગુજરાત રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી આ ૧૨૫ જેટલા સરોવરનું નિર્માણકાર્ય શક્ય બન્યું હોવાનું જણાવ્યુ હતું.

રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ તકે જળસિંચનની ક્ષમતા અને આ નદીની અગાઉની સ્થિતિ વિશે વિગતો મેળવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા, ધોળકિયા ફાઉન્ડેશનના સ્થાપક શ્રી સવજીભાઈ ધોળકિયા તેમજ જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાત પ્રથમવાર પ્રતિષ્ઠિત ફિલ્મફેર ઍવૉર્ડનું યજમાન બનશે

# રાજ્યની ટૂરિઝમ અને સિનેમેટિક કોમ્યુનિટીને નવું બળ મળશે





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ૨૦૨૨માં જાહેર કરેલી સિનેમેટિક ટૂરિઝમ પૉલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે. ત્યારે આગામી વર્ષે ગુજરાત પ્રથમવાર ફિલ્મફેર ઍવૉર્ડસનું યજમાન બનશે. આવતા વર્ષે યોજાનારા ૬૯મા ફિલ્મફેર ઍવૉર્ડસ યોજવા માટે તાજેતરમાં ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઇડ મિડીયા પ્રા. લિમિટેડ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે MOU કરવામાં આવ્યા હતા. આ એમ.ઓ.યુ. પર પ્રવાસન નિગમ ના એમ.ડી. સૌરભ પારઘી અને વર્લ્ડ વાઇડ મીડિયા વતી સી.ઈ.ઓ શ્રી દીપક લાંબાએ હસ્તાક્ષર કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ફિલ્મફેર ઍવૉર્ડ્સ એ ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત ઍવૉર્ડ્સમાંના એક છે. આવા પ્રતિષ્ઠિત ઍવૉર્ડ સમારોહનું આયોજન રાજ્યમાં થવાથી મોટી સંખ્યામાં હસ્તીઓ, ફિલ્મ નિર્માતાઓ અને ઉદ્યોગ વ્યાવસાયિકો ગુજરાત આવશે. મુલાકાતીઓનો આ પ્રવાહ રાજ્યમાં પ્રવાસન, હોટેલ બુકિંગ અને અન્ય પ્રવૃત્તિઓને વેગ આપશે, અને લોકલ ઇકોનોમીને બુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્ટ જનરેશન પણ થઈ શકશે.

ફિલ્મફેર ઍવૉર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન સરળ બનાવશે. ગુજરાતના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વ્યવસાયિકો સાથે વાતચીત અને વિચારોના આદાન-પ્રદાન કરવાની તેમજ ફિલ્મ પ્રોડક્શનમાં ન્યૂ ટ્રેન્ડ, ટેક્નોલોજી અને ટેક્નિક્સ વિશે જાણવાની તક મળશે. રાજ્યમાં ફિલ્મફેર ઍવૉર્ડ્સના આયોજનથી રાજ્યને ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ કરી શકાશે. તેનાથી ગુજરાતને સંભવિત ફિલ્મી લોકેશન તરીકે નોંધપાત્ર એક્સપોઝર અને પ્રમોશન મળશે. આ ઇવેન્ટ રાજ્યના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન કરશે, જે ફિલ્મ નિર્માતાઓને ગુજરાતના ભવિષ્યના ફિલ્મ પ્રોજેક્ટ્સ માટે બેકડ્રોપ તરીકે ઉપયોગ કરવા માટે આકર્ષિત કરશે. તેના પરિણામે રાજ્યમાં ફિલ્મ નિર્માણ અને રોકાણમાં વધારો થશે.

ટાઇમ્સ ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત જૈને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને વર્લ્ડવાઇડ મીડિયા વચ્ચેની ભાગીદારીથી ફિલ્મ જગતને નવી તાકાત મળશે.લોકપ્રિય હિન્દી ફિલ્મ અભિનેતા શ્રી ટાઇગર શ્રોફે ગુજરાતમાં ફિલ્મફેરના આયોજન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, અમારા પરિવારનો નાતો ગુજરાત સાથે રહ્યો છે. ગુજરાતમાં ફિલ્મફેરના આયોજનને પરિણામે ગુજરાતના પ્રવાસન ઉપરાંત ફિલ્મ ઉદ્યોગને વધુ પ્રોત્સાહન મળશે.

ગુજરાતમાં ૬૯મા ફિલ્મફેર ઍવૉર્ડ્સનું આયોજન ફિલ્મ નિર્માતાઓ અને ઉદ્યોગ વ્યવસાયિકો માટે રાજ્યના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રદર્શિત કરશે, જે ફિલ્મ નિર્માતાઓ માટે ગુજરાતને ફિલ્માંકન સ્થળ તરીકે પસંદ કરવા માટે પ્રોત્સાહન આપશે. તેનાથી ફિલ્મ પ્રોડક્શન કંપનીઓ ગુજરાત પ્રત્યે આકર્ષિત થશે અને રાજ્યની ફિલ્મિંગ પ્રવૃત્તિઓને વેગ મળશે અને સિનેમેટિક ટૂરિઝમમાં ફાળો આપશે.



આ MoU કાર્યક્રમમાં રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા મંત્રીમંડળના સભ્યશ્રીઓ ઉપરાંત રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, પ્રવાસન વિભાગના સચિવ શ્રી હારિત શુક્લા સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# "દિવ્યાંગ બાળકોને સ્નેહ અને હૂંફ મળે એવું વાતાવરણ સર્જીએ": મુખ્યમંત્રીશ્રી





દિવ્યાંગજન પણ સામાન્ય માણસના જેવા હોય છે. ઈશ્વરે તેમને પણ કોઈ શક્તિ જરૂર આપી હોય છે. જો તેને પ્રોત્સાહન મળે તો તે જરૂર બહાર આવે છે. તેમાં પણ દિવ્યાંગ બાળકોને સ્નેહ અને હૂંફ આપવામાં આવે તો તેમાં રહેલી આંતરિક પ્રતિભા જોવા મળી શકે છે. તાજેતરમાં રાજકોટમાં શ્રી અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે દિવ્યાંગ બાળકોનો ટેલેન્ટ શો "સ્નેહ-સ્પર્શ" યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકો માટે કામ કરતી ૧૦થી વધુ સંસ્થાના વિવિધ કક્ષાના દિવ્યાંગ બાળકોએ રજૂ કરેલી પ્રભાવશાળી કૃતિઓએ ઉપસ્થિત સૌનાં મન મોહી લીધાં હતાં. ખાસ કરીને ડૉ. પી.વી. દોશીની પ્રિય રચના "કાન અવાજ ઝંખે છે"ને વિરાણી મૂક બધિર શાળાનાં બાળકોએ રજૂ કરી, ત્યારે લોકો રોમાંચિત થઈ ઊઠ્યા હતા. જે સંગીતના તાલે બાળકીઓ લયબદ્ધ કૃતિઓ રજૂ કરતી હતી, એ સંગીતને બાળકીઓ પોતે જ સાંભળી શકતી નહોતી. ઑડિયન્સ વચ્ચે ઊભા રહીને મહિલા શિક્ષકના ઈશારે બાળકીઓએ નૃત્યનાં વિવિધ સ્ટેપ્સ રજૂ કર્યાં હતાં, તો પ્રજ્ઞાચક્ષુ બાળકીઓએ "અડકો-દડકો" કૃતિ રજૂ કરી હતી, આ સમયે બાળકીઓ સાથી બાળકીઓનાં સ્ટેપ્સ જોઈ નહોતી શકતી, આમ છતાં, સુંદર સંકલનથી સરસ કૃતિ રજૂ કરતા લોકો આનંદ સાથે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિવિધ દિવ્યાંગતા છતાં બાળકોએ સુંદર કૃતિઓ રજૂ કરી છે. એ જોઈને આપણે કોઈ પણ સંજોગોમાં આગળ વધતા શીખવાનું છે. આ કાર્યક્રમમાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા અને રામભાઈ મોકરિયા, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટિલાળા, શ્રી દર્શિતાબહેન શાહ, મેયર ડૉ. પ્રદીપભાઈ ડવ, સંસ્થાના અગ્રણી ડૉ. વલ્લભભાઈ કથીરીયા તેમજ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સાહિત્યરસિકો માટે ઝવેરચંદ મેઘાણી સ્મૃતિસ્થળ બનશે પ્રેરણાસ્રોત

રાજકોટમાં ૧૫૫ વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા ખાતે રૂ.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મૃતિસ્થળનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની યાદમાં બનેલા મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી સાહિત્ય કોર્નર અને પુસ્તકાલય નિહાળ્યાં હતાં. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય સેનાની હિંમતભાઈ ગોડાનું પુસ્તક આપીને અને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તેમજ આ તકે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો સંદેશો આપ્યો હતો.

આ વેળાએ ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાં ધોરણ - ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની આર્ચી ખૂંટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું આબેહૂબ પોર્ટ્રેટ ચિત્ર બનાવીને ભેટ કર્યું હતું.

નોંધનીય છે કે, આ શાળાનો ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના સહયોગથી અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. તેમજ રાજકોટ શહેર પોલીસના સહયોગથી અંદાજે રૂ. પાંચ લાખના ખર્ચે મેઘાણીગાથા પ્રદર્શન અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સહયોગથી અંદાજે રૂ. બે લાખના ખર્ચે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પુસ્તકાલય તથા મેઘાણી સાહિત્ય કોર્નર તૈયાર કરવામાં આવ્યાં છે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી સર્વશ્રી કુંવરજીભાઈ, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, સાંસદ સર્વશ્રી રામભાઈ મોકરીયા,





મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય સર્વશ્રી દર્શિતાબહેન શાહ, રમેશભાઈ ટીલાળા સહિત શિક્ષકો, કર્મચારીશ્રીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# 'તાલુકા સ્વાગત'માં ઓનલાઈન રજૂઆતો માટેના પોર્ટલનો શુભારંભ




જનસામાન્યના પ્રશ્નો સુખદ સમાધાન વાદવિવાદ મુક્ત રીતે પારદર્શી રીતે આવે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં દર મહિને રાજ્ય સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ યોજાય છે. તે અંતર્ગત જુલાઈ મહિનાના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં તેમણે નાગરિકો તાલુકા સ્વાગતમાં ઓનલાઈન રજૂઆતો કરી શકે તે માટેના પોર્ટલનું લૉન્ચિંગ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનની બે દાયકાની આ સફળ પહેલને વધુ સુદૃઢ બનાવવા માટે તેમજ નાગરિકોના અવાજને બૂલંદ બનાવવાની દિશામાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે લૉન્ચ થયેલું પોર્ટલ વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે.

ટૅક્નોલોજીના યુગમાં લોકોના પ્રશ્નોના ઓનલાઈન સુખદ નિરાકરણની વાત જન-જન અને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે આ સ્વાગત ઓનલાઈનના FACEBOOK, TWITTER, INSTAGRAM અને KOOના સોશિયલ મીડિયા પેજ શરૂ કરવામાં આવ્યાં છે, તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો હતો.

તદ્નુસાર, રાજ્યના નાગરિકો દર મહિનાના ચોથા બુધવારે યોજાતા તાલુકા સ્વાગતમાં ઓનલાઈન ફરિયાદ-પ્રશ્નની સ્વાગત પોર્ટલ પર ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર સાથે ૨૦૦૦ શબ્દોની મર્યાદામાં રજૂઆત કરી શકશે. ઓનલાઈન એન્ટ્રી બાદ જનરેટ થયેલ નંબરના ઉપયોગ દ્વારા અરજદાર પોતાની અરજીનું સ્ટેટસ પણ જાણી શકશે.

મુખ્યમંત્રીશ્રીએ જુલાઈ મહિનાના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નવ જેટલી રજૂઆતો પ્રત્યક્ષ સાંભળી હતી અને સરકારના વિભાગો તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને ત્વરિત નિવારણ માટેની સૂચનાઓ આપી હતી.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે જુલાઈ મહિનામાં યોજાયેલા ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્વાગત મળીને કુલ ૬,૫૬૩ રજૂઆતો આવી હતી, તેમાંથી ૮૨.૪૯ ટકા એટલે કે ૫,૨૪૯નો ઉકેલ લાવી દેવામાં આવ્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજકોટમાં અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઑફિસનો શુભારંભ



રાજકોટની જૂની કલેકટર કચેરી ખાતે રૂ. ૩.૫૨ કરોડના ખર્ચે તૈયાર થયેલી અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઑફિસનો શુભારંભ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ બિલ્ડિંગમાં સબ રજિસ્ટ્રાર ઝોન-૨ (મોરબી રોડ), ઝોન-૮ (રૂરલ) અને મોડેલ મદદનીશ નોંધણી નિરીક્ષકની કુલ ત્રણ કચેરીઓ કાર્યરત રહેશે.

ઉલ્લેખનીય છે કે, આ સબ રજિસ્ટ્રાર ઑફિસ વેઈટિંગ રૂમ, રેકૉર્ડ રૂમ, ઑફિસર ચેમ્બર, સ્ટાફ રૂમ, લિફ્ટ, કૉન્ફરન્સ હૉલ જેવી સુવિધાઓથી સજ્જ છે. આ તકે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, મહિલા બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા, સાંસદ સર્વશ્રી રામભાઈ મોકરિયા, મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય સર્વશ્રી ડૉ. દર્શિતાબહેન શાહ, ડો. મહેન્દ્રભાઈ પાડલિયા, રમેશભાઈ ટીલાળા તથા રજિસ્ટ્રાર વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## રાજ્યની નગરપાલિકા-મહાનગરપાલિકાઓને રૂ. ૧૫૧૨ કરોડની ગ્રાન્ટ

# શહેરી વિસ્તારના નાગરિકોનું જીવનધોરણ સર્વોત્તમ બનાવવાનો નિર્ધાર




ગુજરાતની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી વર્ષ અન્વયે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરોમાં જનસુવિધાનાં સર્વગ્રાહી કામો માટે પ્રતિવર્ષ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટથી રાજયનાં નગરો-મહાનગરોનાં સર્વાંગી વિકાસ માટે કાર્યદક્ષતાથી ગુણવત્તાયુક્ત જનસુવિધાનાં કામો કરવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સેવાના ભાવ સાથે જનસુવિધાનાં કાર્યોને વેગ આપવાના અભિગમને જાળવી રાખ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના શહેરી વિકાસ વિભાગ દ્વારા નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટેની કુલ રૂ. ૧૫૧૨ કરોડની ગ્રાન્ટ વિતરિત કરી હતી.

આ વર્ષમાં રાજયની આઠ મહાનગરપાલિકાઓને રૂ. ૨,૮૭૪.૪૦ કરોડ તથા નગરપાલિકાઓને રૂ. ૬૪૫ કરોડ મળીને સમગ્રતયા રૂ. ૩,૫૨૦ કરોડની મળવાપાત્ર ગ્રાન્ટના પ્રથમ હપતા તરીકે કુલ રૂ. ૧,૧૫૦ કરોડ ૮ મ.ન.પા.ને અને રૂ. ૩૬૨ કરોડ નગરપાલિકાઓને મળીને એમ કુલ રૂ. ૧,૫૧૨ કરોડ મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકાસના રોલ મોડેલ તરીકે ગુજરાતે જે ખ્યાતિ મેળવી છે તેના મૂળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ વિકાસની રાજનીતિનો જે નવો ઇતિહાસ રચ્યો છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આજે રાજ્યમાં એવું સુદૃઢ નાણાં વ્યવસ્થાપન છે કે કરોડો રૂપિયાનાં વિકાસ કામો, ઓનલાઈન સેવાઓ, રોડ-વીજળી-પાણીનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળતું થવાથી નાગરિકો-પ્રજાજનોની અપેક્ષાઓ સંતોષાઈ રહી છે. એટલું જ નહિ, પ્રજા વર્ગોને વિશ્વાસ અને ભરોસો છે કે હજુ વધુ સારી સેવા-સુવિધાઓ તેમને સ્થાનિક સત્તાતંત્ર પાસેથી મળતી જ રહેશે.

"નાગરિકો-પ્રજાજનોએ જે જવાબદારી આપણને આપી છે તેને સમૂહમાં સારાં અને ગુણવત્તાયુક્ત કામો, કાર્યપદ્ધતિ અને કાર્યદક્ષતા દ્વારા વિકાસ કામોથી પાર પાડીએ" એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે ક્લાઈમેટ ચેન્જના પડકારો તથા વાતાવરણના બદલાવ સામે વધુને વધુ વૃક્ષો વાવી ગ્રીન કવર નગરો-મહાનગરોમાં વધારવાની હિમાયત કરી હતી. નગરપાલિકા-મહાનગરપાલિકાઓને પાણીનો કરકસરયુક્ત વપરાશ, વીજબચત, માર્ગોની મરામતનાં કામો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શહેરોમાં ડ્રેનેજ સફાઈ માટે મેનહોલમાં અદ્યતન અસરકારક મશીનરીનો ઉપયોગ કરવાની નેમ દર્શાવી હતી. તેમણે આ હેતુસર, જેટિંગ કમ સક્શન વીથ રિસાઈક્લિંગ ફેસેલિટીવાનને પ્રસ્થાન કરાવ્યું હતું.

રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમારે ગુજરાતના શહેરી વિકાસને અન્યો માટે રોલ મોડેલ ગણાવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શહેરી વિકાસનો જે ઉત્તમ પાયો નાખ્યો છે, જેને સર્વોત્તમ બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આગામી ૫૦ વર્ષને



ધ્યાને લઈ ભવિષ્ય અને આગામી પેઢી માટે આદર્શ શહેરો તૈયાર કરવાની રાજ્ય સરકારની નેમ છે.

વિકાસ કામો માટે ચેક વિતરણના આ સમારોહમાં રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ અને ૧૫૭ નગરપાલિકાઓને રૂ. ૧,૫૧૨ કરોડની સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું, જેમાં રાજ્યની મહાનગરપાલિકાઓમાં અમદાવાદને રૂ. ૪૨૬ કરોડ, સુરતને રૂ. ૩૪૮ કરોડ, વડોદરાને રૂ. ૧૩૦ કરોડ, રાજકોટને રૂ. ૧૦૩ કરોડ, ભાવનગરને રૂ. ૪૮ કરોડ, જામનગરને રૂ. ૪૬ કરોડ, જૂનાગઢને રૂ. ૨૪ કરોડ, ગાંધીનગરને રૂ. ૨૫ કરોડ મળી કુલ રૂ. ૧,૧૫૦ કરોડના ચેકનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત અ, બ, ક, ડ વર્ગની ૧૫૭ નગરપાલિકાઓને પણ રૂ. ૩૬૨ કરોડની રકમના ચેક વિતરણ થયા હતા.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પ્રાથમિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા તેમજ ધારાસભ્યશ્રીઓ, મહાનગરોના મેયરશ્રીઓ, નગરપાલિકા પ્રમુખો, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન કમિશનર શ્રી રાજકુમાર બેનીવાલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર અને વરિષ્ઠ અધિકારીઓ આ અવસરના સાક્ષી બન્યા હતા. ●



### નાગરિકોને નેટ કનેક્ટિવિટી પૂરી પાડવા

## ભારતનું પ્રથમ પ્રાઇવેટ સેટેલાઇટ નેટવર્ક મહેસાણાના જોટાણામાં શરૂ થશે

સ્પેસ એટલે કે અવકાશ જેટલું વિશાળ છે, તેટલી તેમાં સંભાવનાઓ પણ રહેલી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના યુવાનો અને ઉદ્યોગ સાહસિકોની આ સંભાવનાઓને સંપૂર્ણ રીતે પરિપૂર્ણ કરવા માટે, સ્પેસ સહિત તમામ હાઈ ટેક્નોલૉજી સેક્ટર્સમાં ખાનગી ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધારો કરવાનું વિઝન આપ્યું છે. આ વિઝનને સાકાર કરતાં તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લંડન સ્થિત OneWeb કંપની અને રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ વચ્ચે 'સેટેલાઇટ નેટવર્ક પોર્ટલ સાઇટ' સ્થાપવા અંગે MoU કરવામાં આવ્યાં હતાં. આ એમ.ઓ.યુ. પર વન વેબ ઇન્ડિયા કમ્યુનિકેશન પ્રા. લિ.ના ડિરેક્ટર શ્રી રાહુલ વેટ્સ અને રાજ્યના સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરાએ હસ્તાક્ષર કર્યા હતા.

વન વેબ દ્વારા ભારતમાં સ્થાપિત થનાર બે પ્રાઈવેટ 'સેટેલાઇટ નેટવર્ક પોર્ટલ સાઇટ' પૈકી એક ગુજરાતના મહેસાણા જિલ્લામાં સ્થપાશે. મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં શરૂ થનાર આ સેટેલાઇટ નેટવર્ક પોર્ટલ સાઇટથી સરકાર, વ્યાપાર, ગ્રાહકો, શાળાઓ વગેરેને high-speed, low-latency અને affordable કનેક્ટિવિટી મળી રહેશે. તેમજ દેશમાં પોસાય તેવા દરે સતત અને સુરક્ષિત સેટેલાઇટ ઈન્ટરનેટ ઍક્સેસ પ્રદાન થશે. ડિજિટલ ઇન્ડિયા અંતર્ગત સમગ્ર ભારતનાં ગામડાઓ, જિલ્લા પંચાયતો સ્થાનિક વહીવટી સંસ્થાઓ, સરકારી વિભાગો વગેરેને પોસાય તે રીતે ઇન્ટરનેટ પૂરું પાડવા માટેનો આ એક પ્રતિષ્ઠિત અને અનોખો પ્રોજેક્ટ છે. તે અંતર્ગત વન વેબ દ્વારા ભારતમાં બે સેટેલાઇટ નેટવર્ક પોર્ટલ્સ (SNP) ગુજરાત અને તમિલનાડુ ખાતે ઊભા કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતના જોટાણા તાલુકાના કટોસણ અને તેજપુરા ખાતે ઊભું થનાર આ સેટેલાઇટ નેટવર્ક પોર્ટલ ૨૦૨૩માં શરૂ થશે, તેના ફેઝ-૧માં સંભવિત રૂ. ૧૦૦ કરોડથી વધુનું રોકાણ થશે. તેમજ રાજ્યમાં અંદાજે ૫૦૦ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી કરશે. સ્પેસ એક્સપ્લોરેશન અને સ્પેસ એનેબલ્ડ સર્વિસીસ ભવિષ્યમાં શહેરી અને પ્રાદેશિક વિસ્તારોનું વધુ સારું આયોજન, આપત્તિ વ્યવસ્થાપન, લોજિસ્ટિક્સ સર્વિસીસ, કુદરતી સંસાધનોનું મેપિંગ વગેરે ક્ષેત્રો તથા રાષ્ટ્રીય સુરક્ષા જેવા સ્ટ્રેટેજિક મહત્ત્વના ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે, OneWebએ લો અર્થ ઑર્બિટ (LEO) સેટેલાઇટ કંપની છે, જે ૬૪૮ જેટલા ઉપગ્રહો ધરાવે છે અને તેના દ્વારા ગ્લોબલ કમ્યુનિકેશન નેટવર્ક ઊભું કરવાનું લક્ષ્ય ધરાવે છે. વનવેબ વિષુવવૃત્તથી ૩૬,૦૦૦ કિમી ઉપર સ્થિત ભૂ-સ્થિર ઉપગ્રહોનો ઉપયોગ કરવાની પરંપરાગત પદ્ધતિને બદલે બ્રોડબેન્ડ ઇન્ટરનેટ ઍક્સેસ પ્રદાન કરવા માટે LEO ઉપગ્રહોનો ઉપયોગ કરે છે. આથી ૫૦૦-૭૦૦ ms ધરાવતી જીઓસિંક્રોનસ વિષુવવૃત્તીય ભ્રમણકક્ષા (GEO) આધારિત નેટવર્કની સરખામણીમાં ૧૦૦ MS કરતાં ઓછી લેટન્સી ધરાવે છે અને સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને મલ્ટિ-ડોમેઇન નેટવર્ક સેવા પૂરી પાડવા સક્ષમ છે. સુરક્ષિત ગણાતી આ ટેક્નોલૉજી હાલ યુરોપ અને કેનેડામાં કાર્યરત છે. ભારતમાં OneWeb એ મોબાઇલ નેટવર્ક ઑપરેટર્સને અને ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સને Cost-effective Mannerમાં ઉપગ્રહથી Connectivity Service પૂરી પાડવા ઇચ્છે છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્યસચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્યસચિવ શ્રી એસ. જે. હૈદર, ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાંગલે અને ઉદ્યોગકારો જોડાયા હતા. ●

## બાયોટેક સેક્ટરમાં ૧૫ કંપનીના MoU

રાજ્યમાં ઉદ્યોગ, ધંધા, વેપારના વ્યાપ માટે ગુજરાત સરકાર અગ્રેસર રહી કાર્ય કરી રહી છે. રાજ્યના દેશ-વિદેશના મૂડી રોકાણકારો આવે અને રાજ્યમાં રોજગારીની તકોમાં વધારો થાય તે પ્રકારની નીતિઓ પણ બનાવી છે. રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં બાયોટૅક્નોલૉજી પૉલિસી ૨૦૨૨-૨૭ ની જાહેરાત કરેલી છે. આ પૉલિસી અંતર્ગત રાજ્ય સરકાર ૨૫% CAPEX સપોર્ટ, પાંચ વર્ષ માટે ૧૫% OPEX સપોર્ટ, બેંક લોન પર ૭ ટકા વ્યાજ સબસિડી અને રોજગાર સપોર્ટ જેવાં પ્રોત્સાહનો આપવામાં આવે છે.

આ પૉલિસીની ફળશ્રુતિ રૂપે રાજ્યમાં બાયોટેક્નોલૉજી સેક્ટરમાં નવાં રોકાણો માટે તાજેતરમાં એક જ દિવસમાં બે હજાર કરોડ રૂપિયાના MOU મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. સાયન્સ ટૅક્નૉલૉજી સચિવ શ્રી વિજય નેહરાએ રાજ્ય સરકાર વતી આ MOU પર હસ્તાક્ષર કર્યા હતા.

ગુજરાતની ૧૩ અને મહારાષ્ટ્ર તથા દિલ્હીની એક-એક એમ કુલ ૧૫ કંપનીઓએ કરેલા આ MOUથી આવનારા બાયોટેક ઉદ્યોગોમાં અંદાજે ૩ હજાર જેટલી રોજગારીનું ભવિષ્યમાં સર્જન થશે. રાજ્ય સરકાર સાથે જે MOU થયા છે, તેમાં મહારાષ્ટ્રની એમ્બાયો લિમિટેડ અને નવી દિલ્હીની બાયોટ્રેન્ડ્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ઉપરાંત ગુજરાતનાં સ્થાનિક ઔદ્યોગિક એકમોમાંથી આશરે રૂ. ૧૦૦૦ કરોડના પ્રતિબદ્ધ રોકાણ સાથે ઝાયડસ લાઇફ સાયન્સ, કોન્કોર્ડ બાયોટેક અને હેસ્ટર બાયોસાયન્સ લિ. એક નવા યુગના સ્થાનિક ટેક્નોલૉજી પ્લેયર, મિટિયોરિક બાયો-ફાર્માસ્યૂટિકલ પ્રા. લિ. દ્વારા આશરે રૂ. ૫૦૦ કરોડનાં પ્રતિબદ્ધ રોકાણો તેમજ એન્ડોક બાયોટેક પ્રા. લિ., ગુજરાત થેમિસ બાયોસીન લિ., સ્ટીવિયાટેક લાઇફ પ્રા. લિ., સેલેક્સિસ બાયોસાયન્સ પ્રા. લિ., કનિવા બાયોસાયન્સ પ્રા. લિ. અને અન્ય ઔદ્યોગિક એકમોનો સમાવેશ થાય છે.

આ MOUમાં મુખ્યત્વે ફર્મેન્ટેશન આધારિત APIS અને બાયોફર્ટિલાઈઝર્સ સેક્ટર તથા પ્રિસિઝન ફર્મેન્ટેશન, એનિમલ ટિશ્યૂ કલ્ટિવેશન જેવાં નવાં ક્ષેત્રોમાં રોકાણોનો સમાવેશ થયેલો છે. આ ઉપરાંત ગુજરાત બાયોટૅક્નોલૉજી રિસર્ચ સેન્ટર GBRC અને વડોદરા નજીક સાવલી ટૅક્નોલૉજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર STBI અને ગિફ્ટ સિટી ખાતે ગુજરાત બાયોટેક્નોલૉજી યુનિવર્સિટી પણ કાર્યરત છે. બાયોટૅક્નોલૉજી સેક્ટરમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ,એમ્પ્લોયમેન્ટ જનરેશન તથા એકૅડેમિક કોર્સિસ માટે વર્લ્ડ ક્લાસ ફેસેલિટીઝ ગુજરાતમાં પૂરી પાડવાની રાજ્ય સરકારની નેમ છે. એ દિશામાં આ ૧૫ MOUથી થનારું રોકાણ દિશાદર્શક બની રહેશે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ થયેલા આ MOU પર હસ્તાક્ષર અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્યસચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્યસચિવ શ્રી એસ. જે. હૈદર, ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાંગલે અને ઉદ્યોગકારો જોડાયા હતા. ●

## ઇસ્કોન બ્રિજ અકસ્માતની ઉચ્ચસ્તરીય તપાસ થશે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં મોડી રાત્રે ઇસ્કોન બ્રિજ પર થયેલા અત્યંત કરુણ વાહન અકસ્માતને પગલે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. તેમણે આ દુર્ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે કડક કાર્યવાહીના આદેશ આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના આદેશાનુસાર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની સીધી દેખરેખમાં એક જોઈન્ટ કમિશનર, ત્રણ ડી.સી.પી. અને પાંચ પી.આઈ. આ અકસ્માતની ઘટના અંગે તપાસ કરી રહ્યા છે. આ કેસને મોસ્ટ સિવિયર અને મોસ્ટ અર્જન્ટ કેસ તરીકે ટ્રીટ કરીને એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરવા તેમજ સ્પેશિયલ પબ્લિક પ્રૉસિક્યૂટરની નિમણૂક કરીને આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી નવ કમનસીબ વ્યક્તિઓના પરિવારજનો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી હતી. તેમણે પ્રત્યેક મૃતકના સ્વજનોને રૂ.૪ લાખની સહાય ઉપરાંત ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ આપવાનો નિર્ણય કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોગ્યમંત્રી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સોલા સિવિલ હૉસ્પિટલ પહોંચી અકસ્માતગ્રસ્તોના સ્વજનોને સાંત્વના પાઠવી હતી. ગૃહ રાજ્ય મંત્રી શ્રીએ અમદાવાદ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કહ્યું હતું કે, આવારા તત્ત્વો દ્વારા રોડને રેસિંગ ટ્રેક બનાવવાના પ્રયાસો કરાશે તો તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. સાથોસાથ તેનાં માતાપિતા અને પરિવાર પણ આ પ્રકારના સ્ટંટ માટે એટલા જ જવાબદાર ગણી તેમની સામે પણ કાર્યવાહી કરાશે. તેમણે પોલીસ તંત્ર કરવામાં આવેલી કાર્યવાહીથી મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. ●



## ડિજિટલ લેન્ડ રેકૉર્ડ્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે

# ગુજરાતને 'ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ' ઍવૉર્ડ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના નાગરિકો સુધી સુવિધા પહોચાડવાના સંકલ્પને પૂરો કરવાના નિર્ધાર સાથે કામ કરી રહી છે. રાજ્ય સરકારે નાગરિકોના સર્વાંગી ઉત્થાન માટે લીધેલાં પગલાંને કારણે ગરીબીમાં ઘટાડો થયો છે અને ગરીબોનું જીવનધોરણ સુધર્યું છે. જનસામાન્યનું કલ્યાણ કરવું એ રાજ્ય સરકારનું એકમાત્ર લક્ષ્ય છે. આ લક્ષ્યને હાંસલ કરવા મજબૂત નેતૃત્વ અને કર્મઠ કર્મયોગીઓના સહકારથી સિદ્ધિ પ્રાપ્ત થઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. તાજેતરમાં ગુજરાતના ગૌરવ સિદ્ધિમાં વધુ એક સીમાચિહ્ન ઉમેરાયું છે. કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા મહેસૂલના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી અંતર્ગત ભૂમિ સન્માન ઍવૉર્ડ માટે ગુજરાતના ત્રણ આદિજાતિ જિલ્લા સહિત કુલ છ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ તાજેતરમાં નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યના છ જિલ્લાઓને 'ભૂમિ સન્માન-પ્લેટિનમ સર્ટિફિકેટ' એનાયત કર્યાં હતાં. આ જિલ્લાઓમાં અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારી યોજનાના લાભથી છેવાડાનો કોઈપણ નાગરિક વંચિત ન રહે તે માટે વર્ષ ૨૦૨૨ના બજેટ પછી યોજાયેલા વેબિનાર મારફતે ખાસ તાકીદ કરી હતી. ઉપરાંત, કેન્દ્રીય મંત્રી પરિષદની બેઠકમાં પણ વડાપ્રધાનશ્રીએ યોજનાના તમામ ઘટકોના ૧૦૦ ટકા સેચ્યુરેશન માટે આહ્વાન કર્યું હતું. તેના ભાગરૂપે ડિજિટલ ટેકનૉલૉજીના ઉપયોગથી જમીનના રેકૉર્ડ્સની આધુનિક, સર્વગ્રાહી અને પારદર્શક સિસ્ટિમ બનાવવામાં આવી છે. રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મૂ દ્વારા પણ લોકસુખાકારીની સ્કીમથી એક પણ નાગરિક તેનાથી વંચિત ન રહી જાય તેના પર ભાર મૂકવા સૂચન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આ દિશામાં અમલી કાર્યક્રમ 'ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકૉર્ડ્સ મોડર્નાઇઝેશન પ્રોગ્રામ'-DILRMP હેઠળ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઇન, અદ્યતન તથા પારદર્શક બનાવવા અંગે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત કેન્દ્ર સરકારના નિર્ધારિત માપદંડો મુજબ સફળતાપૂર્વક કામગીરી કરવા અંગે તમામ ૬ કેટેગરીમાં સૌથી ઉચ્ચ-પ્લેટિનમ સર્ટિફિકેટ ઍવૉર્ડ માટે રાજ્યના છ જિલ્લા અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેકર્ડ ડિજિટાઇઝેશન દ્વારા ડિજિટલ ઈન્ડિયા મૂવમેન્ટ માટે કરેલા આહ્વાનને ગુજરાતે ઝીલી લીધું છે.

### DILRMP યોજનાના કુલ છ અંગભૂત ઘટકો છે

● કમ્પ્યૂટરાઈઝેશન ઓફ લેન્ડ રેકૉર્ડ્સ (RoR), ● ડિજિટલ ઓફ કેડસ્ટ્રલ મેપ્સ/FMBs, ● લિન્કેજીસ ઓફ RoR વિથ કેડસ્ટ્રલ મેપ્સ, ● કમ્પ્યૂટરાઈઝેશન ઑફ રજિસ્ટ્રેશન, ● ઈન્ટિગ્રેશન ઑફ રજિસ્ટ્રેશન (SRO) વિથ લેન્ડ રેકૉર્ડ્સ (રેવન્યૂ ઑફિસ) અને ● મોર્ડન રેકૉર્ડ રૂમ.

ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકૉર્ડ્સ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ - DILRMP યોજના અંતર્ગત રાજ્ય સરકારે મહેસૂલી સેવાઓ ઘરે બેઠાં ઓનલાઇન માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી છે, મિલકત સંબંધી લેવડ-દેવડના દસ્તાવેજ નોંધણીની કામગીરી પણ કમ્પ્યૂટરાઈઝ્ડ કરવામાં આવી છે. તેમજ પારદર્શિતા જાળવવાના હેતુથી તમામ રેકૉર્ડ અદ્યતન અને ડિજિટાઈઝ્ડ કરી પોર્ટલ પર મૂકવામાં આવ્યા છે.

ગુજરાતના છ જિલ્લાઓને DILRMPના બધા જ ૬ ઘટકોમાં ૯૯ ટકાથી વધુ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ પ્લેટિનમ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર વતી કમિશનર ઑફ લેન્ડ રિફોર્મ્સ શ્રી પી. સ્વરૂપ, સૂપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષક શ્રી જેનું દેવન, સેટલમેન્ટ કમિશનર શ્રી એમ. એ. પંડ્યાએ આ ઍવૉર્ડ સ્વીકાર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, દેશ આઝાદીના અમૃતકાળ તરફ જઈ રહ્યો છે ત્યારે ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધી DILRMP યોજના પૂર્ણ કરવા માટે વિશેષ ઝોક આપવામાં આવી રહ્યો છે. ●

## પોષણયુક્ત અનાજ અને ખેડૂતોની આવક વધારવા નવજાગરણ અભિયાન

# ત્રણ માસમાં ૧૦ લાખ ખેડૂતને પ્રાકૃતિક કૃષિની તાલીમ



ગાંધીનગરમાં રાજભવન ખાતે પ્રાકૃતિક કૃષિ વિષય પર પરિસંવાદમાં ઉપસ્થિત વિવિધ સમાચાર માધ્યમોના તંત્રીઓ-પ્રતિનિધિઓને સંબોધિત કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવું એ સમયની જરૂરિયાત છે. વધતાં જતાં ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી તરફ સમગ્ર માનવજાતને દોરી જવા માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. રાજ્યપાલશ્રીએ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ અંગે ખેડૂતોને આપવામાં આવી રહેલી તાલીમ સહિતની માહિતી પણ પ્રસાર માધ્યમોના ઉપસ્થિત પ્રતિનિધિઓને આપી હતી.

દેશમાં થયેલી હરિયાળી ક્રાંતિની વાતથી શરૂઆત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, લગભગ ૬૦ના દાયકામાં થયેલા અભ્યાસ અનુસાર ભારતની જમીનમાં બેથી અઢી ટકા કાર્બન હતો, પરંતુ એ સમયની જરૂરિયાત અનુસાર યુરિયા સહિતનાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધવાના કારણે આજે આ પ્રમાણ ૦.૫થી પણ ઓછું થઈ ગયું છે. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. એટલું જ નહીં, જમીન, હવા અને પાણી પ્રદૂષિત થયાં છે તેમજ વિવિધ રોગોનું પ્રમાણ પણ વધ્યું છે.

આ પ્રકારની વિવિધ સમસ્યાના ઉપાય માટે પ્રાકૃતિક કૃષિ પર ભાર આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીના ઉપાયરૂપે જૈવિક ખેતીનો વિકલ્પ આપવામાં આવ્યો, પરંતુ તેનાથી મહેનત અને ખર્ચ તો નથી ઘટતો, પણ ઊલટું ઉપજ એકાએક ઘટી જાય છે. એટલું જ નહીં અંતે તો તે પણ વાતાવરણને નુકસાન જ કરે છે.

તેમણે ઉમેર્યું હતું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, જ્યારે ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે.

યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ આજે ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦ - ૫૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતાં યુરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્ત્વો પણ જમીનમાં જ જળવાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઊતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવે છે.

પ્રાકૃતિક કૃષિની મહત્તા સમજાવતાં તેમણે ઉમેર્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ જીવાણુ હોય છે. આવી ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન મળે છે. એટલું જ નહીં, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થવાથી તેમની આવક બમણી કરવાનું વડાપ્રધાન શ્રી



નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન પણ સિદ્ધ કરી શકાશે. આ માટે તેમણે અળસિયા આધારિત કુદરતી ખાતર બનાવવાની વિધિ, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી.

રાજ્યમાં પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ વિશે વિગતો આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન રાજ્યમાં ૭.૧૩ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, જ્યારે માત્ર છેલ્લા ત્રણ માસમાં ૧૦.૩૯ લાખ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. આઝાદીનાં ૭૫ વર્ષના અનુસંધાને આયોજિત ખેડૂત સંમેલનમાં વડાપ્રધાનશ્રીએ દેશની પ્રત્યેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછા ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પણ આહ્વાન કર્યું હતું. પરિણામસ્વરૂપ, ગુજરાતની ૫૨૩૩ ગ્રામ પંચાયતોમાં ૭૫ કે તેથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. જેમાં બીજી ૩૬૭૯ જેટલી પંચાયતો આગામી એકાદ માસમાં ઉમેરો થવાની સંભાવના પણ તેમણે દર્શાવી હતી.

રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આ એક સામૂહિક પ્રયાસ છે. ત્યારે નવજાગરણના આ કામમાં જોડાઈને રાજ્યના ખેડૂતોમાં તેમજ સામાન્ય નાગરિકોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ પ્રસારિત કરવા તેમણે વિવિધ માધ્યમોના પ્રતિનિધિઓને અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના અગ્રસચિવ શ્રી રાજેશ માંજુ, મુખ્યમંત્રીશ્રીના સચિવ સુશ્રી અવંતિકા સિંઘ, માહિતી નિયામક શ્રી ધીરજ પારેખ, આત્મા પ્રોજેક્ટના ખાસ ફરજ પરના અધિકારી શ્રી દિનેશ પટેલ તેમજ વિવિધ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તથા રેડિયો અને સરકારી માધ્યમોના તંત્રીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે વિવિધ જિલ્લાઓમાંથી પણ બહોળી સંખ્યામાં પત્રકારો વીડિયો કૉન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા. ●





## ગુજરાતમાં ૭.૧૩ લાખ ખેડૂત કરી રહ્યાં છે પ્રાકૃતિક ખેતી

ગુજરાતમાં ૧૫ જુલાઈ ૨૦૨૩ સુધીમાં ૭.૧૩ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩.૫૭ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ ૨૩માં ૮.૭૯ લાખ ખેડૂતો તાલીમબદ્ધ થયા હતા. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૫મી જુલાઈ સુધીમાં ૧૦.૩૯ લાખ ખેડૂતને તાલીમ અપાઈ ચૂકી છે. ગુજરાતની ૫૨૩૩ ગ્રામ પંચાયતમાં ૭૫ થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યાં છે. જ્યારે ૩,૬૭૯ ગ્રામ પંચાયતોમાં ૫૧ થી ૭૪ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સમગ્ર ગુજરાત રાજ્યનાં ગામોને ૧૦-૧૦ ગામના ૧,૪૬૬ ક્લસ્ટર બનાવી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. ગુજરાતમાં ૧,૩૬૬ ખેડૂત માસ્ટર ટ્રેનર્સ અને ૧,૪૬૬ ટેકનિકલ માસ્ટર્સ ટ્રેનર્સ ગામે-ગામ જઈને ખેડૂતોને તાલીમ આપી રહ્યા છે.

સાથે-સાથે ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણકાર્યને વેગ આપવા ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (ગુજરાત પ્રાકૃતિક અને સેન્દ્રીય કૃષિ વિશ્વવિદ્યાલય) ની રચના કરવામાં આવી છે, જે હાલોલમાં કાર્યરત થશે. તેમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કૃષિ અભ્યાસક્રમોમાં પ્રાકૃતિક કૃષિના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### દેશી ગાયના નિભાવ ખર્ચમાં સહાયની યોજના

દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને તેમની દેશી ગાયના નિભાવ માટે રાજ્ય સરકાર એક ગાય માટે પ્રતિ માસ રૂ.૯૦૦ અને પ્રતિ વર્ષ રૂ. ૧૦,૮૦૦ની નિભાવ સહાય આપે છે. પ્રતિ માસ રૂ.૯૦૦ લેખે છ મહિને રૂ.૫,૪૦૦ ખેડૂત લાભાર્થીના બેંક ખાતામાં RTGS/DBT થી સીધા જમા થાય છે. પ્રાકૃતિક કૃષિની તાલીમ અને એક એકરમાં ખેતી કરતા ખેડૂતને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં ગુજરાતમાં ૧,૦૫,૦૦૦ ખેડૂતને ગાય નિભાવની સહાય મેળવી હતી. વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧,૭૬,૨૧૭ ખેડૂતને લાભ મળ્યો હતો અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧,૮૪,૯૩૫ ખેડૂતોને તેમની દેશી ગાયના નિભાવ માટે સહાય ચૂકવાઈ છે.

### ડાંગના ખેડૂતો માટે નાણાકીય સહાય યોજના

ડાંગ જિલ્લો રાજ્યનો પ્રથમ સો એ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો છે. ડાંગના ખેડૂતો માટે રાજ્ય સરકારની નાણાકીય સહાય યોજના અમલમાં છે. ડાંગમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા નાણાકીય સહાય આપવામાં આવે છે. હાલ, પ્રાકૃતિક ખેતી અપનાવ્યાના પ્રથમ વર્ષે પ્રતિ હેક્ટર રૂ.૧૦ હજાર વાર્ષિક ઉચ્ચક નાણાકીય સહાય આપવામાં આવી રહી છે. બીજા વર્ષે રૂ. ૩ હજાર પ્રમાણે નાણાકીય સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ડાંગ જિલ્લામાં ૧૩,૪૮૦ ખેડૂતોને રૂ.૧૦.૨૮ કરોડની આર્થિક સહાય આપવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫,૩૧૭ ખેડૂતોને રૂપિયા ૭.૯૬ કરોડની સહાય આપવામાં આવી હતી. ●

# કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવા રૂ.૫૬૪ કરોડની સહાય



ગુજરાતમાં કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે ખેડૂતો માટે માતબર રકમની સહાય જાહેર કરી છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે, અને દેશના અર્થતંત્રને વેગવંતુ રાખવામાં ખેડૂતોનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. આજના ટેક્નૉલૉજી આધારિત યુગમાં ખેતી માટે વપરાતાં પશુ સંચાલિત સાધનો સહિતનાં સંસાધનોનું સ્થાન ટ્રેક્ટર, રોટાવેટર જેવી અદ્યતન મશીનરીએ લીધું છે. માનવશ્રમ ઘટાડતાં આ સાધનોની બજાર કિંમત વધુ હોવાથી ખેડૂતોનો એક મોટો વર્ગ આ સાધનોની ખરીદી કરી શકતો નથી. જે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે વિવિધ મશીનરીની ખરીદીમાં તમામ વર્ગના ખેડૂતોને નાણાકીય સહાય આપવા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ખેડૂતલક્ષી સહાયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યના બજેટમાંથી ખેડૂતોને મહત્તમ લાભ મળે તે માટે ચાલુ વર્ષે ગુજરાત સરકારે બજેટ જોગવાઈમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ વધારો કરી ટ્રેક્ટરની ખરીદી માટે અપાતી સહાયના માટે ૬૨,૫૦૦ ખેડૂતોને રૂ. ૩૭૫ કરોડની નાણાકીય સહાય આપવાની જોગવાઈ મંજૂર કરી છે, જે ગત વર્ષના બજેટની સરખામણીએ ૨૩૭ ટકા જેટલી છે. આ ઉપરાંત કંબાઈન હાર્વેસ્ટર, પાવર ટીલર તેમજ રોટાવેટર, ઓટોમેટિક ઓરણી, પ્લાઉ, થ્રેશર જેવાં ટ્રેક્ટર સંચાલિત સાધનો માટે પણ બજેટમાં રૂ. ૨૪૦ કરોડની જોગવાઈ મંજૂર કરાઈ છે, જે ગત વર્ષના બજેટની સાપેક્ષે ૩૫૧ ટકા જેટલી છે.

કૃષિ મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે કૃષિ વિભાગને અત્યાર સુધીમાં ટ્રેક્ટર ખરીદી સહાય માટે ૬૨,૫૦૦ના લક્ષ્યાંક સામે ૫૯,૮૨૮ અરજીઓ મળી હતી, જેની પૂર્તતા કર્યા બાદ કૃષિ વિભાગ દ્વારા ૫૨,૫૧૬ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રૂ. ૩૧૫.૦૯ કરોડની સહાય માટે પૂર્વ મંજૂરી હુકમ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૩૨,૪૯૪ ખેડૂતોને ખેતઓજારોની ખરીદી માટે રૂ. ૨૪૯ કરોડની સહાય માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે. આમ, બંને ઘટકને મળી રાજ્યના કુલ ૮૫ હજાર જેટલા ખેડૂતોને કુલ રૂ.૫૬૪ કરોડથી વધુની સહાય માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ખેડૂતોના હિતને વરેલી ગુજરાત સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય માટે કુલ ૧,૯૨,૭૮૫ જેટલા લાભાર્થીને રૂ.૯૧૨.૫૦ કરોડની સહાય આપવામાં આવી છે. ખેતી માટે વપરાતાં વિવિધ ખેત ઓજારો માટે પણ છેલ્લાં પાંચ વર્ષમાં ૧,૨૮,૧૪૧ ધરતીપુત્રોને રૂ. ૪૦૯.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. ●

# કન્જક્ટિવાઇટિસ સામે આરોગ્ય વિભાગ સજ્જ

દર વર્ષે ચોમાસાની ઋતુમાં કન્જક્ટિવાઇટિસ જેને ગુજરાતમાં 'અખિયાં મિલાકે' તરીકે ઓળખવામાં આવે છે. તેવા આંખના રોગના કેસમાં ઉછાળો આવતો હોય છે કારણ કે આ રોગ ઋતુજન્ય છે. જેથી ચોમાસાની ઋતુ પૂરી થતા ધીમે-ધીમે આ રોગ અદશ્ય થઈ જાય છે.

તાજેતરના સમયમાં રાજ્યમાં કન્જક્ટિવાઇટિસના રોગના કેસમાં વધારો જોવા મળ્યો છે તેના સંદર્ભમાં રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રાજ્યના નાગરિકોને પ્રવર્તમાન સમયમાં કેટલાક જિલ્લામાં જોવા મળી રહેલા કન્જક્ટિવાઇટિસ રોગથી ન ગભરાવા અને તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.



રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈ સિવિલ હૉસ્પિટલમાં કન્જક્ટિવાઇટિસ રોગની સંપૂર્ણ સારવાર અને દવાનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રાજ્યમાં ૧,૧૭૪થી વધુ કન્જક્ટિવાઇટિસના કેસ નોંધાયા હતાં. મુખ્યત્વે પાંચ જિલ્લા અમરેલી, ખેડા(નડિયાદ), નવસારી, આણંદ અને સુરતમાં કુલ ૧,૧૭૪ જેટલા કેસ નોંધાયા હતા.

તદ્અનુસાર અમરેલી જિલ્લામાં ૩૧૨, ખેડા જિલ્લામાં ૨૮૦, નવસારી જિલ્લામાં ૨૬૧, આણંદ જિલ્લામાં ૧૯૬ અને સુરત જિલ્લામાં ૧૨૫ જેટલા કેસ તારીખ ૧૮ જુલાઈની સ્થિતિએ નોંધાયા હતા.

કન્જક્ટિવાઇટિસ રોગની અટકાયત અને સઘન સારવાર અર્થે આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લા સ્તર સુધી તમામ જરૂરિયાત મુજબની દવાઓ અને સારવાર ઉપલબ્ધ કરાવવા અને જનજાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સૂચના પણ આપવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુમાં, વરસાદી ઋતુમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગ અટકાયત માટે પણ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરાઈ હોવાનું જણાવી ૧૮ જુલાઈ, ૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૮૫ લાખ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૯૫૩ મેલેરિયા કેસ નોંધાયા છે. જ્યારે ૩૯ હજાર સિરમ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૬૫૦ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. રાજ્યમાં વાહકજન્ય રોગ અટકાયત માટે ૪૪૪ વેક્ટર કંટ્રોલ ટીમ કાર્યરત કરાઈ હોવાની વિગતો મંત્રીશ્રીએ આપી હતી. ●

# રીંછડિયા મહાદેવ મંદિર પરિસરનો રૂ.૫૪ કરોડના ખર્ચે કાયાકલ્પ કરાશે

રાજ્યમાં લોકોની ધાર્મિક આસ્થા સાથે જોડાયેલાં અનેક સ્થળો આવેલાં છે. લોકોની સરળતા અને સુગમતા વધે તે માટે રાજ્યમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. નજીકના ભૂતકાળમાં પાવાગઢ, જૂનાગઢ વગેરે સ્થળોએ શ્રદ્ધાળુઓ માટે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. આ જ રીતે અંબાજી નજીક આવેલાં રીંછડિયા મહાદેવ અને તેની આસપાસના વિસ્તારનો રૂ. ૫૪ કરોડના ખર્ચે વિકાસ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.



ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી નજીક આવેલું રીંછડિયા મહાદેવના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે માસ્ટર પ્લાન બનાવ્યો છે. આ માસ્ટર પ્લાન હેઠળ અંબાજી યાત્રાધામની સાથે-સાથે આસપાસ આવેલાં યાત્રાધામોનો પણ વિકાસ કરવામાં આવી રહ્યો છે.

અંબાજીથી ખેડબ્રહ્મા જતા ધોરીમાર્ગ પર કુંભારિયા દેરાસરથી લગભગ બે કિલોમીટરના અંતરે અંતરિયાળ વિસ્તારમાં આવેલ પૌરાણિક રીંછડિયા મહાદેવ મંદિરનું નામ અહીંની વન વિસ્તારમાં આવેલ રીંછોની વસ્તીના કારણે પડ્યું છે. આદિવાસી વસ્તી ધરાવતા રીંછડી ગામના જંગલોમાં રીંછ મોટા પ્રમાણમાં જોવા મળે છે અને એટલે જ આ મંદિરનું નામ રીંછડિયા મહાદેવ પડ્યું છે.

અંબાજીથી ૫ કિલોમીટર દૂર આવેલા રીંછડિયા ગામના વન વિસ્તારમાં આવેલ આ મંદિર પાસે આવેલી અષ્ટકોણી વાવ તથા સરસ્વતી નદી પર ડૅમ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

રીંછડિયા મહાદેવ મંદિરની પૌરાણિકતા તથા ઐતિહાસિકતાને જોતાં રાજ્ય સરકારે આ મંદિરનો કાયાકલ્પ કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રીંછડિયા મહાદેવ મંદિરના કાયાકલ્પ માટે રાજ્ય સરકારે રૂ. ૫૩.૯૪ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટને વહીવટી મંજૂરી મળતાં, યાત્રાળુઓ માટે રીંછડિયા મંદિર પરિસર, રીંછડિયા લેક બ્યૂટિફિકેશન, ચેકડૅમ ફાઉન્ટેઇન, ફૂડ ઝોન જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. મંદિર પરિસર તથા તેની આસપાસના વિસ્તારમાં ૨૯ જેટલાં વિવિધ સ્થળો પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. જેમાં યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ ઊભી કરાશે. ●



# ઇનામ નાબૂદી કાયદા હેઠળની જમીનોને જંત્રી વસૂલીને નિયમબદ્ધ કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઇનામ નાબૂદી કાયદાઓ હેઠળની જમીનોના કબજાહક્ક નિયમબદ્ધ કરવા અંગે એક મહત્ત્વપૂર્ણ ખેડૂતહિતકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર રાજ્ય સરકાર આવા જમીનધારકોના કબજાહક્ક પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા વસૂલીને નિયમબદ્ધ કરશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ સંદર્ભમાં મળેલી રજૂઆતોમાં જણાવવામાં આવ્યું હતું કે, આઝાદી બાદ ભૂમિ સુધારણા કાર્યક્રમના ભાગરૂપે જમીનોના ખેડનારને તેના હક્કો મળી રહે અને મધ્યસ્થીઓ નાબૂદ થાય તે હેતુથી વિવિધ ઇનામ નાબૂદી કાયદાઓથી ચાકરી, નોકરી, સલામી ભરવા જેવા વિવિધ ઇનામો નાબૂદ કરવામાં આવ્યા અને આવી જમીનોના ખેડનારને તેમની જમીનો પરત્વેના સ્વતંત્ર માલિકીહક્કો આપવામાં આવ્યા હતાં.

આવા માલિકીહક્કો મેળવવા માટે સમયમર્યાદામાં કબજાહક્કની રકમ ભરવી અનિવાર્ય હતી, પરંતુ ખેડૂતો તેમની કાયદાની અજ્ઞાનતાના લીધે આ કબજાહક્કની રકમ નિયત સમયમર્યાદામાં ભરી શક્યા નથી, જેથી તેમને આ જમીનો પરના સંપૂર્ણ માલિકીહક્ક મળેલા નથી અને તેઓ કબજેદાર તરીકે ચાલતા આવેલા છે. એટલું જ નહીં, આવા લીટી નીચેના કબજેદારો દ્વારા જમીનો પરત્વે ઉત્તરોત્તર વેચાણો પણ કરવામાં આવ્યા છે. આવા જમીનધારકોના કબજાઓ નિયમિત થયા ન હોવાના લીધે આવા કબજેદારો સરકારની ખેડૂતલક્ષી યોજનાઓના લાભોથી વંચિત રહી જતાં હોય તેવા કિસ્સાઓ બન્યા છે. તેમજ આવી જમીનોના તબદીલી અને હેતુફેરના સમયે ટાઇટલ ક્લિયરન્સના પ્રશ્નો બહોળી માત્રામાં ઉપસ્થિત થયેલા હતા.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ થયેલી રજૂઆતોના આધારે એવું પણ ધ્યાનમાં આવ્યું હતું કે, હાલના જમીનધારકોને આવી જમીનોના વિકાસ કાર્યો કરવામાં અવરોધ ઉપસ્થિત થતો હતો. મુખ્યમંત્રીશ્રીએ આવા જમીનધારકોના કબજાઓ નિયમબદ્ધ કરી આપવાના જે દિશા- નિર્દેશો આપેલા હતા તેને પગલે હવે આવા કબજાઓ નિયમબદ્ધ થઈ શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સત્તા વિકેન્દ્રીકરણના ભાગરૂપે એવો પણ નિર્ણય કર્યો છે કે અગાઉ આવા કબજાઓ જિલ્લા કલેકટર કક્ષાએ નિયમબદ્ધ કરવાની સત્તા અઢી એકરની જ હતી તે હવે દૂર કરીને હવે સંપૂર્ણ સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવાનુ નક્કી કરવામાં આવ્યું છે.

આમ, આવી જમીનોના સ્વત્વાર્પણ, બિનખેતી પરવાનગી, વિકાસની કામગીરી પરત્વે ઉપસ્થિત થતા ટાઇટલ ક્લીયરના પ્રશ્નોનું નિરાકરણ લાવવા ખેડૂતોના વિશાળ હિતમાં જિલ્લાકક્ષાએ આવા પ્રશ્નો સરળતાએ હલ થઈ શકે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ખેડૂતલક્ષી નિર્ણય કર્યો હતો. ●

# દેશભરની ગ્રામ પંચાયતોમાંથી માટી એકઠી કરીને શહીદવીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે

જે દેશ તેના ઈતિહાસને ભૂલી જાય છે તેને ઈતિહાસ ભૂલી જતો હોય છે. દેશ માટે પોતાનો જાન ન્યોચ્છાવર કરનાર શહીદોનું યોગદાન નવી પેઢી સુધી પહોંચે તે જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં 'મેરી મિટ્ટી, મેરા દેશ' ઝુંબેશ અંતર્ગત રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે.

આ અંગેની વિગતો આપતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાઈ રહેલ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની સ્મારક ઉજવણી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આઝાદી કા અમૃત મહોત્સવનો વિધિવત્ રીતે પ્રારંભ તા.૧૨ માર્ચ, ૨૦૨૧ના રોજ થયો હતો. જે આગામી તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૨૩ સુધી ચાલશે. જેમણે ઉજ્જવળ આવતીકાલ માટે પોતાની આજનું બલિદાન આપ્યું છે તેવા શહીદવીરોને 'મેરી મિટ્ટી, મેરા દેશ' એક અંજલિ છે.

આ ઝુંબેશ અંતર્ગત દેશભરની ગ્રામ પંચાયતોમાંથી માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના નવીન કર્તવ્ય પથ લાવીને 'આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક' અને 'અમૃતવાટિકા' બનાવીને વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની કલ્પના પ્રદર્શિત કરે છે. આ ઝુંબેશમાં અંદાજિત ૧.૫૦ કરોડ લોકો જોડાશે અને ૧૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ ઝુંબેશ મુખ્યત્વે બે ભાગમાં સ્થાનિક કાર્યક્રમો અને મિટ્ટી યાત્રાના સ્વરૂપે આયોજિત કરવામાં આવશે. આ સિવાય ગુજરાતમાં તા. ૯ ઑગસ્ટ થી ૧૫ ઑગસ્ટ, ૨૦૨૩ સુધીમાં સ્થાનિક કક્ષાએ મુખ્ય પાંચ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં શિલાફલકમ્ (પથ્થરની તક્તી) માં શહીદવીરોનાં નામ દર્શાવીને તેમને અંજલિ આપવામાં આવશે.

પંચપ્રાણ પ્રતિજ્ઞા + સેલ્ફી જેમાં ગ્રામ પંચાયત સ્તરે ગ્રામજનો દ્વારા હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દીવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવશે. 'વસુધા વંદન' કાર્યક્રમ અંતર્ગત દરેક ગ્રામ પંચાયત દીઠ ૭૫ રોપાઓ વાવીને ઉછેર કરવામાં આવશે. વીરોને વંદન હેઠળ સ્થાનિક પરંપરાઓ અને રિવાજો મુજબ "વીરો" કે જેમાં સ્વતંત્ર સેનાનીઓ/સંરક્ષણ કર્મચારીઓ/રાજ્ય અને કેન્દ્રના પોલીસ દળોના કર્મચારીઓ કે જેઓએ દેશ માટે બલિદાન/યોગદાન આપેલ હોય તેમના પરિવારો માટે સન્માન સમારોહ યોજવામાં આવશે. ગ્રામીણ કક્ષાએ કાર્યક્રમના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાનનું ગાન કરવામાં આવશે.

ગ્રામ પંચાયતથી તાલુકા અને રાજધાની દિલ્હી સુધીની 'મિટ્ટી યાત્રાઓ'માં ગ્રામજનો દ્વારા માટી એકત્રીકરણ,તાલુકા કક્ષાએ તમામ ગ્રામ પંચાયતોની માટીના કળશમાં એકત્રિત કરીને યુવાનો દ્વારા દિલ્હી ખાતે નિયત કરેલ સ્થળે કળશ લઈ જવામાં આવશે. જ્યાં કર્તવ્ય પથ, નવી દિલ્હી ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં અંતિમ કાર્યક્રમ તા. ૩૦ ઑગસ્ટના રોજ યોજાશે. ●

# ઓનલાઈન બદલી કેમ્પ દ્વારા ૧૭,૧૭૪ શિક્ષકોની પારદર્શી બદલી



રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે તબક્કાવાર નવા નિર્ણયો લઈને શિક્ષણનું માળખું વધુ સુદૃઢ બને તે માટે પ્રયત્નશીલ છે. આવા જ એક ઉપક્રમમાં ઓનલાઈન બદલી કેમ્પ દ્વારા ૧૭,૧૭૪ શિક્ષકોની કરવામાં આવી હતી.

મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અંગેની વિગતો આપતાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો માટે જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પ (તાલુકા-ફેર)નું આયોજન બે તબક્કામાં કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકોને પસંદગી મુજબના સ્થળ પર સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી બદલીનો લાભ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો માટે જિલ્લાફેર બદલીનું આયોજન તા. ૨૬ થી ૨૮ જુલાઈ,૨૦૨૩ સુધી કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૧૨,૦૦૦ થી વધુ શિક્ષકોએ પોતાના વતનના જિલ્લામાં જિલ્લાફેર બદલીનો લાભ મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ કેમ્પમાં ગંગા સ્વરૂપા/વિધુર કેટેગરીમાં ૩૪૪, દિવ્યાંગ કેટેગરી ૧૭૪, પ્રાથમિક શિક્ષક દંપતી ૧,૩૮૦, સરકારી દંપતી ૩૨૦, અનુદાનિત દંપતી ૧૩૯, વાલ્મીકિ અગ્રતા ૮૩, સિનિયોરીટી કેટેગરીમાં ૧૪,૨૫૮ તેમજ મૂળ શાળા પરતનો લાભ ૪૭૬ એમ કુલ ૧૭,૧૭૪ શિક્ષકોએ બદલીનો લાભ લીધો હતો. ●

# ગુજરાતમાં 'પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રહેશે

ગુજરાતમાં 'જ્ઞાન સહાયક યોજના'નો જ્યાં સુધી અમલ ન થાય ત્યાં સુધી 'પ્રવાસી શિક્ષક યોજના' ચાલુ રાખવામાં આવશે તેમ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. લાખો વિદ્યાર્થીઓના હિતમાં સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ નિયમિત શિક્ષકથી ભરાય નહીં ત્યાં સુધી વિદ્યાર્થીનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ્વેતનથી શિક્ષણ કાર્ય કરવા 'પ્રવાસી શિક્ષક યોજના'ને વધુમાં વધુ છ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. ●

# ગરવા ગઢ ગિરનારની વિકાસ યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી

સુપ્રસિદ્ધ પ્રવાસન અને તીર્થસ્થાન ગરવા ગઢ ગિરનારનાં વિવિધ વિકાસ કામો માટેની રૂ.૧૧૪ કરોડની વિકાસ યોજનાને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં વિકાસયોજનાને મંજૂરી આપી હતી.



આ વિકાસકામો અંતર્ગત ભવનાથ તળેટીનો વિકાસ તેમજ તળેટીથી લઈને ગોરખનાથ અને દત્તાત્રેયની ટૂંક સુધીનાં વિકાસકાર્યો હાથ ધરાશે. એટલું જ નહીં, યાત્રાધામ પાવાગઢની પેટર્ન પર જ બંને તરફ પાથ-વે ૩ મીટર પહોળો કરીને નવાં જ પગથિયાનું વિસ્તૃતીકરણ કરવામાં આવશે.

પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ગિરનાર પર્વત પર તળેટીથી દત્તાત્રેય ટૂંક સુધી સમગ્ર પાયાની સુવિધાઓ ઊભી કરવા તેમજ ગિરનાર પર પાણી, વીજળીની વ્યવસ્થા હાથ ધરવા પણ આ વિકાસ યોજના અન્વયે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યના કુલ ૨૨ જેટલાં તીર્થધામોમાં કુલ ૪૮ કરોડ રૂપિયાના ખર્ચે જીર્ણોદ્ધાર, મરામત અને પાયાની સુવિધાનાં વિકાસ કામો હાથ ધરવાની પણ મંજૂરી આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ યાત્રાધામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ના ધ્યેય મંત્ર સાથે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દરેક યાત્રાધામમાં આવનારા યાત્રિકોને સ્વચ્છતા જાળવવા પ્રેરિત કરે તેવો પણ અનુરોધ કર્યો હતો.

આ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા તેમજ પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લા અને ઉચ્ચ અધિકારીઓ જોડાયાં હતાં. ●

# બનાસકાંઠાના મુડેઠામાં નવી ઔદ્યોગિક વસાહત સ્થપાશે

રાજ્યના યુવાનોને રોજગારીની પૂરતી તકો મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત કાર્ય કરી રહી છે. 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા વિવિધ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. તેમજ રોજગારી અને સ્વરોજગારી મળી રહે તે માટે જરૂરી નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ માટે વધુ એક મહત્વનો નિર્ણય કર્યો છે. તે અંતર્ગત બનાસકાંઠામાં ડીસા તાલુકાના મુડેઠા ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને નવી ઔદ્યોગિક વસાહતની સ્થાપના માટે ૨,૪૫,૦૦૦ ચો.મી. જમીન ફાળવવા અંગેની મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને મેન્યુફેક્ચરિંગ હબ અને ઓટો હબ સહિત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ દ્વારા દેશ-વિદેશના ઔદ્યોગિક રોકાણકારોને ગુજરાતમાં આકર્ષિત કરવા વાયબ્રન્ટ સમિટની સફળ શ્રૃંખલા શરૂ કરાવેલી છે. વાયબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાના પગલે રાજ્યમાં એફડીઆઈ તેમજ એક્સપોર્ટ ઓરિએન્ટેડ ઈન્ડસ્ટ્રીઝનો વ્યાપ વધી રહ્યો છે. ગુજરાત વિશ્વભરના રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. સાથોસાથ ક્લસ્ટર બેઝ્ડ ઔદ્યોગિક વસાહતો, SIR, MSME પાર્ક, વુમન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, મલ્ટિલેવલ પ્લગ એન્ડ પ્લે શેડ્સ તથા કન્ટ્રી સ્પેસિફિક ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશીપની સ્થાપના અંતર્ગત બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં વિવિધ ઔદ્યોગિક વસાહતો અને ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સમાં ઉપલબ્ધ છે.

રાજ્યમાં બ્લક ડ્રગ પાર્ક, ટેક્સટટાઈલ પાર્ક, મેડિકલ ડિવાઈસ પાર્ક, એગ્રો-ફુડ પાર્ક, સી-ફુડ પાર્ક, સીરામીક પાર્ક, ટ્રાયબલ પાર્ક સહિત સેક્ટર સ્પેસિફિક ઔદ્યોગિક એકમો વિકસિત થઈ રહ્યાં છે. આથી સેક્ટર સ્પેસિફિક મૂડીરોકાણને પણ વેગ મળ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં જાહેર કરાયેલી નવી ઔદ્યોગિક નીતિ અને આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર ધી આસિસ્ટન્સ ટુ ધી ઈન્ડસ્ટ્રીઝના પરિણામે ગુજરાતમાં ઉદ્યોગ રોકાણકારોને અનેક પ્રોત્સાહન આપવામાં આવે છે.

આ નીતિઓ અંતર્ગત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા માટે રાજ્ય સરકારે ઓનલાઈન સિંગલ વિન્ડો સિસ્ટમ અને ફેસલેસ એપ્લિકેશન ફેસિલિટી વિકસાવી છે. વિવિધ પ્રકારની મંજૂરીઓ ઓનલાઈન મેળવી શકાય તે માટે એક જ પોર્ટલ મારફતે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે ઉદ્યોગકારો-ઉદ્યોગ સાહસિકોને મદદરૂપ થવા નોડલ એજન્સી તરીકે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વર્ષ ૧૯૬૨થી કાર્યરત છે. જી.આઈ.ડી.સી. પાસે ૪૧,૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં ૨૩૯ વિકસિત કરાયેલી ઔદ્યોગિક વસાહતો છે. ૭૦ હજારથી વધુ પ્લોટ્સ અને ૫૦,૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમોનું સુવ્યવસ્થિત માળખું છે. આ માળખા દ્વારા ૨૫ લાખથી વધુ લોકોને પ્રત્યક્ષ રોજગારી મળે છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુડેઠા ખાતે નવી ઔદ્યોગિક વસાહત શરૂ કરવાની આપેલી મંજૂરીને પરિણામે બનાસકાંઠા જિલ્લાના દૂરદરાજના વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઊભી થશે અને આ સમગ્ર વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે. ●

# વિશ્વના આર્થિક ઉત્થાન માટે ગુજરાતના આંગણે મહામંથન

*ગુજરાત એટલે સુખ, શાંતિ અને સમૃદ્ધિનો પર્યાય. રાજ્ય સરકારની સર્વસમાવેશક નીતિના પરિણામે ગુજરાત બેસ્ટ ચોઈસ ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. દેશ- વિદેશના રોકાણકારો ગુજરાતમાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે પણ ઉત્તમ નાણાકીય વ્યવસ્થાપન કર્યુ છે. રાજ્યમાં છેલ્લા દોઢ દાયકામાં ઓવર ડ્રાફ્ટની સિસ્ટિમ ભૂતકાળ બની છે. રાજ્યના નાગરિકો પણ નાણાકીય આયોજન બાબતે સભાન બન્યા છે, જેના કારણે ગુજરાતમાં વિવિધ સેક્ટરમાં રોકાણમાં વધારો થયો છે. રાજ્યમાં નોકરીની તકો વધી છે. ગુજરાત એ દેશના આર્થિક વિકાસનો પરિચાયક છે, ત્યારે વિશ્વની આર્થિક મહાસત્તા ગણાતાં રાષ્ટ્રો ગુજરાતના આંગણે સમગ્ર વિશ્વના આર્થિક ઉત્થાન માટે ચિંતન કરવા ઉપસ્થિત રહ્યાં હતાં. તાજેતરમાં ગુજરાત G-૨૦ની આર્થિક ક્ષેત્ર માટે મહત્ત્વની બેઠકનું યજમાનપદે હતું. જેમાં ત્રીજી નાણાં અને કેન્દ્રીય બૅન્કોના ઉપપ્રમુખશ્રીઓ(FCBD)ની બેઠક અને નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બૅન્ક ગવર્નરોની (FMCBG) બેઠકનો સમાવેશ થાય છે. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના કારણે આ વર્ષે ભારત G-૨૦નું નેતૃત્વ કરી રહ્યું છે. G-૨૦ અંતર્ગત તાજેતરમાં ૧૪થી ૧૬ જૂલાઈ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી ખાતે ત્રીજી નાણાં અને કેન્દ્રીય બૅન્કોના ઉપપ્રમુખશ્રીઓ (FCBD)ની બેઠક યોજાઈ હતી. તેમજ તા. ૧૭ અને ૧૮ જૂલાઈ, ૨૦૨૩ના રોજ મહાત્મા મંદિર ખાતે નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બૅન્ક ગવર્નરોની (FMCBG) બેઠક યોજાઈ હતી. આમ, પાંચ દિવસ ગાંધીનગરમાં G-૨૦ દેશોના પ્રતિનિધિઓએ પ્રજાલક્ષી અભિગમ દ્વારા વૈશ્વિક સ્તરે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા ગહન ચર્ચા - વિમર્શ કર્યો હતો.*






## ગિફ્ટ સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ યોજાયો

ગાંધીનગરમાં યોજાયેલી ત્રીજી નાણાં અને કેન્દ્રીય બૅન્કનો ઉપપ્રમુખની બેઠક અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગિફ્ટ સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, કોઈ પણ દેશ કે રાષ્ટ્રના વિકાસ અને સમૃદ્ધિ માટે માટે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ઈન્વેસ્ટમેન્ટ મહત્ત્વની બાબત છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, એન્વાઈરન્મેન્ટ સસ્ટેઈનેબિલિટી અને સામાજિક પ્રગતિ સાથે જ ઈકોનોમિક ગ્રોથ અને ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યૂનિટીઝ સાર્થક થઈ શકે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટી પરિસરમાં આ ડાયલોગ - સેશનનો પ્રારંભ કરાવતાં વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરતા ગિફ્ટસિટીએ દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર IFSC ધરાવવાનું ગૌરવ મેળવેલું છે. આ પરિસર પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બન્યું છે, તેનો પણ તેમણે હર્ષ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને બિઝનેસ અને ફાઈનાન્સિયલ એક્ટિવિટીઝનું ગ્લોબલ હબ બનાવવાની નેમ વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં પાછલા દશકોથી મોટા પ્રમાણમાં FDI(ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ) આવતું રહ્યું છે. તે જ ગ્લોબલ બિઝનેસ ગુજરાત પર ભરોસો કરે છે તેનું પ્રમાણ છે. ૨૦૨૨-૨૩ના વર્ષમા ગુજરાતે ૪.૭ બિલિયન ડોલરથી વધુ FDI મેળવ્યું છે. ગુજરાતમાં વર્લ્ડક્લાસ બિઝનેસ ઈકો સિસ્ટિમ છે. એટલું જ નહીં ગતિશીલ ઉદ્યમશીલતા, સ્કીલ્ડ વર્કફોર્સ અને કન્ક્યુસિવ બિઝનેસ એન્વાઈરન્મેન્ટ જેવા બહુવિધ ક્ષેત્રો બે દશકથી રાજ્યની વિકાસયાત્રાના મૂળમાં રહેલા છે.

ગુજરાતે સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપન - પ્રુડન્ટ ફાઈનાન્સિયલ મૅનેજમૅન્ટ ઈકોનોમિક ડેવલપમેન્ટથી માંડીને સોશિયલ એન્વાઈરન્મેન્ટ સુધીના દરેક એરિયા અપનાવીને પરિણામો મેળવ્યા છે. ગુજરાત સરકાર એક વિઝન સાથે ફાઈનાન્સિયલ મૅનેજમૅન્ટ કરી રહી છે અને તેના પરિણામે

જ ફિસ્કલ ટાર્ગેટ પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નીતિ આયોગે પણ રાજ્યના ફાઈનાન્સિયલ મૅનેજમૅન્ટની સરાહના કરી છે. પાછલા દોઢ દાયકાથી દર વર્ષે સરપ્લસ બજેટ ગુજરાતમાં આપતા આવ્યા છીએ. ૨૦૨૧-૨૨માં ગુજરાતની ફિસ્કલ ડેફિસિટ GSDPના ૧.૧૬ ટકા કરતાં પણ ઓછી રહી છે. એટલું જ નહીં આ વર્ષના બજેટ આઉટ લેમાં ગત બજેટ કરતાં ૨૩ ટકા ગ્રોથ અને કેપિટલ એક્સપેન્ડિચરમાં ૯૨ ટકા વૃદ્ધિ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટસિટીમાં રહેલી લિમિટલેસ પોસિબિલિટીઝ એક્સપ્લોર કરવા તેમજ આગામી વાઈબ્રન્ટ - ૨૦૨૪માં સહભાગી થવા પણ આ G-૨૦ સમિટમાં આવેલા દેશોના પ્રતિનિધિઓને આમંત્રણ આપ્યું હતું.

ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે આયોજિત ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટર્સ ડાયલોગમાં ઉપસ્થિત પ્રતિનિધિઓને આવકારતાં ગિફ્ટ સિટીના ચેરમેન શ્રી હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે, વૈશ્વિક કક્ષાના પ્લાન્ડ ગ્રીન ફિલ્ડ સિટીનું નિર્માણ કરવામાં ગુજરાત પાયોનિયર છે અને રાજધાની ગાંધીનગર તેનું ઉત્તમ ઉદાહરણ છે. ગિફ્ટ સિટીમાં ગ્લોબલ ફાઈનાન્સિયલ ઈકો સિસ્ટિમને ધ્યાનમાં રાખીને વૈશ્વિકસ્તરે પરસ્પર વિશ્વાસ અને સહયોગની ભાવનાથી કામ કરવામાં આવી રહ્યું છે. આ પ્રકારે સામૂહિક પ્રયાસોથી જ વૈશ્વિક અર્થતંત્ર સામે રહેલા પડકારોને પહોંચી વળાશે અને વૈશ્વિક અર્થતંત્રને સ્થિર અને સધ્ધર બનાવી ઉમદા ભવિષ્યનું નિર્માણ કરી શકાશે.

ગિફ્ટ સિટી બૅન્કિંગ, ઈન્શ્યોરન્સ, ફોરેન યુનિવર્સિટીઝ, શિપ લીઝિંગ સહિતનાં વિવિધ ક્ષેત્રોના ગ્રોથ સેકશન તરીકે વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે ઝડપથી ઊભરી રહ્યું છે અને આ માટેના અર્થતંત્રના વિકાસની નવી દિશાઓ ઉઘાડી રહ્યું છે.



એટલું જ નહીં, સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરીને વિશ્વના અન્ય ફાઈનાન્શિયલ સેન્ટર્સને ઉદાહરણ પણ પૂરું પાડી રહ્યું છે.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જણાવ્યું હતું કે, ટકાઉ વિકાસ એ માત્ર આકાંક્ષા કે મહેચ્છા નથી, પરંતુ તે એક વૈશ્વિક જવાબદારી છે. રાજ્ય સરકારે નગર આયોજનમાં ટકાઉપણું, ગ્રીન એનર્જી અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ જેવી મહત્ત્વની બાબતો આવરી લેવાનો અભિગમ રાખ્યો છે. ગુજરાત અનેક પુનઃપ્રાપ્ય પાવર પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલી બનાવી પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. ગુજરાત સોલાર સસ્ટેઈન સ્ટેટ છે જેમાં મહત્તમ વીજ ઉત્પાદન રિન્યૂએબલ એનર્જી થકી થાય છે. આગામી ૨ થી ૩ વર્ષમાં શહેરી વિસ્તારોની તમામ વીજળીની જરૂરિયાતો આવા રિન્યૂએબલ એનર્જી સ્રોતો થકી પૂરી પાડીશું.

તેમણે વધુમાં ઉમેર્યું કે, જીવનને સુખ - સુવિધાયુક્ત બનાવવા શહેરોની રચના કરવી જોઈએ. પર્યાવરણને ધ્યાનમાં રાખીને જ કરાયેલ શહેરી આયોજન અસરકારક નીવડે છે. ટકાઉ શહેરો વિકસાવવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ ગિફ્ટ સિટી છે. ગિફ્ટ સિટીએ સ્ટેટ ઓફ ધ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પર ફોકસ કર્યું છે.

ગુજરાતનાં અન્ય શહેરો જેમ કે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા પણ ટકાઉ શહેર પર કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત આગામી ૩૫થી ૪૦ વર્ષનું આયોજન કરી ટકાઉ વિકાસની દિશામાં આગે કૂચ કરી રહ્યું છે.



## વર્લ્ડ બૅન્ક ગુજરાતને નોલેજ પાર્ટનરશીપમાં સહયોગ કરશે

ગુજરાતમાં યોજાયેલી G-૨૦ બેઠકોમાં સહભાગી થવા પધારેલા વર્લ્ડ બૅન્કના પ્રેસિડેન્ટ શ્રી અજય બાંગા અને ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વિસ્તૃત બેઠક યોજી હતી. ગુજરાત સાથેના વર્લ્ડ બૅન્કના સંબંધોનો સેતુ સુદૃઢ થતો રહ્યો છે અને ગુજરાત વિકાસના રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે તે માટે વર્લ્ડ બૅન્કના પ્રેસિડેન્ટશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત લાર્જ સ્કેલ પ્રોજેક્ટ, મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને રિન્યૂએબલ એનર્જી સહિતનાં ક્ષેત્રોમાં કાર્યાન્વિત છે તેમાં વર્લ્ડ બૅન્ક સહાયતા માટે તત્પર હોવાનું પ્રેસિડેન્ટ શ્રી બાંગાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વર્લ્ડ બૅન્ક માત્ર નાણાકીય સંસ્થાન જ નહીં પરંતુ નોલેજ બૅન્ક પણ છે. એ સંદર્ભમાં ગુજરાત સાથે નોલેજ પાર્ટનરશીપ કરવાની દિશામાં વર્લ્ડ બૅન્ક અને ગુજરાતના પ્રતિનિધિઓ સાથે મળીને પ્રાથમિકતા નક્કી કરે, તેવું સૂચન તેમણે કર્યું હતું. ખાસ કરીને એનર્જી, મેન્યુફેક્ચરિંગ, સ્કિલિંગ અને

કેપેસિટી બિલ્ડિંગ માટે આ પાર્ટનરશીપ ઉપયુક્ત થશે, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતે ગ્રીન ગ્રોથ ક્લાઈમેટ રેઝિલિયન્ટ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જે મહારથ મેળવી છે તેની ભૂમિકા આપી હતી. રોજગાર નિર્માણ તથા આર્થિક અને સામાજિક વિકાસ માટે આ બધા ક્ષેત્રો પર ગુજરાતે ફોકસ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આગામી વાઈબ્રન્ટ-૨૦૨૪માં આવવા માટે વર્લ્ડ બૅન્ક પ્રેસિડેન્ટશ્રીને આમંત્રણ પણ આપ્યું હતું.

## ADBના પ્રતિનિધિ મંડળની ફળદાયી મુલાકાત

ગાંધીનગરમાં G-૨૦ અંતર્ગત FCBD બેઠકમાં સહભાગી થવા આવેલા એશિયન ડેવલપમેન્ટ બૅન્ક(ADB)ના પ્રેસિડેન્ટ શ્રીયુત માસાતુસગુ આશકાવા અને પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ગાંધીનગરમાં વિસ્તૃત બેઠક યોજીને એશિયન ડેવલપમેન્ટ બેન્ક અને ગુજરાતના સંબધોને વધુ વ્યાપક બનાવવા વિચારવિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રતિનિધિ મંડળને આવકારીને રાજ્યની અત્યાર સુધીની વિકાસ યાત્રામાં ADBએ આપેલા સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી એ ADB રાજ્ય સરકારને સ્કિલ ડેવલપમેન્ટ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં મદદ કરી રહી છે તે જ રીતે ગ્રીન એનર્જી, આરોગ્ય, રૂરલ રોડ કનેક્ટિવિટી, પેય જળ અને આવાસ વગેરે ક્ષેત્રોમાં ADBના સહયોગની અપેક્ષા વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત છેલ્લા એક દશકમાં મજબૂત અર્થ વ્યવસ્થાથી દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. સાથોસાથ મેન્યૂફેક્ચરિંગ, સર્વિસ અને એગ્રિકલ્ચર સેક્ટર પણ રાજ્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે દસમી ગુજરાત વાઈબ્રન્ટ સમિટમાં જોડાઈને ફિન્ટેક ક્ષેત્રનો વ્યાપ ગુજરાતમાં જ નહીં પરંતુ દેશમાં આગળ ધપાવવા અંગેની ચર્ચાઓનું નેતૃત્વ કરવા ADBને આમંત્રણ આપ્યું હતું

## FCBD બેઠકના મુખ્ય કાર્યક્રમો

- બહુપક્ષીય વિકાસ બૅન્કોને મજબૂત કરવા પર G-૨૦ નિષ્ણાત જૂથના અહેવાલના આધારે પ્રતિનિધિઓની ગોળમેજી બેઠક
- ગિફ્ટ સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ
- ભવિષ્યનાં શહેરો માટે ભંડોળ અને ધિરાણનો ઢાંચો તથા બદલાતા અભિગમોના લાભ પર મંત્રીસ્તરીય સેમિનાર
- કરચોરી, ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની હેરફેર વિરુદ્ધ પગલાં લેવા માટે મંત્રીસ્તરીય ચર્ચા
- ઝડપી ચૂકવણી પદ્ધતિઓને પરસ્પર જોડવા માટે પ્રતિનિધિઓનો વર્કશોપ
- વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ માટે વિકાસલક્ષી વાતાવરણને પ્રોત્સાહન અને રોકાણલક્ષી અભિગમ પર પ્રતિનિધિઓનો સેમિનાર



## ગુજરાતને માળખાકીય સુવિધામાં મદદ કરવા AIIB ઉત્સુક

ત્રીજી ફાઈનાન્સ એન્ડ સેન્ટ્રલ બેન્ક ડેપ્યુટીસ(FCBD)ની બેઠકમાં સહભાગી થવા આવેલા એશિયન ઈન્વેસ્ટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બૅન્ક(AIIB)ના પ્રેસિડેન્ટ શ્રીયુત લિકવન ઝી અને પ્રતિનિધિમંડળે ગુજરાતના વિકાસથી તેઓ પ્રભાવિત થયા હોવાનો મત વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તેઓ અગાઉ પણ ગુજરાત આવેલા છે. જ્યારે ગુજરાત આવે છે ત્યારે તેમને વિકાસમાં નવીનતા જોવા મળી છે. તે માટે તેમણે મુખ્યમંત્રીશ્રીના દ્દષ્ટિવંત નેતૃત્વને બિરદાવ્યું હતું.

AIIBના પ્રેસિડેન્ટશ્રીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, ગુજરાતે જે ફાઈવ પીલર આધારિત વિકાસનો ભાવિ રોડ મેપ નક્કી કર્યો છે, તે તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના આયોજનને સંપૂર્ણ સુસંગત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, ગુજરાતમાં સુદૃઢ નાણાં વ્યવસ્થાપનથી છેલ્લા દાયકામાં રાજ્યની અર્થવ્યવસ્થા ૧૨ ટકાથી વધુના ઊંચા દરે વૃદ્ધિ પામી છે. મેન્યૂફેક્ચરિંગ સેક્ટર, સર્વિસ સેક્ટર અને એગ્રિકલ્ચર સેક્ટર એકબીજાના પૂરક બનીને સર્વાંગી આર્થિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. ગુજરાતે ઝડપી વિકાસ દર હાંસલ કરવા આ વર્ષના બજેટની સાઈઝમાં ૨૩ ટકાનો અને મૂડી ખર્ચમાં ૯૨ ટકાનો વધારો કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની આ વિકાસ યાત્રામાં AIIB મહત્ત્વનું ભાગીદાર બની રહ્યું છે.

## વાઇબ્રન્ટ સમિટમાં ઇજિપ્તને જોડાવા CMનું નિમંત્રણ

આરબ રિપબ્લિક ઓફ ઈજિપ્તના નાણાં મત્રી શ્રીયુત ડૉ.મોહમ્મદ મૈત અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારત, ગુજરાત અને ઈજિપ્ત વચ્ચે સદીઓ જૂના વેપાર-વણજના સંબંધોને હવે વર્તમાન સમયને અનુરૂપ વધુ વ્યાપક બનાવવા અંગે બેઠકમાં ચર્ચા-પરામર્શ કર્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, ઈતિહાસની બે સૌથી જૂની માનવ સંસ્કૃતિની વિરાસત ઈજિપ્ત અને ભારત ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ઈજિપ્તની મુલાકાત લીધી હતી તે ઐતિહાસિક અને વેપાર-રોકાણમાં નોંધપાત્ર વૃદ્ધિનો માર્ગ સરળ કરનારી બની છે તેમ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બેઠક દરમિયાન જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીનો ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સિટી આજે વિશ્વ માટે ફાઈનાન્સિયલ એન્ડ ટૅકનોલોજી સેક્ટરમાં ભારતમાં પ્રવેશ માટેનું દ્વાર છે. મુખ્યમંત્રીશ્રીએ ઈજિપ્તની નાણાકીય સંસ્થાઓ, ફિનટેક કંપનીઝ, ટેક સ્ટાર્ટઅપ્સને ગિફ્ટમાં રોકાણો માટે આવવા આમંત્રણ પાઠવ્યું હતું. ગુજરાત અને ઈજિપ્ત સાથે મળીને રિન્યુએબલ એનર્જી, ટૂરિઝમ, આઈ.ટી જેવાં ક્ષેત્રોમાં રોકાણ ભાગીદારી કરી શકે તેમ છે તેવો સુઝાવ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

## UAEના નાણા મંત્રીની CM સાથે સૌજન્ય મુલાકાત

ગિફ્ટ સિટીમાં યોજાયેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગમાં અને ફાઈનાન્સ સેક્ટરની મીટમાં સહભાગી થવા યુ.એ.ઈ.ના મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર ફાઈનાન્સિયલ અફેર્સ શ્રીયુત મહોમ્મદ અલ હુસેનીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ મુલાકાત દરમિયાન શ્રીયુત મહોમ્મદ અલ હુસેનીને ગુજરાતમાં ગિફ્ટ સિટી ઉપરાંત ધોલેરા સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ સિટી (DSIR)માં જે બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો અને રોકાણકારો માટે ઉપલબ્ધ છે તેની વિગતો આપી હતી. ગુજરાત રિન્યૂએબલ એનર્જી સેક્ટર અને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં અગ્રણી રાજ્ય બનવાની સજ્જતા સાથે ગ્રીન ગ્રોથ તરફ આગળ વધી રહ્યું છે તે અંગેની વિગતો પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સૌજન્ય મુલાકાત દરમિયાન આપી હતી.

## G-20ના આયોજનથી દક્ષિણ આફ્રિકાના મંત્રી પ્રભાવિત

ફાઈનાન્સ મિનિસ્ટર્સ અને બૅન્ક ગવર્નર્સની ત્રીજી સમિટમાં સહભાગી થવા ગાંધીનગર આવેલા સાઉથ આફ્રિકાના ફાઈનાન્સ મિનિસ્ટર શ્રીયુત એનોક ગોડોન્ગવાના અને પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની આ બેઠકમાં તેમણે G-૨૦ના આયોજનથી પ્રભાવિત થયા હોવાનો મત દર્શાવ્યો હતો. એટલું જ નહીં, વિકાસનાં બહુવિધ ક્ષેત્રે ગુજરાત અને સાઉથ આફ્રિકા સાથે મળીને કામ કરી શકે તેમ તેમણે ઉમેર્યું હતું. સાઉથ આફ્રિકાના ફાઈનાન્સ મિનિસ્ટરે ગુજરાતમાં ઉદ્યોગ-રોકાણકારોને અપાતાં પ્રોત્સાહનો અને ઈન્સેન્ટિવ્ઝ વિશે જાણવામાં રસ દાખવ્યો હતો.

શ્રીયુત એનોક ગોડોન્ગવાને ગુજરાત અને સાઉથ આફ્રિકા વચ્ચે સુદૃઢ સાંસ્કૃતિક અને વ્યાપારિક સંબંધો છે તેમજ ગુજરાતી પરિવારો એમને ત્યાં વ્યાપાર ઉદ્યોગમાં સક્રિય યોગદાન આપે છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠકમાં જણાવ્યું હતું કે, ગુજરાત અને સાઉથ આફ્રિકાના સંબંધો દીર્ઘકાલીન છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સાઉથ આફ્રિકામાં સત્યાગ્રહ ચળવળ શરૂ કરેલી તેનું પણ તેમણે સ્મરણ કર્યું હતું. આ સંદર્ભમાં સાઉથ આફ્રિકાના ફાઈનાન્સ મિનિસ્ટરને સાબરમતી આશ્રમ અને મહાત્મા મંદિર પરિસરની દાંડી કુટીરની મુલાકાત લેવા આગ્રહ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી એ આગામી ૨૦૨૪ જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં જોડાવા સાઉથ આફ્રિકાના નાણાં મંત્રીને આમંત્રણ પાઠવ્યું હતું. વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૯માં સાઉથ આફ્રિકા વાઈબ્રન્ટ સમિટનું પાર્ટનર કન્ટ્રી રહ્યું છે તેમજ આ વાઈબ્રન્ટ સમિટમાં એક વિશેષ સત્ર આફ્રિકા-ડે નું આયોજન કરવામાં આવે છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. સાઉથ આફ્રિકાના નાણા મંત્રીશ્રી એનોક ગોડોન્ગવાએ આ આમંત્રણનો સ્વીકાર કરતાં વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪માં જોડાવાની તત્પરતા દર્શાવી હતી. ●



# નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બૅન્કના ગવર્નર્સની ત્રીજી બેઠક યોજાઈ





ગાંધીનગરમાં G-૨૦ બેઠક અન્વયે ફાઈનાન્સ મિનિસ્ટર્સ એન્ડ સેન્ટ્રલ બૅન્ક ગવર્નર્સની ત્રીજી બેઠક યોજાઈ હતી. આ બેઠકની અધ્યક્ષતા સંયુક્તપણે નાણાં અને કોર્પોરેટ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને રિઝર્વ બૅન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાંત દાસ દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકમાં G-૨૦ સભ્ય દેશો, આમંત્રિત દેશોના નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બૅન્કના ગવર્નર્સ તથા વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ (IOs)ના વડાઓ સહિત ૫૦૦થી વધારે પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.

ભારતની અધ્યક્ષતાની "એક પૃથ્વી, એક પરિવાર, એકસમાન ભવિષ્ય"ની થીમ અંતર્ગત G-૨૦ના સભ્ય દેશોના મંત્રીઓ અને સેન્ટ્રલ બૅન્કોના ગવર્નર્સે નાગરિકો અને પૃથ્વીની સુખાકારીને પ્રાથમિકતા આપવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક સાથ-સહકાર વધારવા, તમામ માટે વૈશ્વિક વિકાસને મજબૂત કરવા અને વૈશ્વિક અર્થતંત્રને સ્ટ્રોંગ, સસ્ટેઇનેબ્લ, બેલેન્સ્ડ એન્ડ ઇન્ક્લૂઝિવ ગ્રોથ (SSBIG - ઊંચી, સતત, સંતુલિત અને સર્વસમાવેશક વૃદ્ધિ) તરફ અગ્રેસર કરવાની પ્રતિબદ્ધતા રજૂ કરી હતી.

### પાંચ થીમેટિક સત્રો

આ બેઠકનું આયોજન પાંચ થીમેટિક સત્રોમાં થયું હતું, જેમાં વૈશ્વિક અર્થતંત્ર અને વૈશ્વિક સ્વાસ્થ્ય, સતત ધિરાણ અને માળખાગત સુવિધા, આંતરરાષ્ટ્રીય ધિરાણનું માળખું, આંતરરાષ્ટ્રીય કરવેરા તથા ધિરાણ ક્ષેત્ર અને ધિરાણની સર્વસમાવેશકતાના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય નાણા મંત્રીશ્રીએ તેમના સંબોધનમાં વૈશ્વિક અર્થતંત્રને સંતુલિત અને સર્વસમાવેશક વૃદ્ધિ તરફ દોરી જવા G-૨૦ની સહિયારી જવાબદારી નિભાવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં વર્ષ ૨૦૨૩ માટે G-૨૦ની ભારતીય અધ્યક્ષતા અંતર્ગત ફાઈનાન્સ ટ્રેકના ચાવીરૂપ પરિબળો અંગે ચર્ચા થઈ હતી. ભારતીય અધ્યક્ષતાને એજન્ડામાં સામેલ તમામ બાબતો પર સમર્થન મળ્યું હતું. સભ્યોએ વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણ અને જોખમોની ચર્ચા કરી હતી, જેમાં ખાદ્ય અને ઊર્જાની અસુરક્ષાની તેમજ આબોહવાના પરિવર્તનની બૃહદ્ આર્થિક અસરોનો મુદ્દો સામેલ હતો. સભ્યોએ 'આબોહવામાં પરિવર્તન અને બદલાઈ રહેલા સ્થિતિસંજોગો કે માર્ગોમાંથી આકાર લઈ રહેલાં બૃહદ્ આર્થિક જોખમો પર G-૨૦ના અહેવાલ'ને સ્વીકાર્યો હતો.

### MDBs મજબૂત કરવા ઉપર ભાર મૂકાયો

૨૧મી સદીના વૈશ્વિક પડકારોનું સમાધાન કરવા મલ્ટિલેટરલ ડેવલપમેન્ટ બૅન્ક્સ (MDBs - બહુરાષ્ટ્રીય વિકાસ બૅન્કો) ને મજબૂત કરવા પ્રાથમિકતા આપવાની કામગીરી અંતર્ગત સભ્ય દેશોએ MDBની ઇકોસિસ્ટિમને મજબૂત કરવાની અને તેમાં પરિવર્તન કરવાની તાતી જરૂરિયાતને વ્યક્ત કરી હતી. સભ્યોએ ચાલુ વર્ષની શરૂઆતમાં ભારતીય અધ્યક્ષતા દ્વારા MDBsને મજબૂત કરવા પર રચાયેલા G-૨૦ના સ્વતંત્ર નિષ્ણાત જૂથના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

### ભારતના DPI એજન્ડાની G-20 દેશોએ સરાહના કરી

ભારતીય અધ્યક્ષતાએ G-૨૦ની ચર્ચા-વિચારણાઓમાં ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) એજન્ડાને પણ સ્થાન આપ્યું છે. સભ્યોએ ઝડપથી વધારતી ધિરાણ સર્વસમાવેશકતા અને ઉત્પાદકતાના લાભોમાં DPIની પરિવર્તનકારક ભૂમિકાને



### FMCBG બેઠકના મુખ્ય કાર્યક્રમો

- ક્રિપ્ટો સંપત્તિ પર ગોળમેજી પરિષદ
- આંતરરાષ્ટ્રીય કરવેરા
- સસ્ટેનેબલ નાણાકીય અને માળખાગત સુવિધાઓ
- નાણાકીય ક્ષેત્ર અને આર્થિક સમાવેશ
- વૈશ્વિક અર્થતંત્ર અને વૈશ્વિક આરોગ્ય
- આંતરરાષ્ટ્રીય નાણાકીય સંરચના

સ્વીકારી હતી. મંત્રીશ્રીઓ અને ગવર્નરશ્રીઓએ છેવાડાના વ્યક્તિ સુધી ધિરાણ કે નાણાકીય સર્વસમાવેશકતાની પ્રક્રિયાને વેગ આપવા DPIsના ઉપયોગમાં ભારતનાં પથપ્રદર્શક પ્રયાસોની સરાહના કરી હતી. જ્યારે DPIsનો ઉપયોગ દેશોને આ કામગીરીને વેગ આપવામાં હરણફાળ ભરવા દેશોને મદદ કરી શકે છે એ બાબત નોંધવામાં આવી છે, ત્યારે સભ્ય દેશોએ ભારતની અધ્યક્ષતા અંતર્ગત વિકસાવવામાં આવેલી 'ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે ઝડપથી અગ્રેસર નાણાકીય સર્વસમાવેશકતા અને ઉત્પાદકતાનાં ફાયદા માટે G-૨૦ની નીતિગત ભલામણો' સર્વસંમતિ સાથે સ્વીકારી હતી. આ નીતિગત ભલામણો G-૨૦ અને G-૨૦ના સભ્ય ન હોય એવા એમ બંને પ્રકારના દેશોને તેમની વિકાસલક્ષી પ્રક્રિયાઓને ઝડપથી વેગ આપવા તથા ઊંચી અને સર્વસમાવેશક વૃદ્ધિ હાંસલ કરવા DPIનો ઉપયોગ કરવા માર્ગદર્શન આપવા માટે મહત્ત્વપૂર્ણ માધ્યમ બનશે.

G-૨૦ FMCBGsએ G-૨૦નો નવો ૨૦૨૩ ફાઇનાન્શિયલ ઇન્ક્લૂઝન એક્શન પ્લાન (FIAP - નાણાકીય સર્વસમાવેશકતા કાર્ય યોજના)ને ત્રણ વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ માટે સ્વીકાર્યો હતો. FIAP G-૨૦ અને એ સિવાયના દેશોમાં DPI સહિત ટેક્નોલોજિકલ, નવીનતાઓ અને ડિજિટલ માળખાગત સુવિધાઓને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત કામગીરીનાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યક્તિઓ અને MSMEsની નાણાકીય સર્વસમાવેશકતાને ઝડપથી આગળ વધારવા માટે કાર્યલક્ષી અને ભવિષ્યલક્ષી રૂપરેખા પ્રદાન કરે છે. ઉપરાંત ભારતની નિમણૂક GPFI ના સહ-અધ્યક્ષો પૈકીના એક તરીકે થઈ છે અને સહ-અધ્યક્ષ તરીકે પોતાની ક્ષમતામાં ભારત વર્ષ ૨૦૨૪થી શરૂ થતા આગામી ત્રણ વર્ષ માટે નવા FIAPનું નેતૃત્વ અને એનો અમલ કરશે. ●

# આણંદ ખાતે G-૨૦ અંતર્ગત W-૨૦ કાર્યક્રમ યોજાયો



ભારત આ વર્ષે G-૨૦નું નેતૃત્વ કરી રહ્યું છે. તે અંતર્ગત દેશનાં વિવિધ રાજ્યોમાં તે અંતર્ગતની બેઠકોનું આયોજન કરીને વધુ સારા વિશ્વના નિર્માણ માટેનું મનોમંથન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ગુજરાતમાં આર્થિક બાબતોના મનોમંથન માટે G-૨૦ દેશોના બેંકોના ગવર્નર અને નાયબ ગવર્નરોની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આણંદ ખાતે વુમન-૨૦ (W-૨૦)નું આયોજન કરવામાં આવ્યું હતું.

સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ એન.ડી.ડી.બી. ખાતે યોજાયેલ G-૨૦ અંતર્ગત જનભાગીદારી વુમન-૨૦ (W-૨૦) કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતમાં અનેક આયામોની શરૂઆત કરીને મહિલાઓનું સશક્તીકરણ કરવામાં આવી રહ્યું છે. સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓના સમાજ પ્રત્યેના યોગદાનને સન્માનિત કરી, ડેરી અને સહકારી ક્ષેત્રમાં મહિલાઓના નેતૃત્વમાં વધારો કરવો કે જેનાથી ટકાઉ વિકાસમાં તેમની ભાગીદારીને વધારી શકાય તે આ કાર્યક્રમનો ઉદ્દેશ છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ વીડિયો સંદેશ દ્વારા સહકાર પર આધારિત ડેરી, પશુપાલન અને વિવિધ ક્ષેત્રે મહિલાઓએ આપેલા અભૂતપૂર્વ યોગદાનને વખાણી આવનારા સમયમાં વધુને વધુ મહિલાઓને પગભર બનાવી મહિલાઓના નેતૃત્વમાં વધારો કરવાના હેતુથી યોજાયેલ આ કાર્યક્રમની સરાહના કરી હતી. તેમણે મહિલાઓ હંમેશાં પુરુષો કરતાં વધારે જવાબદારીપૂર્વક કાર્ય કરતી હોવાનું જણાવી મહિલાઓની બહાદુરી, સૂઝબૂઝ, કર્તવ્યનિષ્ઠા, સમજદારી જેવા ગુણોને બિરદાવ્યા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ દેશ અને રાજ્યના ડેરી અને પશુપાલન ક્ષેત્રના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો અને પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●




# સહ્યાદ્રિની ગોદમાં.... ડાંગ ઇકો ટૂરિઝમ

## કલકલ નિનાદ સાથે પ્રકૃતિની નીરવ શાંતિનો અહેસાસ







**મનોજ ખેંગાર**

પૃથ્વી પરના સ્વર્ગસમા કાશ્મીર કે ગોડ્સ ઓન કન્ટ્રી તરીકે ઓળખાતા કેરળની ગરજ સારતા ડાંગ પ્રદેશને નજીકથી માણવા પ્રકૃતિપ્રેમીઓ હંમેશાં લાલાયિત હોય છે. પર્યટકોને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાની તક ઉપલબ્ધ કરાવવાના હેતુસર ડાંગ વન વિભાગે અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં આવેલી તેની ત્રણ ઈકો કેમ્પ સાઈટ આહવાથી ૩૨ કિલોમીટરના અંતરે આવેલી 'મહાલ', આહવાના સીમાડે ૭ કિલોમીટરના અંતરે આવેલી 'દેવીનામાળ' અને ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ પાસે આવેલી 'કિલાદ' ખાતેની ઈકો કેમ્પ સાઈટ્સ ખાતે પ્રવાસીઓને રહેવા, જમવાની સુવિધાઓ સાથે નવા વાઘા પહેરાવી પ્રવાસીઓની સેવામાં મૂકી છે.

સહ્યાદ્રિની ગોદમાં પ્રકૃતિની નીરવ શાંતિ ઝંખતા પ્રવાસીઓ માટે ડાંગ જિલ્લાના ઈકો ટૂરિઝમનો અહેસાસ ન ભૂતો, ન ભવિષ્યતિ સાબિત થઈ શકે છે. ચોમાસાની ભીની ભીની ઋતુમાં વનરાજી જ્યારે નવપલ્લવિત થઈ છે ત્યારે ડાંગની લીલીછમ્મ પ્રકૃતિને મન ભરીને માણવાનો અવસર ઊભો થયો છે.

મદમસ્ત વરસાદી માહોલમાં ડાંગની વનરાઈઓમાં ઠેર-ઠેર નાના મોટાં ઝરણાઓનું સંગીત ગૂંજી ઊઠે છે. ખળખળ વહેતા નદીનાળા, ચોમાસામાં ગાંડીતૂર અને શિયાળામાં અતિ શાંત બનીને વહેતી લોકમાતા અંબિકા, ખાપરી, ગીરા અને પૂર્ણા સમગ્ર પ્રદેશને ભીનો-ભીનો માહોલ પ્રદાન કરે છે.

પર્વતોની ટોચેથી નીચે ખાબકતા અને રૌદ્ર-રમ્ય અહેસાસ કરાવતા કલકલ નિનાદ કરતા શ્વેત દુગ્ધધારા જેવા જળપ્રપાત અને પર્વતોની ટોચને હળવેકથી આલિંગન આપતી શ્વેત-શ્યામ વાદળડીઓ મનને અનોખી શાતા પ્રદાન કરે છે.

પ્રકૃતિના આ અનમોલ નજારાને માણવો હોય તો તમારે ડાંગના ડુંગરા ખૂંદવા પડે, અહીં નિરાંતે રાતવાસો કરવો પડે. પરંતુ ડાંગમાં રાત્રી રોકાણ કરવું હોય તો અગાઉથી બુકિંગ કરાવવાનું ચૂકતા નહીં.

ડાંગની આ ઈકો કેમ્પ સાઈટ ખાતે વુડન કોટેજ, લોગ હટ્સ, ટેન્ટ હાઉસ, ડિલક્સ ટેન્ટ, સ્યુટ્સ (સ્વિટ્સ), ટ્વીન બંગલોઝ, ડોરમેટરી, સાથે ટ્રી હાઉસ પણ સેવામાં હાજર છે. હળવા નાસ્તા સાથે ગરમાગરમ મસાલા ચા, કૉફી, દૂધ અને બોર્નવિટા સાથે ડાંગી અને ગુજરાતી ભોજનનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

ઉત્તર અને દક્ષિણ ડાંગ વન વિભાગના માર્ગદર્શન હેઠળ જુદી જુદી રેન્જમાં આવેલી આ કેમ્પ સાઈટ્સનુ સંચાલન 'વન વિકાસ પરિસરીય મંડળી' ને સોંપી સ્થાનિક ગ્રામજનોને રોજગારીની તક પૂરી પાડવામાં આવી છે.

ભોજન અને નિવાસ સાથે વનકેડી પર પરિભ્રમણના શોખીનો માટે એડવેન્ચર એક્ટિવિટી સાથે જંગલ ટ્રેલ, પર્યાવરણ શિબિર, બર્ડ વોચિંગ, બોટની ફેસ્ટ, સ્થાનિક સાંસ્કૃતિક કાર્યક્રમો અને કેમ્પ ફાયર જેવી વધારાની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પર્યટકો આ કિલાદ માટે : www.kiladcampsite.com, Devinamal : www.devinamalcampsite.com,

મહાલ માટે : www.mahalcampsite.com અને ડાંગ ઈકો ટુરિઝમ : www.dangecotourism.com.

સાઈટ્સ ઉપર ક્લિક કરીને પહોંચી શકે તે વિશેની જાણકારી મેળવી શકે છે. તેના પરથી જુદી-જુદી પસંદગીના વિકલ્પો સાથે ઘણીબધી જાણકારીઓ મળી રહેશે. ●

# આણંદનો ઋતુરાજ ભૂમિદળમાં બન્યો 'જજ ઍડવોકેટ જનરલ ઑફિસર'

આણંદના ૨૩ વર્ષીય યુવાન ઋતુરાજ પરમારે ભારતીય સશસ્ત્ર સીમા દળ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા ઉચ્ચ ગુણાંકે પાસ કરીને, જ્યાં ગુજરાતીઓ ભાગ્યે જ જોવા મળે છે તે જજ ઍડ્વોકેટ જનરલની પ્રતિષ્ઠિત જગ્યા પર ઉત્તીર્ણ થઈ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ઋતુરાજની સિદ્ધિને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ બિરદાવી છે. માહિતી નિયામક શ્રી ધીરજ પારેખે પણ ઋતુરાજને અભિનંદન આપ્યા હતા.

ઋતુરાજે ચેન્નાઈમાં એક વર્ષની તાલીમ પૂર્ણ કરી લીધી છે અને હવે આ પદ માટે અનિવાર્ય એવી, દેશના સૌ સૈનિકની જેમ જ ઋતુરાજ હાલ જમ્મુ ખાતે ફરજ બજાવી રહ્યા છે. આ સેવા પૂર્ણ થતાં ઋતુરાજ જજ ઍડ્વોકેટ જનરલ ઑફિસરનો પદભાર વિધિવત્ સંભાળશે.



જજ એડ્વોકેટ જનરલ ઑફિસર માટે આવી આકરી તાલીમનો આશય એ હોય છે કે જ્યારે મળેલ પદ પર ફરજ બજાવવાની આવે ત્યારે વિપરિત પરિસ્થિતિઓ વચ્ચે કામ કરતા ભારતીય સૈનિકોના માનસિક અને શારીરિક સ્તરને સમજીને તે અધિકારી નિર્ણય લઈ શકે. બહુ ઓછા ઉમેદવારોને એની જાણકારી હોય છે કે, ભારતીય સશસ્ત્ર સીમા દળ દ્વારા ભારતીય સેનામાં જજ ઍડ્વોકેટ જનરલ ઑફિસર માટે પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં કાયદાની ડિગ્રી તથા CLATની પરીક્ષા પાસ ઉમેદવારો અરજી કરી શકતા હોય છે. આ બંને લાયકાત ધરાવતા તથા કૉલેજકાળે NCC પણ કરી ચૂકેલા ઋતુરાજે આ પરીક્ષા પાસ કરીને, દેશમાંથી પસંદ થયેલા માત્ર પાંચ ઉમેદવારો પૈકી એક માત્ર ગુજરાતી હોવાનું બહુમાન મેળવ્યું છે, તે એક જ્વલંત સિદ્ધિ છે.

ઋતુરાજે આ સફળતાનો યશ પોતાના પરિવારજનોને આપી, વિશેષ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા પરિવારના રાજુદાદા (નિવૃત્ત એડિશનલ ક્લેક્ટર આર. કે. પરમાર)નો વિશેષ આભાર માન્યો હતો.

ઋતુરાજની ઝળહળતી સફળતા સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા હજારો-લાખો ઉમેદવારો માટે પણ પ્રેરણારૂપ છે. ●

# ગરવી ગુજરાત ભવન ખાતે ODOP વૉલનું ઉદ્ઘાટન

વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ (ODOP) પ્રોગ્રામ એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT - ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રોત્સાહન માટેનો વિભાગ) હેઠળની એક પહેલ છે. આ પ્રોગ્રામે ગુજરાતની સ્વદેશી હસ્તકલા અને તેના કારીગરોને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્હીમાં ગુજરાત સરકાર સાથે તેનો પ્રથમ સહયોગ જાહેર કર્યો છે. DPIITના સંયુક્ત સચિવ શ્રીમતી મનમીત નંદા તેમજ રેસિડેન્ટ કમિશનર અને ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ (આર્થિક બાબતો) શ્રીમતી આરતી કંવરે સંયુક્ત રીતે ગરવી ગુજરાત ભવન ખાતે ODOP વૉલનું ઉદ્ઘાટન કર્યું.

ODOP પહેલનો ઉદ્દેશ્ય દેશના તમામ જિલ્લાઓમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપીને દેશ અને તેના લોકોને આત્મનિર્ભર બનાવવા માટેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવાનો છે. આ કાર્યક્રમ દરેક જિલ્લામાંથી એક અનન્ય ઉત્પાદન પસંદ કરે છે, તેને બ્રાન્ડ બનાવે છે અને તેનો પ્રચાર કરે છે.



ગુજરાતે તેના ૩૩ જિલ્લાઓ સાથે, રાજ્યભરમાં વિવિધ પ્રોડક્ટ્સ માટે વિશાળ ભૌગોલિક કવરેજ અને અપાર સંભાવનાઓ ધરાવે છે. ODOP-ગુજરાત ટીમ પાસે ૬૮ યુનિક પ્રોડક્ટ્સનું એક સમૃદ્ધ કલેક્શન છે, જેમાં ગામઠી બ્લોક પ્રિન્ટ અને માતાની પછેડી જેવી પરંપરાગત હસ્તકલાથી માંડીને મગફળી અને જીરું જેવા કૃષિ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

આ મહત્ત્વપૂર્ણ સહયોગ દ્વારા ODOPએ ગુજરાત સરકાર સાથે પ્રોડક્ટ ટેગિંગ અને સ્ટોરી કાર્ડ્સના અમલીકરણ માટે ભાગીદારી કરી છે, જે ગુજરાતની યુનિક પ્રોડક્ટ્સની ઓળખ અને પ્રચારમાં વધારો કરે છે. આ સહયોગનો હેતુ ગ્રાહકોને આકર્ષિત કરવાનો, વેચાણમાં વધારો કરવાનો અને ગુજરાતની પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવાનો છે. ગરવી ગુજરાત ભવને ગુજરાતની હસ્તકલાને વધુ સારી રીતે પ્રદર્શિત કરવા માટે તેના આંતરિક ભાગમાં ODOP પ્રોડક્ટ્સને સંકલિત કર્યા છે.●

## હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેતાં શ્રીમતી સુનિતા અગ્રવાલ






ગાંધીનગરમાં રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રીમતી સુનિતા અગ્રવાલને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, કાયદા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી અને મંચસ્થ મહાનુભાવોએ મુખ્ય ન્યાયાધીશ શ્રીમતી સુનિતા અગ્રવાલને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યાં હતાં.

રાજભવનના પ્રાંગણમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં પ્રોટોકોલ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ગુજરાતના લોકાયુક્ત જસ્ટિસ શ્રી આર. એચ. શુક્લ, રાજ્યના વિજિલન્સ કમિશનર શ્રીમતી સંગીતાસિંઘ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## પ્રાકૃતિક કૃષિ અંગે રાજ્યપાલશ્રીનો ૩.૫૦ લાખ ખેડૂતો - શિક્ષકો સાથે સંવાદ

પ્રાકૃતિક ખેતી જમીન અને શરીર માટે આવશ્યક છે. રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત પણ રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે માર્ગદર્શન - પ્રોત્સાહન આપી રહ્યા છે. તાજેતરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બાયસેગના માધ્યમથી રાજ્યભરના ૩,૫૦,૦૦૦થી વધુ ખેડૂતો, શિક્ષકો, ગામડે-ગામડે તાલીમ આપી રહેલા ખેડૂત માસ્ટર ટ્રેનર્સ, ટેકનિકલ માસ્ટર ટ્રેનર્સ અને આત્મા-કૃષિ વિભાગના કર્મચારીઓ સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કર્યો હતો.





રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ પ્રગતિ, સમૃદ્ધિ, વિકાસ અને ઉન્નતિનો માર્ગ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર કરવા ખેડૂતે પણ આત્મનિર્ભર બનવું પડશે. પ્રાકૃતિક ખેતી આત્મનિર્ભર ખેતી છે. આ માટે ખેડૂતને રાસાયણિક ખાતરો કે કીટનાશકની જરૂર નથી. તમામ સંશાધનો ખેડૂતના ઘરમાં જ છે. ખેડૂત અને ખેતી આત્મનિર્ભર થશે તો ભારત આત્મનિર્ભર થશે. પ્રાકૃતિક ખેતી ઝેરમુક્ત ખેતી છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારના શિક્ષકો કે જેઓ શિક્ષણની સાથોસાથ ખેતી સાથે પણ જોડાયેલા છે, એમને વિશેષ આગ્રહ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, કુરુક્ષેત્રમાં મારા ૨૦૦ એકરના ખેતરમાં આઠ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરું છું. હું સફળતાપૂર્વક તેના લાભો લઈ રહ્યો છું અને પછી જ અન્ય લોકોને કહી રહ્યો છું. તેમણે પોતાના અંગત અનુભવો વર્ણવીને ખેડૂતોને-શિક્ષકોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિના મૂળભૂત સિદ્ધાંતો સમજાવ્યા હતા.

વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે રાજ્ય સરકાર ગામડે-ગામડે જઈને ખેડૂતોને તેમના ઘર આંગણે વિનામૂલ્યે તાલીમ આપે છે. યોગ્ય રીતે પદ્ધતિ સમજીને આ ખરીફ મોસમમાં જ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. પરિસંવાદમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, સંયુક્ત સચિવ શ્રી પી. ડી. પલસાણા, 'આત્મા'ના નિયામક શ્રી પી.એસ. રબારી ઉપરાંત અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ‘દફ્તર વિદ્યાના ક્ષેત્ર’માં ડિપ્લોમા કોર્સ શરૂ કરાયો

યુવાનોને વધુને વધુ રોજગારી ઉપલબ્ધ થાય તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધુ એક નવતર પહેલ કરવામાં આવી છે. ઈતિહાસ વિષય સાથે સ્નાતક વિદ્યાર્થીઓ માટે ‘દફતર વિદ્યાના ક્ષેત્ર’માં PG ડિપ્લોમા તેમજ અનુસ્નાતક કક્ષાનો નવો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી ખાતે શરૂ કરાયેલા આ કોર્સમાં ડિપ્લોમા અને અનુસ્નાતકની ડિગ્રી પણ આપવામાં આવશે. જેના પરિણામે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે રોજગારીની નવી દિશા ખૂલશે તેમ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ કોર્સની મહત્તા અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્યની અભિલેખાગાર કચેરીના નિયામક અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે જ તાલીમના ભાગરૂપે અભિલેખાગાર કચેરીઓમાં સ્ટાઈપેન્ડ સાથે તાલીમ પણ આપવામાં આવશે. આ કોર્સમાં જોડાનાર એસ.સી., એસ.ટી., ઓ.બી.સી, પી.ડબલ્યુ.ડી, ઈ.ડબલ્યુ.એસ. અને વિદ્યાર્થિનીઓને સરકારના નિયમ મુજબ સ્કોલરશિપ મળવાપાત્ર થશે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યના દફતર વિભાગ દ્વારા ‘દફતર વિદ્યાના ક્ષેત્ર'માં અનુસ્નાતક કક્ષાનો નવો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે કહ્યું હતું કે, આ કોર્સમાં ઈતિહાસ વિષય સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા હાલ ચાલુ હોવાથી પ્રવેશ માટે www.kaushalyaskilluniversity.ac.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ●

## ગાંધીનગરમાં નવનિર્મિત 'વન વિશ્રામ ગૃહ'નું લોકાર્પણ



ગાંધીનગર સ્થિત વનચેતના કેન્દ્રમાં વન વિભાગ દ્વારા નવનિર્મિત 'વન વિશ્રામ ગૃહ'નું વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના હસ્તે તથા રાજયકક્ષાના વન પર્યાવરણ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૪૧૫.૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલા નવીન વિશ્રામગૃહના બે માળમાં કુલ ૧૨ રૂમ તથા ૧ ભોજન કક્ષ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં વાતાનુકૂલ સાથે અન્ય તમામ અત્યાધુનિક સગવડો પણ ઊભી કરાઈ છે. ગાંધીનગર ખાતે થતા વિવિધ સેમિનાર, કૉન્ફરન્સ, તાલીમ કાર્યક્રમો, રિસર્ચ અર્થે આવતા નિષ્ણાતો તથા બેઠક અર્થે આવતા વન વિભાગના અધિકારીશ્રીઓ તથા પાટનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં આમંત્રિત પદાધિકારીઓ, મહેમાનોના રોકાણની સુવિધા અર્થે આ વિશ્રામગૃહનું નિર્માણ કરાયું છે. આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, મુખ્ય વન સંરક્ષકશ્રી શ્રી એસ. કે. ચતુર્વેદી, મુખ્ય વન સંરક્ષક શ્રી સંદિપ કુમાર, વિકાસ અને વ્યવસ્થાના અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી સિંઘ, ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષકશ્રી ચંદ્રેશકુમાર તથા વન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ ગુજરાત પોલીસ આવાસ નિગમ લિમિટેડના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## અમદાવાદમાં સેન્ટર ઓફ એક્સેલન્સ અને ITIનું લોકાર્પણ



અમદાવાદનાં કુબેરનગરમાં ITIનું ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે લોકાર્પણ કર્યું હતું. આ અવસરે મંત્રીશ્રીએ પીડિલાઈટ અને નોકિયા નિર્મિત સેન્ટર ઓફ એક્સેલન્સનું પણ લોકાર્પણ કર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં રૂ.૨૮.૪૬ કરોડના ખર્ચે નિર્મિત કુબેરનગર ITIમાં વિદ્યાર્થીઓ માટે ૪૫ વર્કશોપ, ૩૫ થિયરી રૂમ સહિત વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૫ મેગા ITI સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કુબેરનગર ITIનો સમાવેશ થાય છે. રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ ડિજિટલ ઇન્ડિયા અને સ્કિલ ઇન્ડિયા અંતર્ગત કુબેરનગર ITI વિશ્વની શ્રેષ્ઠ આઇ.ટી.આઇ.માં સ્થાન પામશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ટેલિકોમ સેક્ટર કંપની નોકિયા દ્વારા રાજ્ય સરકાર સાથે ૫ મેગા આઇ.ટી.આઇ.માં સહભાગી થવા માટેના MOU કરવામાં આવ્યા હતા.

આ અવસરે શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. અંજુ શર્મા, કૌશલ્ય વિકાસના નિયામક શ્રી અનુપમ આનંદ, ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણી તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## સિંગવડ તાલુકા સેવાસદનનું ખાતમુહૂર્ત



રાજ્ય સરકાર દ્વારા જનહિતાર્થે અનેક યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવી છે. દાહોદના સિંગવડ તાલુકા મથકે રૂ.૭૩૮ લાખના ખર્ચે અત્યાધુનિક તાલુકા સેવાસદનનું ખાતમુહૂર્ત આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિંગવડ તાલુકાના પ્રજાજનોની સુખાકારી માટે નવીન અત્યાધુનિક તાલુકા સેવાસદન નિર્માણ થવાથી તાલુકાવાસીઓને ઘરઆંગણે માળખાકીય સુવિધા મળી રહેશે. આ પ્રસંગે પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, ધારાસભ્યો સર્વશ્રી શૈલેષભાઈ ભાભોર, મહેશભાઇ ભૂરિયા, રમેશભાઈ કટારા તેમજ પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## જૂનાગઢની ૨૧ આંગણવાડીનું લોકાર્પણ અને સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત



જૂનાગઢના કેશોદમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ ૨૧ આંગણવાડી કેન્દ્રનું ઈ-લોકાર્પણ તથા જૂનાગઢમાં રૂ. ૪૮.૬૯ લાખના ખર્ચે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત કર્યું હતું. ઉપરાંત તેઓ શ્રી અન્ન મિલેટ્સ વાનગી સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યાં હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોના પોષણની સાથે ધાત્રી માતા અને કિશોરીઓના પોષણ માટે પણ એટલી જ કાળજી લેવી જરૂરી છે. હિંસાથી પીડિત અને નિરાધાર બહેનોને કાયદાકીય સહિતની મદદ મળી રહે તે માટે સખી વન સ્ટોપ સેન્ટરની યોજના શરૂ કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની શ્રી અન્ન મિલેટ્સ વાનગી સ્પર્ધામાં મિલેટ્સમાંથી પોષણક્ષમ અને સ્વાદિષ્ટ વાનગી બનાવનાર આંગણવાડી બહેનોને મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર અને મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ વૈશ્વિક મોડેલ બની શકે'



વિદ્યા સમીક્ષા કેન્દ્ર સરકારની એક અગ્રણી પહેલ છે અને રિઅલ-ટાઈમ ઑનલાઇન ડેટા આધારિત શિક્ષણ વ્યવસ્થાપનનો એક ભાગ છે. જેની મુલાકાત તાજેતરમાં વર્લ્ડ બેંક ગ્રૂપના પ્રમુખ શ્રી અજય બાંગા અને યુનાઈટેડ સ્ટેટ્સના સેક્રેટરી શ્રીમતી જેનેટ યેલેને લીધી હતી. આ કેન્દ્રમાં તેઓએ ઑનલાઇન એટેન્ડન્સ, ઑનલાઈન એસેસમેન્ટ અને એક્રેડિટેશનની વિગતો જાણવા ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે વાતચીત કરી હતી.

વર્લ્ડ બેંકના પ્રમુખ શ્રી અજય બાંગાએ જણાવ્યું હતું કે, ગુજરાત સ્માર્ટ ક્લાસ રૂમ્સ બનાવાઈ રહ્યા છે. શિક્ષણને ઉત્કૃષ્ટ બનાવવા ડેટા-ટ્રેકિંગ, વિશ્લેષણ આધારિત નિર્ણયો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવું કેન્દ્ર દેશના અન્ય ભાગોમાં જ નહીં પરંતુ વિશ્વમાં એક મોડેલ તરીકે વિકસાવવાની જરૂર છે. આ જોતાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર વિશ્વસ્તરે એક અનુકરણીય મોડલ છે.

શ્રી અજય બાંગાએ પણ GOAL પ્રોજેક્ટને પ્રેરણાદાયી ગણાવ્યો હતો અને દુનિયાનાં અન્ય દેશો અને રાજ્યોમાં પણ આ પ્રકારના પ્રોજેક્ટનું અમલીકરણ કરવા માટે વર્લ્ડ બેંક સહાય કરશે તેમ જણાવ્યું હતું.

અમેરિકાનાં નાણાં મંત્રી શ્રી યેલેને જણાવ્યું હતું કે, ગરીબીને નાબૂદ કરવા અને વિકાસને ઉત્તેજન આપવા માટે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું મુખ્ય બાબત છે. વર્લ્ડ બેંક અને અન્ય સહયોગી સંસ્થાઓ સ્માર્ટ રીતે ડિઝાઈન કરાયેલા પ્રોજેક્ટ્સમાંથી શ્રેષ્ઠ શું આપી શકાય અને વધુ નવીનતાઓને પ્રોત્સાહન આપવા પર ધ્યાન આપે છે.

આ મહાનુભાવો દ્વારા ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારની નવા નદીસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ સાથે વીડિયો કૉન્ફરન્સથી વાત કરી વિદ્યા સમીક્ષા કેન્દ્રથી રાજ્યના શાળા શિક્ષણમાં થયેલ આમૂલ પરિવર્તન માટે બોરીજ પ્રાથમિક શાળા, ગાંધીનગર અને ભાડજ પ્રાથમિક શાળા, અમદાવાદના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને SMC (સ્કૂલ મૅનેજમૅન્ટ કમિટી) મેમ્બર સાથે સીધો સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તેમજ નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા સહિત વર્લ્ડ બેન્કનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## કુશળ - સશક્ત માનવબળ માટે કૌશલ્યા યુનિ.ના MOU

રાજ્યના કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી અને અગ્રગણ્ય ઔદ્યોગિક એકમો વચ્ચે ગાંધીનગર ખાતે એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર રાજ્યના ઔદ્યોગિક એકમોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી, તેમની સાથે રહી તેમની જરૂરિયાત મુજબનું માનવબળ તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ છે. વિવિધ ઔદ્યોગિક એકમો સાથે એમ.ઓ.યુ. કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતમાં કૌશલ્ય આધારિત શિક્ષણ, કૌશલ્ય વિકાસ, રિસ્કિલિંગ, અપસ્કિલિંગ અને સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે. આગામી સમયમાં કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી અને ઉદ્યોગગૃહો સાથે મળીને કુશળ અને સશક્ત કાર્યબળને ઉત્તેજન આપીને ગુજરાતના આર્થિક વિકાસમાં યોગદાન આપશે.

આ સમારોહ દરમિયાન કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા એમ.જી. મોટર્સ ઇન્ડિયા પ્રાઈવેટ લી., જે.સી.બી. ઇન્ડિયા લી., C૪૪(સમર્થ ઉદ્યોગ ટૅકનોલોજી ફોરમ), ગોલ્ડી સોલાર પ્રાઈવેટ લી., એસ.આર.કે. નોલેજ ફાઉન્ડેશન, સાણંદ ઇન્ડસ્ટ્રિયલ એસોસિએશન, સુરત જ્વેલરી મેન્યૂફેકચર ઍસોસિયેશન તેમજ સ્ટોન આર્ટીસન પાર્ક તાલીમ સંસ્થા સાથે તેમના કાર્યક્ષેત્રમાં વાર્ષિક ૨,૩૦૦ જેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવા અંગે MoU કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, કૌશલ્ય વિકાસ નિયામક શ્રી અનુપમ આનંદ, રોજગાર અને તાલીમ નિયામક શ્રી ગાર્ગી જૈન, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતીના નિયામક શ્રી પી. એમ. શાહ, વેલ્ફેર કમિશનર શ્રીમતી રીતુસિંઘ તેમજ નામાંકિત ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## રાજકોટમાં વરસાદમાં ફસાયેલા ૪૯ લોકોને બચાવાયા



રાજકોટ જિલ્લામાં થોડા દિવસ પહેલાં થયેલા ભારે વરસાદને પગલે તંત્ર દ્વારા નદી કિનારાના લોકોને બચાવવામાં આવ્યા હતા. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી અને ગોંડલ તાલુકાનાં ગામોના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. વધુ વરસાદને કારણે કોટડાસાંગાણીના કરમાળ ડેમના દરવાજા ખોલાતાં ઈશ્વરિયા ગામની નદી બે કાંઠે વહેવા લાગી હતી. જેના લીધે નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની સરાહનીય કામગીરી તંત્ર તેમજ એન.ડી,આર.એફ.ની ટીમ દ્વારા કરાઈ હતી. આ સાથે મંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારમાં ઉપસ્થિત રહીને સમગ્ર પરિસ્થિતિનો ક્યાસ મેળવ્યો હતો. ગ્રામજનો સાથે વાતચીત કરીને તેમણે જરૂરી તમામ મદદની ખાતરી આપી અસરગ્રસ્તોને સાંત્વના પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, કોટડાસાંગાણીના કરમાળ અને પીપળીયા ગામેથી ૨૫ લોકોને અને ગોંડલના બિલડી અને કમઢીયા ગામેથી ૨૪ મળી કુલ ૪૯ લોકોનો બચાવ કરાયો હતો. ●

## આદિજાતિ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોચિંગ સહાય

રાજ્યના આદિજાતિ સ્નાતક યુવક-યુવતીઓ ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC વર્ગ ૧-૨ની સ્પર્ધાત્મક પરીક્ષા પાર કરીને ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા પરીક્ષાના કોચિંગ-તાલીમ સહાય પેટે પ્રતિ વિદ્યાર્થી દીઠ એકવાર રૂ. ૨૦ હજારની રકમ આપવામાં આવશે. આ કોચિંગ સહાયનો લાભ લેવા માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ આગામી તા.૧૭ ઑગસ્ટ, ૨૦૨૩ સુધીમાં ડી-સેગના પોર્ટલ DSAGSAHAY.GUJARAT.GOV.IN પર ઓનલાઈન અરજી-નોંધણી કરવાની રહેશે.

અનુસૂચિત જનજાતિના સ્નાતકની તથા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ્ડ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર-(ડી.બી.ટી.) યોજના મારફતે વિદ્યાર્થીદીઠ એકવાર રૂ.૨૦ હજાર અથવા વાસ્તવિક કોચિંગ ફી પૈકી જે ઓછું હોય તે રકમ સીધી ખાતામાં જમા કરવામાં આવશે. અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબની સંપૂર્ણ વિગત ઓનલાઈન ભરવાની રહેશે, તેમજ પોર્ટલ પર પ્રમાણપત્રો ઓનલાઈન અપલોડ કરવાનાં રહેશે. જરૂરી વિગતો 'સબમિટ' કર્યા બાદ અરજદારના મોબાઈલ ઉપર એમ.એમ.એસ. દ્વારા રજિસ્ટ્રેશન નંબર જનરેટ થયા બાદ અરજી સબમિટ થયેલી ગણાશે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓના પ્રાયોજના કચેરી દ્વારા તથા આદિજાતિ જિલ્લાઓ સિવાયના જિલ્લાઓની અરજીઓ વડી કચેરી દ્વારા નિયમ મુજબ મંજૂર કરવામાં આવશે. ●

# ગુજરાત ક્વિઝ કોર્નર

ધવલ શાહ

**ગુજરાત ક્વિઝ કોર્નરમાં ગુજરાત પાક્ષિકના વર્તમાન અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ ઉપરાંત આપના સામાન્ય જ્ઞાનની અભિરુચિને પ્રેરે તેવા સવાલો આપવામાં આવ્યા છે. આ સવાલોના જવાબ તમને તેના વિકલ્પોમાંથી મળી રહેશે. તો વિચાર શું કરો છો, ઉઠાવો કલમ અને સાચા જવાબ પર ટીક કરો.**

**૧) ગુજરાતમાં પ્રથમ U-૨૦ મેમોરિયલ પાર્ક ક્યાં નિર્માણ પામશે?**

અ) ગાંધીનગર બ) અમદાવાદ
ક) વડોદરા ડ) સુરત

**૨) G-૨૦ અંતર્ગત ત્રીજી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપની બેઠક ક્યાં યોજાઈ હતી?**

અ) મહાત્મા મંદિર, ગાંધીનગર બ) રિવરફ્રન્ટ, અમદાવાદ
ક) કેવડિયા ડ) ધોરડો

**૩) ગુજરાતમાં પી.એમ. મિત્ર પાર્ક ક્યાં નિર્માણ પામશે?**

અ) વાંસીબોરસી, નવસારી બ) વરાછા, સુરત
ક) બાવળા ડ) માંડવી, કચ્છ

**૪) દેશનાં કેટલાં રાજ્યોમાં પી.એમ. મિત્ર પાર્ક સ્થપાશે?**

અ) દસ બ) પંદર
ક) નવ ડ) સાત

**૫) સહકારી સંસ્થા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલ ક્યાં નિર્માણ પામશે?**

અ) સુરત બ) સાબરકાંઠા
ક) અમદાવાદ ડ) મહેસાણા

**૬) 'અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના' પ્રાયોગિક ધોરણે શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય કયું છે?**

અ) ઉત્તરપ્રદેશ બ) મહારાષ્ટ્ર
ક) ગુજરાત ડ) રાજસ્થાન

**૭) 'રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭'નો કયા રાજ્યથી પ્રારંભ કરવામાં આવ્યો હતો?**

અ) ઉત્તરપ્રદેશ બ) બિહાર
ક) ગુજરાત ડ) મધ્યપ્રદેશ

**૮) ગુજરાતનું પ્રથમ એગ્રો રેડિએશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ ક્યાં સ્થાપવામાં આવ્યું છે?**

અ) બાવળા બ) બગોદરા
ક) ધોળકા ડ) વડનગર

**૯) 'મિષ્ટી પ્રોજેક્ટ' શાની સાથે સંબંધિત છે?**

અ) સૂર્યમુખીની ખેતી બ) મેન્ગ્રુવનું વાવેતર
ક) ઈસબગુલનું વાવેતર ડ) વરિયાળીની ખેતી

**૧૦) વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ક્યારે ઊજવવામાં આવે છે?**

અ) ૧૫ જુલાઈ બ) ૧૮ જુલાઈ
ક) ૪ જુલાઈ ડ) ૨૩ જુલાઈ

**૧૧) વિશ્વ યુવા કૌશલ્ય દિવસ-૨૦૨૩ની થીમ કઈ છે ?**

અ) Skills for the Future of Work
બ) Learning to learn for life and work
ક) Remerging youth skills
ડ) Skilling teachers trainers and youth for a transformative future.

**૧૨) વિશ્વનું સૌથી મોટું મેરીટાઈમ મ્યુઝિયમ ક્યાં બનશે?**

અ) દાંડી બ) ઉદવાડા
ક) લોથલ ડ) માંડવી

**૧૩) નિનાઈ ધોધ ક્યાં આવેલો છે?**

અ) ધરમપુર બ) ઉમરપાડા
ક) ડેડિયાપાડા ડ) સાપુતારા

**૧૪) હુડો શું છે?**

અ) નૃત્યનો પ્રકાર બ) સંગીત વાદ્ય
ક) ચિત્રકળા ડ) વિશિષ્ટ પ્રકારનું ભરતગૂંથણ

**૧૫) ગુજરાતનું કયું શહેર મહેલોના શહેર તરીકે ઓળખાય છે?**

અ) જૂનાગઢ બ) સુરત
ક) અમદાવાદ ડ) વડોદરા

(જવાબ : ૧-બ, ૨-ક, ૩-અ, ૪-ડ, ૫-ડ, ૬-ક, ૭-ડ, ૮-અ, ૯-બ, ૧૦-અ, ૧૧-ડ, ૧૨-ક, ૧૩-ક, ૧૪-અ, ૧૫-ડ,)



# કન્જક્ટિવાઈટિસ

## સામે સાવચેતીનાં પગલાં



### લક્ષણો

- આંખમાં લાલાશ જણાય
- આંખમાં ખંજવાળ આવવી
- આંખમાંથી સતત પાણી પડવું
- આંખમાં દુ:ખાવો થવો
- આંખનાં પોપચાં ચોંટી જવા

### આંખ આવવાનાં કારણો

- છીંક/ખાંસી દ્વારા ચેપ લાગવાથી
- ચેપી વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી
- ચેપી વ્યક્તિની વસ્તુ વાપરવાથી
- ધૂળ–રજકણ, ફૂલનાં પરાગરજ દ્વારા

### શું કરવું?

- હાથ અને મોં ચોખ્ખાં રાખવાં અને સમયાંતરે સાબુથી સાફ કરવા
- ચેપી વ્યક્તિએ નજીકના તબીબ પાસે જઈને સારવાર કરાવવી
- ડોક્ટરે દર્શાવેલ ટીપાં નાખતાં પહેલાં અને પછી સાબુથી હાથ ધોવા
- ચેપી વ્યક્તિએ હાથ રૂમાલ, નાહવાનો ટુવાલ તથા વ્યક્તિગત વપરાશની તમામ ચીજો અલગ રાખવી
- ચેપી વ્યક્તિએ આંખોના રક્ષણ માટે ચશ્માં અવશ્ય પહેરવાં
- ચેપી વ્યક્તિએ ગભરાયા વગર તબીબના માર્ગદર્શન હેઠળ સારવાર ચાલુ રાખવી અને જરૂરી સૂચનાઓનું પાલન કરવું

### શું ના કરવું?

- ભીડ–ભાડ વાળી જગ્યાઓ જેવી કે હોટેલ, હોસ્ટેલ, મેળાવડા, થીયેટર, એસ.ટી.સ્ટેન્ડ, મોલ જેવાં સ્થળોએ જવાનું ટાળવું
- વારંવાર આંખને સ્પર્શ ના કરવી
- ચેપી વ્યક્તિની ચીજવસ્તુઓથી દૂર રહેવું
- ચેપી વ્યક્તિએ મેડિકલ સ્ટોરમાંથી જાતે કોઈપણ દવાના ટીપાં લઈ આંખમાં નાખવા નહિ
- કોઈપણ બાળકને આંખમા કન્જક્ટિવાઈટિસની અસર જણાય તો વાયરસ વધુ ન ફેલાય તે માટે બાળકને શાળાએ ન મોકલવું હિતાવહ છે

**વાઈરલ કન્જક્ટિવાઈટિસના દર્દીઓએ સારવાર અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સામુહિક આરોગ્ય કેન્દ્ર/ સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ/જિલ્લા કક્ષાની હોસ્પિટલ તથા મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે અચુક મુલાકાત લેવી**



# વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા...

**Published on Date : 01-08-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦